MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૮-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૩૫ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૮૭ નવા કેસ, ૧૭૦ લોકોના મોત

લોકડાઉન-૫ની નોબત લાવી શકે છે કોરોનાના વધતા જતા કેસો...!

કોરોનાના કુલ કેસ ૧,૫૧,૭૬૭,મૃત્યુઆંક ૪૩૩૭,બીમારીમાંથી ૬૪,૪૨૬ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ થયા,રિકવરી રેટ ૪૨.૪૫ ટકાએ પહોંચ્યો,લોકડાઉન-૪ની મુદત આડે ૪ દિવસ બાકી, કેસોમાં નથી કોઇ બાદબાકી

ન્યુ દિલ્હી

ભારતમાં હાલમાં કોરોના મહામારીનો સામનો કરવા લોકડાઇન -૪નો તબક્કો ચાલી રહ્યો છે. જે ૩૧ મે સુધી છે. એક રીતે જોતા લોકડાઉન-૪ની સમય મર્યાદા પૂરી થવામાં છે છતાં કોરોનાના કેસોમાં કોઇ નોંધપાત્ર ઘટાડો થવાને બદલે છેલ્લાં કેટલાય દિવસોથી રોજેરોજ ૬ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે. અને કેસોની સંખ્યા દોઢલાખ સુધી પહોંચી ગઇ છે. જે જોતાં એવી અટકળો થઇ રહી છે કે સરકાર લોકડાઉન-૫નો નિર્ણય કરે તો નવાઇ નહીં. કેટલાક રાજ્યોએ લોકડાઉન ચાલુ રાખીને વધારે છૂટછાટો આપવાની માંગ કરી છે તો કેટલાકે લોકડાઉન દૂર કરવાનો મત વ્યક્ત કર્યો છે. દરમ્યાનમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૬૩૮૭ નવા કેસ સામે આવ્યા, અને ૧૭૦ લોકોના મોત નેંધાયા છે. લોકડાઉન-૪ આખરી હશે કે લોકડાઉન-૫ પણ અમલમાં મૂકાશે કે કેમ તેની અટકળો વચ્ચે પીએમઓ હાલમાં ચીન અને નેપાલ દ્વારા સરહદે ઉભી કરેલી તંગદીલીનો સામનો કરવાની રણનીતિમાં વ્યસ્ત છે. અને એક-બે દિવસમાં જ લોકડાઉન-૫ અંગેનો નિર્ણય લેવાશે.

એક અહેવાલ પ્રમાણે, દેશભરમાં ૧,૫૧,૯૭૩ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને ૪,૩૪૬ લોકોના મોત થયા છે. સાથે જ ૬૪,૨૭૭ લોકો સારવાર બાદ સાજા થયા છે. બીજી તરફ દેશભરમાં મહારાષ્ટ્ર ૫૪,૭૫૮ સંક્રમિતો સાથે પહેલા ક્રમે છે જ્યાં ૧,૭૯૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. તમિલનાડુ ૧૭,૭૨૮ સંક્રમિતો સાથે બીજા ક્રમે છે જ્યાં ૧૨૮ લોકોના મોત થયા છે. ગુજરાત ૧૪,૮૨૯ દર્દીઓ સાથે ત્રીજા નંબરે છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે જાહેર કર્યું હતુ કે, છેલ્લા ૨૪ કલાકમાં ૬,૩૮૭ નવા કેસ સામે આવ્યા છે અને ૧૭૦ લોકોના મોત થયા છે. સાથે જ અત્યાર સુધી ૪,૩૩૭ લોકોના મોત થયા છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે લોકડાઉનના કારણે જે લોકો પર માઠી અસર પડી તેવા લોકોના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવાની માંગ કરી છે. સાથે જ રાજયમાં સંક્રમણને નિયંત્રિત કરવા માટે અત્યાર સુધી કરવામાં આવેલા પ્રયાસો અને તેના પરિણામોનો અભ્યાસ કરવાના આદેશ આપ્યા છે.

દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમા ૭૯૨ નવા દર્દી મળી આવ્યા છે તો આસામના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, બુધવારે રાજયમાં ૪ નવા પોઝિટિવ કેસ મળ્યા છે. બિહારમાં કોરોના દર્દીઓનો આંકડો ૩ હજારને પાર થયો છે. ઓરિસ્સામાં બુધવારે ૭૬ કેસ સામે આવ્યા હતા. આ સાથે જ રાજયમાં કુલ સંક્રમિત દર્દી ૧૫૯૩ થઈ ગયા છે. મહારાષ્ટ્રમાં કુલ કેસ ૫૪૭૫૮ છે અને ૧૭૯૨ લોકોના મોત થયા છે તો તામીલનાડુમાં ૧૭૦૦૦થી વધુ કેસ નોંધાયા છે અને ૧૨૭ના મોત થયા છે. મહારાષ્ટ્ર અને તામિલનાડુ બાદ ગુજરાતમાં સંક્રમણ ઝડપથી ફેલાય રહ્યુ છે. કુલ દર્દીઓની સંખ્યા ૧૪૮૨૧ની થઈ છે અને ૯૧૫ના મોત થયા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં પણ સંક્રમણ વધી રહ્યુ છે. રાજસ્થાનમાં ૭૫૩૬ દર્દીઓ છે જેમાં ૧૭૦ લોકોના મોત થયા છે. મ.પ્રદેશમાં ૭૦૨૪ દર્દીઓ છે અને ૩૦૫ લોકોના મોત થયા છે. યુપીમાં ૬૫૪૮ કેસ આવ્યા છે અને ૧૭૦ના મોત થયા છે. બિહારમાં ૨૯૮૩ દર્દીઓ છે અને ૧૩ના મોત થયા છે દરમ્યાનમાં, કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ બુધવારે જણાવ્યું કે, ૩૧મે પછી અમે રાજ્યના તમામ મંદિર, મસ્જિદ અને ચર્ચ ખોલવા જઈ રહ્યા છે. અમે વડાપ્રધાન મોદી પાસે આ અંગેની મંજૂરી માંગી છે. મહારાષ્ટ્ર પોલીસે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૭૫ પોલીસકર્મીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ અત્યાર સુધી ૧૯૬૪ અધિકારી સંક્રમિત થઈ ગયા છે. જેમાં ૧૦૯૫ એક્ટિવ કેસ છે. તો બીજી તરફ ૨૦એ જીવ ગુમાવ્યા છે. ૮૪૯ રિકવર થઈ ચુક્યા છે. જમ્મુમાં મંગળવારે ૧૦ ટ્રેન યાત્રીઓ અને આજે ત્રણ વિમાન યાત્રીઓ કોરોના સંક્રમિત માલુમ પડ્યા છે.

૪૨૭ જિલ્લામાં કોરોનાનો ઓછામાં ઓછા એક દર્દી, પરંતુ અહીંયા ટેસ્ટિંગ લેબ નથી

ભારે કહેવાયઃ દેશના ૫૩૧ જિલ્લામાં કોરોનાની ટેસ્ટિંગ લેબ જ નથી...!!

મહારાષ્ટ્રના ૩૬માંથી ૨૦ અને ગુજરાતના ૩૩માંથી ૨૫ જિલ્લામાં લેબ નથી...!

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના મહામારીને રોકવા ભારતમાં લોકડાઉન-૪નો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે કોઇ દર્દીમાં કોરોનાના પોઝીટીવ લક્ષણો છે કે નહીં તેના ટેસ્ટીંગ માટેનો વિવાદ ચાલી રહ્યો છે તો બીજી બાજુ દેશમાં ૭૧૭ જિલ્લામાંથી ૪૨૭ જિલ્લા એવા છે જ્યાં ઓછોમાં ઓછા એક જ કોરોના સંક્રમિત કેસ છે. પરંતુ એક પણ ટેસ્ટિંગ લેબ નથી. જેનો અર્થ તો એ જ થયો કે જો આ જિલ્લામાં કોરોના સંક્રમિત મળે પણ છે, તો તેનો ટેસ્ટ રિપોર્ટ આવવામાં જ ટાઈમ લાગી જશે. કારણ કે તેમને આરટી-પીસીઆર ટેસ્ટ માટે સેમ્પલ અન્ય જિલ્લામાં મોકલવું પડે છે. તો બીજી તરફ ૧૦૪ જિલ્લા એવા પણ છે જ્યાં કોરોનાનો એક પણ દર્દી નથી અને એક પણ ટેસ્ટિંગ લેબ નથી....!!

સૂત્રોએ કહ્યું કે, દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧.૫ લાખની નજીક પહોંચી ગઈ છે. મોતનો આંકડો પણ ૪ હજારની પાર પહોંચી ગયો છે. કેસ વધવાનું એક કારણ ટેસ્ટિંગમાં વધારો કરવાનું પણ છે. ગત એક સપ્તાહથી દરરોજ લગભગ ૧ લાખ ટેસ્ટ કરાઈ રહ્યા છે. અને ૨૬ મે સુધી ૩૧.૨૬ લાખથી વધારે ટેસ્ટ થઈ ચુક્યા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-આઈસીએમઆરે ગત દિવસોમાં પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, હવે ટેસ્ટિંગ પર જ ભાર આપવામાં આવી રહ્યો છે. આઈસીએમઆરના જણાવ્યાં પ્રમાણે, ૨૬ મે સુધી દેશમાં આરટી-પીસીઆર માટે ૪૫૩ લેબ છે. જેમાંથી ૩૦૪ સરકારી અને ૧૪૯ ખાનગી લેબ છે. આરટી-પીસીઆર સિવાય ટ્રૂનેટ ટેસ્ટ માટે ૧૦૫ અને સીબીએનએઓટી માટે ૫૪ લેબ છે. જો કે કોરોનાની તપાસ માટે આરટી-પીસીઆર ટેસ્ટ જ સૌથી વધારે જરૂરી છે.

પરંતુ હાલ પણ દેશના ૫૩૧ જિલ્લામાં કોરોનાની તપાસ માટે આરટી-પીસીઆર ટેસ્ટિંગ લેબ જ નથી. દેશમાં ૩૭ રાજ્યોમાં ૭૩૩ જિલ્લા છે. અમારી પાસે ૭૧૭ જિલ્લાનો ડેટા છે. જેમાંથી ૧૮૬ જિલ્લા જ એવા છે, જેમાં ટેસ્ટિંગ લેબ છે. ઘણા જિલ્લામાંથી એકથી વધુ ટેસ્ટિંગ લેબ પણ છે. જેમ કે મુંબઈમાં જ આરટી-પીસીઆર માટે ૯ ટેસ્ટિંગ લેબ છે.

અ.પ્રદેશમાં ભૂસ્ખનથી એક જ પરિવારના ત્રણ લોકોના મોત

અસમ-મેઘાલયમાં પૂરનો પ્રકોપ, ૭ જિલ્લાના ૨ લાખથી વધુ લોકો પ્રભાવિત

ગુવાહાટી

અસમ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં સતત વરસી રહેલા વરસાદથી કેટલાય વિસ્તારો પૂરગ્રસ્ત થયા છે. અસમના સાત જિલ્લામાં લગભગ ૨ લાખ લોકો પ્રભાવિત થયા છે, કારણ કે, રાજ્યના અધિકાંશ ભાગમાં મંગળવારથી સતત વરસાદ વરસી રહ્યો છે. આ જ સ્થિતિ મેઘાલય અને અરુણાચલ પ્રદેશનો પણ છે.



અસમ રાજ્ય આપતિ પ્રબંધન પ્રાધિકરણ અનુસાર, ધેમાજી, લખીમપુર, દરાંગ, નલબાડી, ગોલપારા, ડિબ્રુગઢ અને તિનસુકિયાના ૧૭ વિસ્તારોમાં ૨૨૯ ગામડાઓ પૂરથી પ્રભાવિત થયા છે. આ પૂરથી ૧,૯૪,૯૧૬ લોકો પ્રભાવિત થયા છે અને તેમાંથી લગભગ ૯૦૦૦ લોકો ધેમાજી, લખીમપુર, ગોલપારા અને તિનસુકિયા જિલ્લાઓમાં સ્થાપિત ૩૫ રાહત શિબિરોમાં આશરો લીધો છે.એએસડીએમએ કહ્યું કે, પૂરને કારણે લગભગ ૧૦૦૭ હેક્ટર જમીન જલમગ્ન થઈ છે અને લગભગ ૧૬,૫૦૦ ઘરેલૂ પશુ અને મરઘાઓ પ્રભાવિત થયા છે. રાજ્યની મોટા ભાગની નદીઓ સોનિતપુર અને નેમાટીઘાટમાં ક્રમશઃ જિયા ભરાલી અને બ્રહ્મપુત્ર ખતરાના નિશાનથી ઉપર વહી છે.આ વચ્ચે સોમવારે અરુણાચલ પ્રદેશના દિબાંગી ઘાટી જિલ્લાના આરજૂ ગામમાં એક ભુસ્ખલને કારણે એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા છે. ગત્ત અમુક દિવસોમાં સતત વરસાદથી રાજ્યનો મોટો ભાગ પ્રભાવિત થયો છે.અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડૂએ મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રુપિયાની રકમ આપવાની જાહેરાત કરી છે.

મુખ્ય ૧૧ શહેરો પર રહેશે ફોક્સ,ગુજરાતના બે શહેરોનો સમાવેશ

મોદી સરકાર ૩૧મે બાદ વધુ બે અઠવાડિયા લૉકડાઉન લંબાવશે

ન્યુ દિલ્હી

કોરોનાના સંકટના પગલે લોકડાઉનના પાંચમાં તબક્કા માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ લોકડાઉન ૫.૦ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝડપથી 'મન કી બાત' કરે તેવી શકયતા છે. લોકડાઉનના પાંચમાં તબક્કામાં કોરોનાથી પ્રભાવિત દેશના ૧૧ શહેરોને બાદ કરતા સમગ્ર દેશમાં વધુ છુટ અપાય તેવી શકયતા છે.

સૂત્રોનું કહેવું છે કે લોકડાઉનના પાંચમાં તબક્કામાં ૧૧ શહેરો મુખ્ય હશે. જેમાં દિલ્હી, મુંબઈ, પુના, થાણે, ઈન્દોર, ચેન્નાઈ, અમદાવાદ, જયપુર, સુરત અને કોલકતા સામેલ છે. આ શહેરોમાં દેશના કુલ કોરોના કેસના ૭૦ ટકાથી વધુ કેસ છે. અમદાવાદ, દિલ્હી, પુના, કોલકતા, મુંબઈમાં તો કુલ કેસના ૬૦ ટકા દર્દીઓની પુષ્ટિ થઈ ચુકી છે.

લોકડાઉનના પાંચમાં તબક્કામાં કેન્દ્ર તરફથી ધાર્મિક સ્થળોને ખોલવાની છુટ અપાય તેવી શકયતા છે. જોકે તેના માટે ચોક્કસ નિયમો અને શરતો હશે. ધાર્મિક સ્થળો પર કોઈ પણ મેળો કે મહોત્સવ મનાવવાની છુટ હશે નહિ. સાથે જ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ શકશે નહિ.

લોકડાઉન ૫.૦ દરમિયાન તમામ ઝોનમાં સલુન અને જિમને ખોલવાની પરવાનગી મળે તેવી શકયતા છે. જોકે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સ્થિત સલુન અને જિમને ખોલવાની પરવાનગી અપાશે નહિ. આ તબક્કામાં કોઈ સ્કુલ, કોલેજ-યુનિવર્સિટીને ખોલવાની પરવાનગી આપી શકાશે નહિ. આ ઉપરાંત મોલ અને મલ્ટીપ્લેક્સને પણ બંધ રાખાય તેવી શકયતા છે.

લોકડાઉનના આ તબક્કામાં લગ્ન અને અંતિમસંસ્કારમાં વધુ લોકોને સામેલ થવાની છુટ અપાય તેવી શકયતા છે. સૂત્રોનું કહેવું છે કે લોકડાઉનનું પાંચમું ચરણ બે સપ્તાહ માટે લાગુ કરાય તેવી શકયતા છે.

શાળા-કોલેજો ખોલવા અંગે કોઇ નિર્ણય લેવાયો નથી,પ્રતિબંધ ચાલુ છેઃ ગૃહમંત્રાલયની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું કે શાળા આને કોલેજો ખોલવા અંગે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી અને દેશભરમાં હાલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા પર પ્રતિબંધ છે.

મીડિયાના એક વર્ગમાં એવા અહેવાલ હતાં કે મંત્રાલયે તમામ રાજ્યોમાં શાળાઓ ખોલવાની મંજૂરી આપી છે અને ત્યારબાદ ગૃહ મંત્રાલયના પ્રવક્તા દ્વારા આ એક નિવેદન બહાર પાડવામાં આવ્યું.

પ્રવક્તાએ ટ્વીટ કરીને કહ્યું કે, 'કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આવો કોઈ નિર્ણય લીધો નથી. દેશભરમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા પર પ્રતિબંધ છે.' અત્રે જણાવવાનું કે કોરોના વાયરસના ચેપને ફેલાતો રોકવા માટે માર્ચ મહિનાના મધ્યથી જ તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે.

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને તામિલનાડુમાં મોટી સંખ્યામાં નવા કેસ સામે આવી રહ્યાં છે. જ્યારે દિલ્હી, પંજાબ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, કેરળ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ સહિત અન્ય રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પણ નવા કેસ નોંધાયા છે.

કેન્દ્ર સરકારની મદદ માંગવામાં આવી

કર્ણાટક : મંદિર, મસ્જિદ, ચર્ચ પહેલી જૂનથી ખુલ્લાં થઈ શકે

કર્ણાટકના મુખ્યમંત્રી યેદિયુરપ્પાએ સંભાવના વ્યક્ત કરી

બેંગ્લોર

કર્ણાટકમાં મંદિરો, ચર્ચ અને મસ્જિદો પહેલી જૂનથી ખોલવામાં આવી શકે છે તેમ કર્ણાટકના મુખ્યમંત્રી બી.એસ.યેદિયુરપ્પાએ બુધવારે કહ્યું હતું. જોકે, આ માટે કેન્દ્ર સરકારની તેમણે મદદ માગી છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે તેમણે હોટલો ફરી શરુ કરવા માટે વડાપ્રધાનને એક પત્ર લખ્યો છે. મુખ્યમંત્રીએ તરત ઉમેર્યું કે, અમે ૧લી જૂનથી હોટલ ખોલવા ઉત્સુક છીએ અને આ માટે અમે દિલ્હીથી મંજૂરી લેવા ઈચ્છીએ છીએ, આ માટે મેં વડાપ્રધાનને એક પત્ર લખ્યો છે. આશા છે કે જલદી તેની મંજુરી મળી જશે. અહીંયા પત્રકારો સાથેની વાતચીત કરતાં કહ્યું કે, અમે વારંવાર કહીએ છીએ કે મંદિર ખુલી શકે છે અને ચર્ચ તથા મસ્જિદ પણ ખુલવી જોઈએ, તેના પર કોઇ પ્રતિબંધ હવે હોવો જોઈએ નહીં. આપણા દેશમાં કાનૂન સૌ માટે એક સમાન છે, પરંતુ આ માટે સૌએ કેન્દ્ર સરકારની મંજૂરીની આવશ્યકતા છે. અમે તેની રાહ જોઈ રહ્યા છીએ, આ દિશામાં કર્ણાટક સરકાર સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી યેદિયુરપ્પાએ કહ્યું કે, આપણે કોવિડ-૧૯ સાથે જીવતા શીખવું પડશે અને આ માટે જરુરી પગલાં ભરવા પડશે. જોકે, મોલ અને થિયેટર ખોલવા સંદર્ભેના એક સવાલના જવાબમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, આ બાબત કેન્દ્ર સરકારની મંજૂરી પર નિર્ભર કરે છે, એટલે તે અંગે કહેવું વહેલું ગણાશે.

રાહુલ ગાંધીના લોકડાઉન નિષ્ફળના આરોપ પર ભાજપનો પલટવાર

વેક્સીન ન આવે ત્યાં સુધી લોકડાઉન જ એક માત્ર ઉપાયઃ રવિશંકર પ્રસાદ

રાહુલ ગાંધી ખોટા અને પાયા વિહોણા આરોપ લગાવે છે,દુનિયાના અન્ય દેશોના મૃત્યુઆંક જોઈ લો,તેઓ દેશની એકતાને ખંડિત કરનારી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છેઃ પ્રસાદ

ન્યુ દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લગાવેલા લોકડાઉન ફેઈલ જેવા આરોપ અંગે ભાજપ તરફથી કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે બુધવારે પ્રેસ કોન્ફરન્સ કરીને જવાબ આપ્યા છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી ખોટા અને પાયા વિહોણા આરોપો લગાવી રહ્યા છે, લોકડાઉન અંગે તેમને જે નિવેદન આપ્યું છે તે તદ્દન ખોટુ છે. દુનિયાના ૧૫ જેવા દેશમાં ૩ લાખ ૪૩ હજારથી વધુ લોકોના મોત થયા છે જેની સામે ભારતમાં ૪ હજારની આસપાસ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, રાહુલ ગાંધી માત્ર જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે, હાલ કોરોનાની કોઈ વેક્સીન નથી એવામાં લોકડાઉન જ એકમાત્ર ઉપાય છે. રાહુલ ગાંધી દેશની એકતાને ખંડિત કરનારી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. જે એકદમ ખોટું છે. જ્યારથી કોરોનાની મહામારી શરૂ થઈ છે ત્યારથી રાહુલ ગાંધી દેશના સંકલ્પને નબળો પાડવાના પ્રયાસ કરી રહ્યા છે.

રવિશંકર પ્રસાદે વધુમાં કહ્યું કે, ચૂંટણીમાં રાહુલ ગાંધી નીરવ મોદીની વાત કરી રહ્યા હતા, પણ તેમના સાથી લંડનમાં નીરવની મદદ કરી રહ્યા છે. રવિશંકરે કહ્યું કે, ભીલવાડા મોડલનો શ્રેય રાહુલ ગાંધીને આપવામાં આવ્યો, પણ ત્યાંના સરપંચે કહ્યું આ તો ત્યાંના લોકોની મહેનતને કારણે બની શક્યું છે. પ્રસાદે કહ્યું કે, રાહુલે દાવો કર્યો હતો કે વાયનાડના મોડલની સ્વાસ્થ્ય મંત્રાલયે પ્રશંસા કરી છે, પણ વાયનાડને સ્વાસ્થ્ય મંત્રાલયે હોટસ્પોટ જાહેર કર્યું છે. પ્રવાસી મજૂરોના મુદ્દે પ્રસાદે કહ્યું કે, યુપી બિહાર જેવા રાજ્યોમાં ઘણી ટ્રેન દોડી રહી છે પણ મહારાષ્ટ્રમાં ઘણી ઓછી ટ્રેન જઈ રહી છે. જ્યાં કોંગ્રેસની સરકાર છે.

અમેરિકા આ સપ્તાહના અંત સુધી ચીન મુદ્દે મોટી જાહેરાત કરશેઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે આ સપ્તાહના અંતમાં ચીનને લઈને મોટી જાહેરાત કરાશે અને એ વાતનો સંકેત આપ્યો છે કે તેઓ ચીનને દંડ કરવા સંબંધિત હોય શકે છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેઓએ કહ્યું કે અમે કંઈક કરવા જઈ રહ્યા છીએ અને મને લાગે છે કે એ તમને લોકોને પસંદ પડશે. પરંતુ આ જાહેરાત હું આજે નહીં કરું.

ચીન અને હોંગકોંગ વચ્ચે ચાલી રહેલી વિવાદને લઈને ચીન ઉપર પ્રતિબંધ લગાવવા અંગેના સવાલના જવાબમાં તેમણે કહ્યું કે આ જાહેરાત તમે સપ્તાહના અંત સુધીમાં સાંભળશો અને મને લાગે છે કે આ બહુ મોટો નિર્ણય હશે.

પહેલા વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કાયલે મેકનેનીએ ગુરુવારે કહ્યું હતું કે હોંગકોંગ પ્રત્યે ચીનની કાર્યવાહીથી રાષ્ટ્રપતિ નારાજ છે.

ઉલ્લેખનિય છે કે ચીનની નેશનલ પ્યુપીલ્સ કોંગ્રેસના વાર્ષિક સત્રામાં શુક્રવારે સત્તામાં રહેલી કમ્યુનિસ્ટ પાર્ટીએ હોંગકોંગમાં કથિત અલગાવવાદી અને આતંકવાદી ગતિવિધિઓ ઉપરાંત વિદેશી હસ્તક્ષેપ ઉપર પ્રતિબંધ લગાવવા માટે એક નવા રાષ્ટ્રીય સુરક્ષા કાયદાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ જાહેરાત પછી આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ભારે ટીક્કા થઈ રહી છે.



લોકડાઉન દરમિયાન પ્રાયગરાજ રેલ્વે સ્ટેશન પર વિશેષ ટ્રેન દ્વારા મુંબઈ પહોંચ્યા પછી, તેમની પુત્રીને લઈને જતા એક પરપ્રાંતીય બસમાંથી સવાર થવા માટે બસમાં જવા માટે નોંધણી માટે રાહ જુએ છે.

ટ્વિટર રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દરમિયાનગીરી કરી રહ્યું છેઃ ટ્રમ્પ

ટ્વિટરે પ્રથમ વખત રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટ્વિટને ફ્લેગ કરી ચેતવણી આપી

વોશિંગ્ટન

દુનિયાના સૌથી તાકતવર દેશ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસ સામેની જંગને લઈ સતત ટીકાઓનો સામનો કરી રહ્યા છે. આ વચ્ચે હવે સોશિયલ મીડિયા નેટવર્કિંગ સાઇટ ટ્વિટરે પહેલીવાર ટ્રમ્પને ચેતવણી આપી છે. ટ્વિટરે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અમુક ટ્વીટને ફ્લેગ કરતા ફેક્ટ ચેકની વોર્નિંગ આપી છે. આવું પહેલીવાર બન્યું છે જ્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટરે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી છે.

મીડિયા રિપોર્ટ મુજબ ચેતવણી બાદ ટ્રમ્પે આને બોલવાની સ્વતંત્રતા વિરુદ્ધ ગણાવ્યું. ટ્રમ્પે આને અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દખલગીરી પણ ગણાવી છે. મંગળવારે ડોનાલ્ડ ટ્રમ્પના બે ટ્વીટ્સ પર ટ્વિટરે વોર્નિંગ આપી હતી. મેલ-ઈન બેલટ્સને બોગસ અને 'મેલ બોક્સ લૂંટી લેવામાં આવશે'કહી ટ્રમ્પે આધિકારિક એકાઉન્ટથી અમુક ટ્વિટ્સ કર્યા હતા. ત્યારે આ ટ્વીટ પર એક લિંક આવી રહી હતી. જેના પર લખ્યું હતું કે મેલ-ઈન બેલટ્સ અંગે તથ્ય જાણો. આ લિંક ટ્વિટર યુઝર્સને મોમેન્ટ્સ પેજ પર ફેક્ટ ચેક માટે લઈ જાય છે. જ્યાં ટ્રમ્પના અપ્રમાણિત દાવાઓ સંબંધિત માહિતી જોવા મળે છે.

આ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પે સતત બે ટ્વીટ કરી ટ્વિટરના આ વલણ પર નિશાન સાધ્યું. ટ્રમ્પે પહેલા ટ્વીટમાં લખ્યું કે,'ટ્વિટર હવે ૨૦૨૦ના અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દખલગીરી કરી રહ્યું છે. તેઓ કહી રહ્યા છે કે મેલ-ઈન-બેલટ્સ અંગે મારું નિવેદન ભ્રષ્ટાચાર અને બોગસ વાતોને જન્મ આપશે. આ ખોટું છે. આ ફેક ન્યૂઝ સીએનએન અને એમેઝોન વોશિંગ્ટન પોસ્ટની ફેક્ટ ચેંકિંગ પર આધારિત છે.'જ્યારે અન્ય એક ટ્વીટમાં ટ્રમ્પે લખ્યું કે,'ટ્વિટર સંપૂર્ણ રીતે બોલવાની આઝાદી પર હુમલો કરી રહ્યું છે. એક રાષ્ટ્રપતિ તરીકે હું એવું નહીં થવા દઉ.'

મિલ્કી વેની સરખામણીએ ૫૦ ગણી તેજીથી બની રહ્યો છે તારો

અંતરિક્ષ વૈજ્ઞાનિકોએ પ્રથમવાર સુપર રેયર ગેલેક્સીની તસ્વીર લીધી

વોશિંગ્ટન

અંતરિક્ષ વૈજ્ઞાનિકોએ પહેલીવાર કાસ્મિક રિંગ ઓફ ફોયરની જેમ દેખાતી એક સુપર રેયર ગેલેક્સીની તસવીર લીધી છે. આ ગેલેક્સી ધરતીથી ૧૧ બિલિયન પ્રકાશ વર્ષના અંતર પર સ્થિત છે. વૈજ્ઞાનિકોએ આ ગેલેક્સી (આકાશગંગા)ને ઈપ૫૧૯ નામ આપ્યું છે.

માહિતી મુજબ આ ગેલેક્સીના કેન્દ્રમાં એક છેદ છે જે પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતરની સરખામણીએ બે બિલિયન ગણો વધુ મોટો છે. એવું કહેવમાં આવી રહ્યું છે કે એ મિલ્કી વેની સરખામણીએ ૫૦ ગણી ઝડપથી નવો તારો બની રહ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ આ શોધની ઘોષણા પ્રખ્યાત નેચર એસ્ટ્રોનોમી મેગ્જિનમાં કરવામાં આવી છે. જેમાં આકાશગંગાની ઓળખ બ્રહ્માંડમાં સૌથી પહેલા બનવાવાળી કોલાઈજલ રિંગ ગેલેક્સી તરીકે કરી છે.

રિપોર્ટ મુજબ આ ગેલેક્સીની શોધ અમેરિકાના હવાઈમાં આવેલ WM Keck Observatory ના ડેટાના આધારે હબલ સ્પેસ ટેલીસ્કોપ દ્વારા કરવામાં આવી છે. આ પરિયોજના પર પહેલાથી કામ કરનાર પ્રોફેસર કેનેથ ફીમેને આને એક મહત્વપૂર્ણ શોધ ગણાવી છે.

એવું માનવામાં આવી રહ્યું છે કે બ્રહ્માંડમાં ૧૦૦ અબજથી વધુ ગેલેક્સીઓ અસ્તિત્વમાં છે. જે મોટી સંખ્યામાં તારા, ગેસ અને ખગોલીય ધૂળને સમેટીને છે. ગેલેક્સીઓએ પોતાનું જીવન લાખો વર્ષ પહેલા શરૂ કર્યું હતું અને ધીમે-ધીમે પોતાના વર્તમાન સ્વરૂપને પ્રાપ્ત કર્યું. એણ્ડ્રોમેડા ગેલેક્સી પૃથ્વીથી ૨,૫૦૦,૦૦૦ પ્રકાશ વર્ષના અંતર પર સ્થિત બ્રહ્માંડની સૌથી મોટી ગેલેક્સી છે.

૨૦૨૦માં ટી-૨૦ વર્લ્ડકપ ન યોજાય તેવી વકી

ICC ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૨ સુધી મુલતવી રાખી શકે છે

આજે આઈસીસીની મહત્વની બેઠક, વર્લ્ડ કપ મોકૂફ રહે તો ઈન્ડિયન પ્રિમિયર લીગ માટેનો માર્ગ મોકળો બનશે

નવી દિલ્હી

ઓસ્ટ્રેલિયામાં આ વર્ષે ઓક્ટોબરમાં યોજાનારો ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ મોટા ભાગે મુલતવી રહે અને ૨૦૨૨માં તેનું આયોજન થાય તેવી પૂરેપૂરી સંભાવના છે અને આમ થશે તો આ વર્ષની ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)નું આયોજન કરવા માટેનો માર્ગ મોકળો બની રહેશે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ની શકિતશાળી બોર્ડ મિટિંગ ગુરુવારે ટેલિકોન્ફરન્સ દ્વારા યોજાનારી છે અને તેમાં વર્લ્ડ કપ અંગે નિર્ણય લેવાશે. કોરોના વાયરસને કારણે સમગ્ર વિશ્વમાં ક્રિકેટની પ્રવૃત્તિ અટકી ગઈ છે ત્યારે ગુરુવારની બેઠકમાં આ નિર્ણય લેવાય તો અન્ય દેશના ક્રિકેટ બોર્ડ પણ વિવિધ દ્વિપક્ષીય સિરીઝનું આયોજન કરી શકે તેમ છે. આઈસીસીના બોર્ડ સદસ્યે આ અંગે જણાવ્યું હતું કે ગુરુવારની બેઠક દરમિયાન આગામી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં ખસેડવાનો નિર્ણય લેવાય તેવી શક્યતા છે. જોકે તે અંગે સત્તાવાર જાહેરાત થશે કે નહીં તે જ સવાલ રહેશે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીએ તો આ વર્ષે ઓક્ટોબરમાં ટી૨૦ વર્લ્ડ કપ યોજાય તેવી શક્યતા નહિવત છે. વર્લ્ડ કપ મુલતવી રખાય તો મને નથી લાગતું કે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ કે અન્ય દેશના ક્રિકેટ બોર્ડ તેમાં કોઈ વાંધો ઉઠાવે. અગાઉ એવા અહેવાલ પ્રકાશિત થયા હતા કે આઈસીસીની ક્રિકેટ ઈવેન્ટ સમિતિ આ માટે કેટલાક વિકલ્પો રજૂ કરશે જેમાં વર્લ્ડ કપ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨માં યોજાય. જ્યારે ૨૦૨૧નો વર્લ્ડ કપ તો અગાઉથી જ ભારતમાં યોજનારો છે. આઈસીસીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વર્લ્ડ કપ મુલતવી રખાયો હોવાના પ્રકાશિત થયેલા અહેવાલ અયોગ્ય છે. જોકે તેમણે એમ કબૂલ્યું હતું કે કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઘણા વિકલ્પો વિચારી રાખવામાં આવ્યા છે. સાથે સાથે એવી પણ શક્યતા છે કે આ વર્ષને અંતે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરશે કેમ કે દરેક સદસ્ય બોર્ડ આર્થિક નુકસાન ભરપાઈ કરવા માટે દ્વિપક્ષીય સિરીઝનું આયોજન કરવા માટે તત્પર છે.

સુપ્રસિદ્ધ ટ્રુકોલર એપના ૪.૭૫ કરોડ ભારતીયોનો ડેટા લીક થવાનો દાવો

ન્યુ દિલ્હી

સાયબર ક્રિમિનલ તરફથી આશરે ૪.૭૫ કરોડ ભારતીય યૂઝર્સનો Truecaller રેકોર્ડ લીક થયો છે, જેને ખરીદી શકાય છે. ઓનલાઈન ઈન્ટેલિજન્સ ફર્મ Cyble ના રિપોર્ટ મુજબ ભારતીય યૂઝર્સનો લીક થયેલો ડેટા ૭૫,૦૦૦માં ઓનલાઈન ખરીદી શકાય છે. જોકે Truecaller એપ તરફથી આવેલા નિવેદનમાં આ દાવાને નકારી દેવાયો છે. એપ મુજબ ડેટા સિક્યોર છે અને કંપનીના નામે ખોટો ડેટા વેચવામાં આવી રહ્યો છે.

Cyble એ તેના એક બ્લોગ પોસ્ટમાં એવા સેલર ગ્રુપને શોધી લેવાનો દાવો કર્યો છે જે ૪.૭૫ કરોડ ભારતીય યૂઝર્સની માહિતી વેચી રહ્યા છે જેની કિંમત ૧૦૦૦ ડોલર રાખવામાં આવી છે. આ ડેટા ૨૦૧૯નો છે. રિપોર્ટ મુજબ ડેટામાં યૂઝર્સના ફોન નંબર, જેન્ડર, શહેર, મોબાઈલ નેટવર્કની માહિતીની સાથે-સાથે ફેસબુક આઈડીની માહિતી પણ સામેલ છે.

જોકે Truecaller એપના જણાવ્યા મુજબ આ પ્રકારના સેલની માહિતી મે ૨૦૧૯માં સામે આવી હતી. એપના પ્રવક્તાનું કહેવું છે કે, કંપની એના યૂઝર્સની પ્રાયવેસી અને સર્વિસિસને ગંભીરતાથી લે છે તથા દરેક પ્રકારની એક્ટિવિટીને મોનીટર કરવામાં આવી રહી છે. કંપનીએ દાવો કર્યો હતો કે આ ડેટા ખોટો છે, પરંતુ કંપનીના નામનો ઉપયોગ કરી તેને વેચવામાં મદદ લેવામાં આવી રહી છે.

કોરોના-લોકડાઉનને પગલે સર્જાયેલી સ્થિતિને લઈ

કોંગ્રેસ આજથી મોદી સરકાર વિરુદ્ધ ઓનલાઈન અભિયાન શરૂ કરશે

ન્યુ દિલ્હી

કોંગ્રેસ પાર્ટી કોરોના મહામારી અને લોકડાઉનને પગલે સર્જાયેલી સ્થિતિને લઈને કેન્દ્ર સરકાર વિરૂદ્ધ ૨૮-મેના રોજ ઓનલાઈન અભિયાન શરૂ કરવા જઈ રહી છે. જેને લઈને મંગળવારે સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલે પ્રદેશ અધ્યક્ષો સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી બેઠક યોજી હતી.

કોંગ્રેસ નેતાઓનું કહેવું છે કે, લૉકડાઉન દરમિયાન કેન્દ્ર સરકારની ગરીબ વિરોધી નીતિઓને પગલે મજૂર, ખેડૂત અને પછાત વર્ગના લોકોના જીવનમાં સંકટ આવ્યું છે. આવા લોકોની મદદ માટે કોંગ્રેસ રોકડ આપવાની માંગ કરી રહી છે. જ્યારે કેન્દ્ર સરકાર આર્થિક પેકેજના નામે છેતરપિંડી કરી રહી છે.

આ અભિયાનના મારફતે સરકાર પર ઈક્રમ ટેક્સની બહાર રહેલા તમામ પરિવારોને તાત્કાલીક ૧૦૦૦૦ રૂપિયાની રોકડ મદદ આપવાની માંગ કરવામાં આવશે. વેણુગોપાલે પ્રદેશ અધ્યક્ષોને આ અભિયાનમાં વધુમાં વધુ કોંગ્રેસ નેતાઓ અને કાર્યકર્તાઓને ભાગ લેવા માટે કહેવામાં આવ્યું છે.

આવતા વર્ષ સુધીમાં તેની વેક્સીન આવી જશેઃ આશીષ ઝા

કોરોના સંકટઃ રાહુલ ગાંધીએ હાર્વર્ડના સ્વાસ્થ્ય વિશેષજ્ઞ અને પ્રોફેસર જોહાન સાથે વાત કરી

ન્યુ દિલ્હી

દુનિયાભરમાં કોરોના સંક્રમતિના કેસમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. તે વચ્ચે ભારત પર તેની અસર અને લોકડાઉન ખોલવાના ઉપાયો માટે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી હાર્વર્ડના સ્વાસ્થય વિશેષજ્ઞ આશીષ ઝા અને પ્રોફેસર જોહાન સાથે ઓનલાઈન વાતચીત કરી છે. રાહુલ ગાંધીનો આ ત્રીજો વાર્તાલાપ છે આ પહેલા તે ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન અને નોબેલ પુરસ્કાર વિજેતા અભિજીત બેનર્જી સાથે પણ વાત કરી ચૂક્યા છે.

બુધવારે થયેલી વાતચીતમાં હાર્વર્ડમાં સ્વાસ્થય વિશેષજ્ઞ આશીષ ઝાએ કહ્યું કે લોકડાઉન પછી હવે અર્થવ્યવસ્થા ખુલી ગઈ છે. ઝાએ કહ્યું કે કોવિડ ૧૯'૧૨ થી ૧૮ મહિનાની જ સમસ્યા છે' તેનાથી ૨૦૨૧ પહેલા છૂટકારો નથી મળવાનો. તેણે કહ્યું કે વધુ જોખમ વાળા ક્ષેત્રોમાં ઝડપથી તપાસની રણનીતિ અપનાવવાની જરૂરી છે. સ્વાસ્થય વિશેષજ્ઞ ઝાએ કહ્યું કે આપણે મોટી મહામારીના સમયમાં પ્રવેશી ગયા છીએ. આ વૈશ્વિક મહામારી તમે જે જુઓ છો તે છેલ્લી નથી.

આ દરમિયાન રાહુલે પુછ્યું કે તે જણાવો કે કોરોનાની વેક્સીન ક્યારે આવશે. તો તેના જવાબમાં ઝાએ કહ્યું કે મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આવતા વર્ષ સુધીમાં તેની વેક્સીન આવી જશે. વાતચીત દરમિયાન રાહુલ કહ્યું કે મેં કેટલાક અધિકારીઓને પુછ્યું કે ટેસ્ટિંગની સંખ્યા ઓછી કેમ છે? તો તેમનું કહેવું હતું કે જો ટેસ્ટિંગ કરીશું તો નંબર વધશે અને તેનાથી લોકોમાં ડર બેસી જશે. જો કે આ અધિકારીઓએ અધિકૃત રીતે આ વાત સ્વીકારવાની ના પાડી.

આજથી પશ્ચિમ બંગાળમાં ડોમેસ્ટિક ફ્લાઈટ્સ શરૂ થશે, માર્ગદર્શિકા જાહેર કરાઈ

કોલકાત્તા

ડોમેસ્ટિક ફ્લાઈટ સેવાઓ ગુરુવારથી (૨૮ મે) પશ્ચિમ બંગાળમાં ગુરુવારથી ફરી શરૂ થશે. આ માટે રાજ્ય સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે.

ઉલ્લેખનીય છે કે, કોરોના વાઈરસના વધતા જતા કેસોને જોતા વિવિધ રાજ્યોએ પોતાના એરપોર્ટ ખોલવાની અનિચ્છા વચ્ચે દેશમાં બે મહિનાના સમયગાળા બાદ સોમવારે ડોમેસ્ટિક પેસેન્જર એરલાઈન્સ ફરી શરૂ કરાઈ હતી. મમતા બેનર્જીની આગેવાનીવાળી સરકાર દ્વારા ડોમેસ્ટિક હવાઈ પ્રવાસીઓ માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. સરકારે કહ્યું હતું કે, તમામ યાત્રીઓના બંગાળ આવનાર સ્વ-ઘોષણા પત્ર જમા કરવાનું રહેશે.

દેશના પેસેન્જર એરલાઈન્સને સોમવારે દેશમાં બે મહિનાના ગાળા પછી ફરી શરૂ કરવામાં આવી હતી, તે જોતા કોરોના વાઈરસના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને વિવિધ રાજ્યોએ પોતાના એરપોર્ટ ખોલવાની અનિચ્છા વચ્ચે હતી.

દિલ્હીમાં કોરોનાના બેકાબૂઃ ૨૪ કલાકમાં ૭૯૨ કેસ, મોતનો આંકડો ૩૦૦ને પાર

ન્યુ દિલ્હી

દેશની રાજધાનીમાં કોરોનાના કેસમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો આવ્યો છે. દિલ્હીમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫ હજારને પાર પહોંચી ગઈ છે. રાજધાનીમાં કોરોનાના કેસ વધીને ૧૫૨૫૭ થઈ ગયાં છે. ગત ૨૪ કલાકમાં ૭૯૨ નવા કેસ સામે આવ્યાં. આ ૨૪ કલાકમાં અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા છે. દિલ્હીમાં કુલ ૩૦૩ લોકોનું કોરોનાના કારણે મોત થયું છે. સાથે જ દિલ્હીમાં ગત ૨૪ કલાકમાં ૩૧૦ દર્દીઓ સ્વસ્થ થયાં છે. સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા હવે ૭૨૬૪ થઈ ગઈ છે. હાલ દિલ્હીમાં કોરોનાના એક્ટિવ દર્દીઓની સંખ્યા ૭૬૯૦ છે.

દિલ્હી પોલીસમાં કોરોના સંક્રમણ હવે થોભવાનું નામ નથી લઈ રહ્યું. અત્યાર સુધી ૨૫૦થી વધુ પોલીસકર્મી તેની ઝપેટમાં આવી ચુક્યા છે. તાજેતરમાં જ જાણવા મળ્યું છે કે હવે કોરોના લક્ષિણી દિલ્હીના માલવીય નગર સ્ટેશન સુધી પહોંચી ગયો છે. અહીં ૧૦-૧૧ પોલીસકર્મી સંક્રમિત થતાં જાણે કે હડકંપ મચી ગયો છે. દિલ્હીમાં ચાંદની મહેલ સ્ટેશન બાદ માલવીય નગર બીજુ એવુ સ્ટેશન છે જ્યાં ૧૦-૧૧ પોલીસકર્મી એકસાથે કોરોના સંક્રમિત થયા છે. જો કે તેની પહેલાં કોરોનાનો કોહરામ દિલ્હી પોલીસના અશોક વિહાર પોલીસ કોલોનીમાં મચી ચુક્યો છે. અહીં હજુ પણ તમામ કોરોના સંક્રમિત હોમ ક્વોરન્ટાઈન થયા છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

વિડિયો ગેમને લઈ ભ્રમ

વિડિયો ગેમ્સને લઈને હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસ બાદ કેટલીક પ્રકારની ગેરસમજ દુર થઈ રહી છે. ટેકનોલોજી ક્ષેત્રની કંપની ડેલ તરફથી કરવામાં આવેલા નવા સર્વેમાં ભારત સહિત ૧૧ દેશોના ૫૭૬૩ ગેમર્સને સામેલ કરવામાં આવ્યા હતા. આ સ્ટડી રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આશરે ૫૦ ટકા યુવાને લાગે છે કે ગેમિંગથી તેમને સ્ટ્રેટેજિક થિંકર બનવામાં મદદ મળી રહી છે. આના કારણે ચીજોને નિહાળવા, સમજવા અને ઓળખ કરીને રિએક્ટ કરવા સાથે સંબંધિત તેમની ક્ષમતાને વધારી દેવામાં ભૂમિકા અદા કરી છે. આશરે ૪૬ ટકા લોકોને લાગે છે કે ગેંમિંગના કારણે તેઓ વધારે સ્પર્ધાત્મક બની ગયા છે. ૩૭ ટકા લોકોનુ કહેવુ છે કે ગેમર તરીકે તેમની ઓળખ ઉભી થાય તેમાં તેમને કોઈ ખોટુ દેખાતુ નથી. જો કે આના બદલે તેઓ વધારે સ્પર્ધાત્મક તરીકે પોતાને અનુભવ કરે છે. આ ગેમર્સની પોતાની ફિલિંગથી આગળ વધવામાં આવે તો આ સ્ટડી રિપોર્ટથી સ્પષ્ટ થઈ જાય છે કે ગેમિંગ તેમને જીવનના અન્ય પાસાથી અલગ કરી રહી નથી. આશરે ૬૮ ટકા ગેમર મ્યુઝિકના શોખીન હોવાની વિગત સપાટી પર આવી છે. બીજી બાજુ ૫૭ ટકા લોકોને પરિવાર અને મિત્રતોની સાથે સમય ગાળવાનુ વધારે પસંદ છે. ૫૬ ટકા લોકોએ પ્રવાસને પ્રાથમિકતા આપી છે. ૪૦ ટકા ગેમર કહે છે કે તેમને ભણવામાં અને વાચવામાં વધારે મજા પડે છે. વધુ એક બાબત ઉપયોગી છે તે એ છે કે ગેમિંગ કપલ્સને પણ નજીક લાવવામાં ભૂમિકા અદા કરે છે. ભારતના ૨૫ ટકા ગેમરનુ કહેવુ છે કે તેમના પત્નિ પણ ગેમિંગ કરે છે. ૩૦ ટકા લોકોનુ કહેવુ છે કે ગેમિંગના શોખના કારણે લોકોની સાથે સંબંધ મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. ગેમિંગના ક્ષેત્રમાં નવા નવા ઈનોવેશન થઈ રહ્યા છે. નવી પેઢીની ઉત્સુકતા તેમાં વધી રહી છે. એક સમાજના રૂપમાં અમે તેને નકારાત્મક રીતે લઈ રહ્યા છીએ. વાલીઓ પહેલા માનતા હતા કે રમશો તો કેરિયર ખરાબ થશે. ગેમમાં પણ જુદી જુદી શ્રેણી રહેલી છે. સેક્સ, હિંસા, વંશીય ભાવનાને ઉશ્કેરવાની બાબતનો સમાવેશ થાય છે. તેમના પર રોક મુકવામાં આવે તે જરૂરી છે. ગેમની દુનિયા અહીં ખતમ થતી નથી. ગેમના જો નેગેટિવ જ પાસા રહ્યા હોત તો જોત જોતામાં ગેમિગ કારોબારનો આંકડો ૨૦૦૦ કરોડ સુધી ન પહોંચી ગયો હોત. બાળપણથી જ ગેમિંગના શોખીન રહેલા લોકો આજે સમાજમાં પોઝિટીવ યોગદાન આપી રહ્યા નથી. હવે સમય આવી ગયો છે કે અમે ગેમિંગને લઈને એક તરફી જે પ્રવાહ રહેલો છે તે સંબંધમાં ફેરવિચારણા કરીએ. કારણ કે ગેમિંગના મામલે જુદા જુદા અભિપ્રાય હવે આવી રહ્યા છે. ગેમિંગના કારણે વધારે ફાયકો થઈ રહ્યો છે અને તેઓ વધારે એક્ટિવ થઈ રહ્યા છે તેમ માનનાર લોકોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં ખેલ ખેલમાં કેટલીક સારી બાબત પણ સપાટી પર આવી રહી છે. ગેમિંગને લઈને એકતરફી વલણ રાખવાની બાબત જોખમી પુરવાર થઈ શકે છે. ગેમિંગ આજના સમયમાં બાળકોની પ્રથમ પસંદગી તરીકે છે.

અપમાન સહન કરવાની પણ એક ઉમર હોય છે

કદાચ તમને આ હેડીંગ વિચિત્ર લાગે, તમને થશે કે માન અપમાનની કોઈ ઉંમર હોય ખરી? માણસ જ્યારે ઉંમરના અલગ અલગ તબ્બકામાંથી પસાર થાય ત્યારે તેને મળતા માન અપમાનની જુદી જુદી અસર તેના માનસ પટ ઉપરથી થતી હોય છે, થોડા સમય પહેલા મેં અમદાવાદના એક સિનિયર જર્નાલીસ્ટને સહજ ભાવે પુછ્યું સાહેબ કેમ છે, કેવું ચાલે છે કામકાજ.. મારો પ્રશ્ન સાંભળતા તેમને ચહેરા ઉપર એક પ્રકારની ગંભીરતા આવી ગઈ, તેમણે નિસાસો નાખતા કહ્યું આ તો ઘરની જવાબદારીઓ છે એટલે નોકરી કરવી પડે છે, બાકી આ ઉંમરે હવે શેઠ દ્વારા થતુ અપમાન સહન થતું નથી. આ વેદના ખાનગી કંપનીમાં નોકરી કરતા કર્મચારીઓ સારી રીતે સમજી શકતા હશે.

ખાનગી નોકરી કરતા કર્મચારીઓ, સરકારમાં નાના પદ ઉપર કામ કરતા કર્મચારીઓ, તેમજ ખાસ કરી સફાઈ કામદાર જેવી વ્યકિતઓ નોકરીમાં જોડાય ત્યારથી તેમના ઉપરી અને શેઠ કોઈને કોઈ કારણે તેમનું અપમાન કરે તે રોજની ઘટના બનતી હોય છે, સામાન્ય રીતે પોતાને ત્યાં કામ કરતા કર્મચારીને માન આપવાનું તો બાજુ ઉપર રહ્યું પણ તેમને માનથી બોલાવવાને બદલે મોટા ભાગે તેમને તુકારે જ બોલાવવામાં આવે છે, મેં ખાસ કરી જોયું છે કે, દેશની સૌથી મોટી સ્પર્ધાત્મક પરિક્ષા પાસ કરનાર આઈએએસ-આઈપીએસ અધિકારીઓ પણ પોતાના પિતાની ઉંમરના કર્મચારીને તુકારે જ વાત કરે છે આ પણ અપમાનનો જ એક પ્રકાર છે.

માણસ યુવાન હોય, ત્યારે તે કોઈને ગણકારતો નથી તેવી તેની ફિતરત હોય છે, જેના કારણે તેના કામની પ્રસંશા અને તેને ઠપકા સ્વરૂપે થતા અપમાનની પણ તેને ખાસ અસર થતી નથી, પણ જેમ જેમ ઉંમર અને કામનો અનુભવ વધતો જાય છે ત્યારે સામેની ખુરશીમાં બેઠેલા શેઠ અને સાહેબ દ્વારા તને ખબર પડતી નથી, ત્યાંથી શરૂ કરી અપમાનનો દૌર શરૂ થાય છે, ઉંમર અને વર્ષોના અનુભવને કારણે કર્મચારીને જાણતો હોય છે કે સાહેબ મને જે ખબર પડે છે તે તમને પડતી નથી, પણ તમે મારા શેઠ છો અને તમારા કારણે મારૂ ઘર ચાલે છે એટલે તમારી ભાષામાં તમને જવાબ આપી શકતો નથી, આવું તે મનોમન બબડે છે નોકરીની શરૂઆતના દસ-પંદર વર્ષના ગાળામાં તો કર્મચારીને પોતાનું અપમાન થાય છે તેનો અંદાજ જ આવતો નથી.

પણ જ્યારે સંતાનો મોટા થવા લાગે છે અને ઘરની જવાબદારીઓ વધતી જાય છે ત્યારે પારિવારીક દબાણ અને શારિરીક મર્યાદાઓની શરૂઆત થાય છે ત્યારે પોતાના કામના સ્થળે થતુ અપમાન અસહ્ય લાગે છે જે કંપની અથવા કામના સ્થળે માણસ પોતાની જીંદગીના અઢી ત્રણ દાયકા પસાર કરી નાખ્યા છે, તે કંપનીને તેની જરૂર હોવા છતાં તેનો માલિક અથવા અધિકારી સતત તેવો અહેસાસ અપાવી રહ્યો છે કે તે હવે તેના માટે પહેલા જેવો કામનો રહ્યો નથી છતાં તે તેને કામ ઉપર રાખી રહ્યો છે. આ પણ અપમાનનો એક પ્રકાર છે, કોઈ પોતાના અસ્તીત્વને નકારી રહ્યું છે તેની પણ વેદના હોય છે. આવુ માત્ર કામના સ્થળે જ થાય છે તેવું નથી પણ પોતાનો પરિવાર ખાસ કરી કમાતા થયેલા બાળકો પણ જે વ્યવહાર કરે છે તે કોઈ અપમાન કરતા ઓછો હોતો નથી.

જે સંતાનોને આપી શકે તેવી તમામ સગવડ આપવા માટે એક પિતા પોતાના સુખને બાજુ ઉપર મુકે છે. તે જ સંતાન જ્યારે મોટું થાય છે ત્યારે તમને ખબર પડતી નથી તેવા વાકય સાથે જ્યારે વાતની શરૂઆત કરે ત્યારે બાપને બહુ માઠું લાગતું હોય છે, જાણે સંતાન પોતાના પિતા તરીકેની સત્તાને પડકારી રહ્યો હોય તેવી લાગણી પિતાને થાય છે, આમ નોકરી અને ઘરમાં હવે તેની કોઈને પરવા નથી તેવી લાગણી તેને થકવી નાખે છે, આપણે કહીએ છીએ કે વૃધ્ધા અવસ્થા અને બાળપણ એક સરખુ હોય છે, તે એકદમ ખરૂ છે, જેમ બાળક પણ નાની નાની બાબતમાં રીસાઈ જાય છે, તેમ વૃધ્ધા અવસ્થાએ પહોંચેલા કર્મચારી અને પિતાને પણ તરત માઠું લાગે છે. સવાલ એટલો જ છે કે તેની જવાબદારી અને તેનો પ્રેમ તેને માઠું લાગ્યું છે તેવું તેને વ્યકત કરવા દેતો નથી. જો આપણા ઘર, આપણી આસપાસ અને આપણી ઓફિસમાં આવી કોઈ વ્યકિત હોય તો આપણે તેમની દરકાર લઈશું કારણ આજે નહીં તો આવતીકાલે આપણે પણ તે જ રસ્તે જવાનું છે તે યાદ રાખીશું.

વાયુસેના અધ્યક્ષ ભદોરિયાએ તેજસમાં ઉડાન ભરી

સ્વદેશી વિમાન તેજસની બીજી સ્કવોડ્રોન 'ફલાઈંગ બુલેટ્સ' વાયુસેનામાં સામેલ

કોયંબતૂર

કોરોનાના કહેર વચ્ચે દેશમાં નેપાળ અને ચીની સાથે બોર્ડર પર તણાવ જોવા મળી રહ્યો છે. જો કે ચીન સાથેના વધતા તણાવ વચ્ચે સ્વદેશી વિમાન તેજની બીજી સ્કવાડ્રન વાયુસેનામાં સામેલ કરવામાં આવી છે. આ સ્કવાડ્રનનું નામ ફલાઈંગ બુલેટ્સ રાખવામાં આવ્યું છે. જેની શરૂઆત વાયુસેનાના પ્રમુખ એર ચીફ માર્શલ ભદોરિયાએ કરી. વાયુસેનાના પ્રમુખે તેજસમાં ઉડાન ભરી.

આજે આ કાર્યક્રમનું આયોજન તામિલનાડુના કોયમ્બતૂરની પાસે આવેલ સુલૂર એરફોર્સ સ્ટેશન પર કરવામાં આવ્યું. આ સ્કવાડ્રન ૧૭ તેજસ વિમાનમાં રહિત છે. તેજસને ઉડાવનારી વાયુસેનાની આ બીજી સ્કવાડ્રન છે.

વાયુસેનાએ વેઈટેલેટ (હલકા) લડાકૂ વિમાન તેજસને એચએએલ પાસેથી ખરીદ્યું છે. નવેમ્બર ૨૦૧૬માં વાયુસેનાએ ૫૦,૦૨૫ કરોડ રૂપિયામાં ૮૩ તેજસ માર્ક-૧ ની ખરીદીને મંજૂરી આપી હતી. આ ડીલ પર અંતિમ સમજૂતિ અંદાજે ૪૦,૦૦૦ હજાર કરોડ રૂપિયા થયો છે. એટલે કે ગત કિંમત કરતાં ૧૦,૦૦૦ હજાર કરોડ રૂપિયા ઓછા છે.

નોંધપાત્ર છે કે એરફોર્સ સ્કવાડ્રન ૧૮ની શરૂઆત ૧૯૬૫માં આદર્શ વાક્ય 'તીવ્ર અને નિર્ભય' ની સાથે થઈ હતી. આ સ્કવાડ્રન ૧૫ એપ્રિલ ૨૦૧૬ પહેલા મિગ-૨૭ વિમાન ઉડાવી રહી હતી. સ્કવાડ્રનને આ વર્ષે ૧ એપ્રિલના રોજ સુલૂરમાં ફરી શરૂ કરવામાં આવી હતી.

જો લડાકૂ વિમાન તેજસની વાત કરીએ તો આ ચોથી પેઢીનું વેઈટલેસ વિમાન છે. જેની સરખામણી પોતાના જનરેશનના બધા ફાઈટર જેટસમાં સૌથી હલકા વિમાન તરીકે થાય છે.

સ્કવાડ્રનની ઉણપનો સામનો કરી રહેલ વાયુસેનાને આ વર્ષે ૩૬ રાફેલ લડાકૂ વિમાનનો પહેલો જથ્થો મળવા જઈ રહ્યો છે. આ વચ્ચે તેજસની એક નવી સ્કવાડ્રનનો સમાવેશ થવું વધુ એક રાહત ભર્યા સમાચાર છે.

પારકી આશા સદા નિરાશા

ટ્રેનની આશા છોડીને ૧૧ જણે સાઈકલ રિક્ષામાં આઠ દિવસ પ્રવાસ કર્યો

ગુરગાંવ

લોકડાઉનને કારણે ઘરખર્ચના બે છેડા ભેગા કરવા મથામણ કરી રહેલા અને શ્રમિક સ્પે. ટ્રેનમાં બેસીને જવાની આશા છોડી દીધા બાદ ૧૧ સાઈકલ રિક્ષાચાલકો આઠ દિવસમાં ૧૦૯૦ કિ. મી.નો પ્રવાસ કરી ગુરગાંવથી બિહારના મુઝફ્ફરાબાદ પહોંચ્યા હતા.

છેલ્લાં બે મહિનાથી તેમની પાસે કોઈ કામકાજ નહોતું અને આ લોકો રૂપિયા મોકલાવે તેની પરિવારજનો રાહ જોઈ રહ્યા હતા તેમ જ મકાનમાલિક ભાડાંની માગણી કરી રહ્યો હોવા વચ્ચે જનજીવન ફરી સમાન્ય ક્યારે થશે તેની અચોક્કસતા પ્રવર્તી રહી હોવાને કારણે તેમની ધીરજ ખૂટી જતાં તેમણે સાઈકલ રિક્ષામાં પ્રવાસ કરી વતન પહોંચવાનો નિર્ણય લીધો હતો. ૪૮ વર્ષના ભરતકુમારે શ્રમિક સ્પે. ટ્રેન માટે તેનું નામ રજિસ્ટર કરાવ્યું હતું.

સ્ટેશન પર આવી જવા માટે તેને ફોન આવશે તેની તે દરરોજ આતુરતાપૂર્વક રાહત જોતો હતો તેને બદલે દરરોજ મકાનમાલિકનો ફોન આવતો હતો અને ભાડું ક્યારે આપીશ એવો સવાલ તે કરતો હતો. કંટાળેલા અને હતાશ થયેલા કુમારે ગુરગાંવ રેલવે સ્ટેશને જવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તેને ત્યાં પણ પ્રવેશ આપવામાં આવ્યો નહોતો.

જોકે, રેલવે સ્ટેશન પર તેને એવા વધુ લોકો મળ્યા હતા જેઓ તેમની ટિકિટની સ્થિતિ અંગે પુછપરછ કરવા આવ્યા હતા. તેમાંથી ૧૧ જણ ભેગા થયા હતા અને તેમણે સાઈકલ રિક્ષામાં પ્રવાસ કરવાનો નિર્ણય લીધો હતો. આઠ દિવસના પ્રવાસ બાદ ૧૦૯૦ કિ.મી.નું અંતર કાપીને તેઓ તેમના વતન પહોંચ્યા હતા.

મોટાભાગના કેસો વુહાન શહેરમાંથી જ સામે આવતા ફફડાટ

ચીનમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું, લક્ષણો વગરના ૨૮ નવા કેસ

બેઈજિંગ

ચીનમાં કોરોના વાયરસે ફરી માથું ઊંચકતા એક કેસ સહિત ૨૮ એસિમ્પ્ટોમેટિક (લક્ષણો વગરના) ચેપના કેસ સામે આવ્યા છે. આરોગ્ય વિભાગના અધિકારીએ આપેલી માહિતી મુજબ બુધવારે આ તમામ કેસો સામે આવ્યો હોવાનું જણાયું છે. નવા સામે આવેલા કેસ પૈકી મોટાભાગના ૨૨ કેસ વુહાન શહેરમાંથી નોંધાયા છે. વુહાન શહેર અગાઉ કોરોના વાયરસનું ઉદ્ભવ સ્થાન રહ્યું હતું.

ચીનના નેશનલ હેલ્થ કમિશન (એનએચસી)ના જણાવ્યા મુજબ કોરોનાના લક્ષણો સાથેનો એક કેસ તેમજ ૨૮ લક્ષણો વગરના કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કુલ કેસ વધીને ૪૦૪ થઈ ગયા છે. આ તમામ કેસમાં ૨૭ વિદેશથી આવેલા લોકો છે જે તમામને મેડિકલ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. ચીનમાં મોટાપાયે લક્ષણો વગરના કોરોનાના કેસોની સંખ્યા વધતા સત્તાધીશોએ ૧.૧૨ કરોડની વસ્તીનો ન્યુક્લિક એસિડ ટેસ્ટ હાથધરવાનો નિર્ણય કર્યો છે.

મંગળવાર સુધીમાં હુબેઈમાં કોવિડ ૧૯ના પાંચ સક્રિય કેસ હતા જે પૈકી એકની સ્થિતિ ગંભીર જણાઈ હતી. પ્રાંતમાં એસિમ્પ્ટોમેટિક કેસની સંખ્યા ૩૩૨ રહી હોવાનું સ્થાનિક આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. આવા કેસોમાં દર્દીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવે છે પરંતુ તેનામાં તાવ, કફ કે ગળામાં ખરાશ જેવા કોઈ નક્કર લક્ષણો જોવા મળતા નથી. આવા દર્દીઓ અન્ય લોકોને ચેપ લગાડવા માટે સૌથી જોખમી સાબિત થઈ શકે છે. ચીનમાં કુલ પોઝિટિવ દર્દીઓનો આંક ૮૨,૯૯૩ પર પહોંચ્યો છે અને કુલ ૪,૬૩૪ લોકોના મોત થયા છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે માંગ્યો જવાબ

ફીમાં જમીન લેનારી ખાનગી હૉસ્પિટલ કોરોનાના દર્દીઓની મફત સારવાર કેમ નથી કરતી?

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના રોજ સામે આવી રહેલા નવા કેસોના કારણે સરકારી હૉસ્પિટલો પર દબાણ વધતું જઈ રહ્યું છે. એવામાં ખાનગી હૉસ્પિટલો પાસે મદદ લેવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે પરંતુ ખાનગી હૉસ્પિટલોમાં સારવાર ખૂબ મોંઘી થાય છે, જે દરેક દર્દીને પરવડે તેવું નથી. સુપ્રીમ કોર્ટ એ તેની પર ગંભીર નોંધ લેતા કેન્દ્ર સરકાર પાસે ખાનગી હૉસ્પિટલો અંગે માહિતી માંગી છે. કોર્ટે બુધવારે પૂછ્યું છે કે જો ખાનગી હૉસ્પિટલો મફતમાં કોરોના દર્દીઓનું સારવાર નથી કરતી તો સરકારે આ હૉસ્પિટલોને મફતમાં જમીન કેમ આપી?

બેન્ચનું નેતૃત્વ કરી રહેલી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એસ. એ. બોબડે એ સોલિસિટર જનરલ તુષાર મહેતાને પૂછ્યું કે, પ્રાઈવેટ હૉસ્પિટલો માટે સરકાર મફતમાં જમીન ફાળવે છે કે પછી ખૂબ સામાન્ય ચાર્જ લે છે. એવામાં આ હૉસ્પિટલોને આ મહામારીના સમયે સંક્રમિતોની મફતમાં સારવાર કરવી જોઈએ.

બેન્ચે સોલિસિટર જનરલને તે પ્રાઈવેટ હૉસ્પિટલોની યાદી તૈયાર કરવા માટે કહ્યું છે જેઓને ચેરિટી ગ્રાઉન્ડ પર જમીન મફતમાં ફાળવવામાં આવી હતી. કોર્ટે એક સપ્તાહમાં તેનો રિપોર્ટ સોંપવા માટે કહ્યું છે. કોર્ટે કહ્યું કે આપને આવી હૉસ્પિટલો વિશે જાણવું જોઈએ. આ હૉસ્પિટલોમાં ચેરિટી ગ્રાઉન્ડ પ શું કામ થાય છે.આ મામલામાં સચિન જૈન નામના એક વ્યક્તિએ અરજી દાખલ કરી હતી, જેની પર સુનાવણી કરતાં કોર્ટે આ ટિપ્પણી કરી. સચિન જૈને અરજીમાં દાવો કર્યો હતો કે પ્રાઈવેટ હૉસ્પિટલ કોવિડ-૧૯ દર્દીઓની સારવાર માટે ૧૦થી ૧૨ લાખ રૂપિયા ચાર્જ કરી રહી છે. જો કે, આ સારવારમાં કોઈ સર્જરી પણ નથી થતી.

દુનિયાના તમામ દેશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે વધુ રોકડ નાંખવાની જરૂર: ગડકરી

ન્યુ દિલ્હી

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ જણાવ્યું છે કે, કોરોના વાયરસથી પ્રભાવિત અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે બજારમાં વધારે રોકડ નાંખવાની જરૂર છે અને રાજ્ય સરકારોને ૨૦ લાખ કરોડ રૂપિયા ફાળવવા જોઈએ જ્યારે ૧૦ લાખ કરોડ રૂપિયા જાહેર-ખાનગી ભાગદારી રોકાણથી આવી શકે છે.

નિતિન ગડકરીએ જણાવ્યું કે, આનાથી કેન્દ્ર સરકાર દ્વારા જાહેરા કરાયેલા ૨૦ લાખ કરોડના પેકેજ સહિત ૫૦ લાખ કરોડ રૂપિયાની તરલતા બજારમાં આવશે જેનાથી અર્થવ્યવસ્થા પર કોરોનાની નકારાત્મક અસરનો સામનો કરવામાં મદદ મળશે.

તેમણે જણાવ્યું છે કે, હાલની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. સમગ્ર દુનિયા મુશ્કેલીનો સામનો કરી રહી છે. અમેરિકાએ સંકટનો સામનો કરવા માટે અમેરિકાએ બે ટ્રિલિયન ડોલરના પેકેજની જાહેરાત કરી છે જ્યારે જાપાને તેમના જીડીપીના ૧૨ ટકાની બરાબર પેકેજની જાહેરાત કરી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર પેકેજ જીડીપીના ૧૦ ટકાની બરાબર છે. ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, કોવિડ-૧૯થી પ્રભાવિત અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે હવે વધારે સંસાધન ભેગા કરી શકાય છે અને રાજ્યને વધારે ૨૦ લાખ કરોડ રૂપિયા ફાળવી શકાય છે અને લઘુત્તમ ૧૦ લાખ કરોડ રૂપિયા જાહેર-ખાનગી રોકાણ દ્વારા એકત્ર કરી શકાય છે. આનાથી અર્થવ્યવસ્થાને ૫૦લાખ કરોડ રૂપિયા આવશે જેનાથી અર્થવ્યવસ્થાને વેગ મળશે.

લોકડાઉનમાં રીક્ષા પાર્ક કરવાને લઈ ચાલક પર કરાયો પાઈપ વડે હુમલો

વડોદરા

મહિલા પોલીસ સ્ટેશન સામે ગઈકાલે બપોરે રિક્ષા પાર્ક કરવા બાબતે થયેલી તકરારમાં પાઈપ વડે હુમલાનો બનાવ બન્યો હતો. મણિયાર મહોલ્લામાં રહેતા અલ્લારખા સિંધીએ પોલીસને કહ્યું હતું કે,ગઈકાલે બપોરે સાજીદે મારૂં સ્કૂટર બીજાના ઘર પાસે મુકી તેની જગ્યાએ રિક્ષા પાર્ક કરતાં સાજીદ અને વસીમ વચ્ચે ઝઘડો થયો હતો. ઉમરવાડા આ વખતે હું પણ બહાર નીકળ્યો હતો અને મેં સાજીદને લોકડાઉન ચાલે છે ત્યારે રિક્ષા અંદર લાવવાની શી જરૂર છે તેમ કહેતાં સાજીદ અને ઈમરાને મને માર માર્યો હતો.સાજીદે મારા પર પાઈપ વડે હુમલો કર્યો હતો.પોલીસે સાજીદ, ઈમરાન અને રૂક્સાના સામે ફરિયાદ નોંધી છે.

મોડાસા લોકડાઉનમાં માર્કેટયાર્ડમાં ખેત-પેદાશની આવક શરૂ

અરવલ્લી

જિલ્લાના મોડાસા માર્કેટયાર્ડમાં વહેલી સવારથી જ ખેડૂતો હરાજીમાં પોતાનો પાક વેચવા માટે મોટી સંખ્યા આવી પહોંચે છે. જાહેર હરાજીમાં ઘઉંનો ભાવ મણે સરેરાશ ૩૪૦ થી ૪૦૦ રૂપિયા બોલાય છે. જ્યારે સરકારી ટેકાનો ભાવ મણે રૂ. ૩૮૫ છે. જો કે, રોકડ નાણાં માટે ખેડૂતો જાહેર હરાજીમાં ઘઉં વેચવાનું પસંદ કરે છે. અત્રે નોંધનીય છે કે, ચોમાસાની સિઝન શરૂ થવાના હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે મોટા ભાગના ખેડૂતો પાસે હજુ ગત સિઝનનો માલ પડ્યો છે. મોડાસા માર્કેટ યાર્ડમા નિયમો હળવા થતા ખેડૂતોને રહાત થઈ છે.

અમરેલી જિલ્લામાં કોરોનાનો વધુ એક કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૮ થઈ

અમરેલી

સમગ્ર રાજ્યમાં કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે ત્યારે અમરેલી જિલ્લામાં પણ કોરોનાનો કહેર યથાવત છે. જિલ્લામાં બુધવારે વધુ એક કોરોનાનો કેસ આવતા કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૮ થઈ છે. ૨૩ મેના રોજ બોરીવલી-સાવરકુંડલા ટ્રેનમાં આવેલી ૪૫ વર્ષીય મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ મહિલાને ટ્રેનમાં આવ્યા બાદ સીધા ધારી કોરેન્ટાઈન સેન્ટરમાં રાખવામાં આવ્યા હતા. દર્દી મૂળ બગસરા તાલુકાના જુના જાંજરીયાના વતની છે. ૨૪ મેના રોજ તેમને ઘરે મોકલી દેવામાં આવ્યા હતા, પરંતુ તાવ, ઉધરસ જેવા લક્ષણો જણાતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેનો બુધવારે કોરાનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.



ગુહાહાટીમાં બ્રહ્મપુત્રા નદીની વચ્ચે અહોમ લેફ્ટનન્ટ લચિત બોરફુકનની પ્રતિમા ઉપર આકાશને ઢાકતા ઘેરા વાદળો છવાયા છે.



પ્રયાગરાજમાં ટ્રાફિક પોલીસ જવાન લોકડાઉન વચ્ચે ઉનાળાના દિવસ દરમિયાન પાણી પીવે છે.

પાક.વડાપ્રધાને ઈમરાન ખાને ભારત વિરુદ્ધ ઝેર ઓક્યુ

હિંદુત્વવાદી મોદી સરકારની અભિમાની વિસ્તારવાદી નીતિઓ નાઝી વિચારધારા સમાન

ઈસ્લામાબાદ

કોરોના સંકટનાં કારણે જ્યારે દુનિયાભરનાં રાષ્ટ્રઅધ્યક્ષો આ પડકારને પહોંચી વળવા સંપૂર્ણ તાકાત લગાવી રહ્યા છે ત્યારે પાકિસ્તાનનાં વડાપ્રધાન ભારત વિરોધી પ્રોપગેંડા ફેલાવવામાં જ વ્યસ્ત છે. પાકિસ્તાનનાં વડાપ્રધાન ઈમરાન ખાને નેપાળ અને ચીનની સાથે ચાલી રહેલા સહરદ વિવાદને લઈને મોદી સરકાર પર પ્રહાર કર્યા છે.

ઈમરાન ખાને ટ્વીટ કરીને લખ્યું કે, 'હિંદુત્વવાદી મોદી સરકારની અભિમાની વિસ્તારવાદી નીતિઓ નાઝી વિચારધારા સમાન છે. ભારત પોતાના પાડોશીઓ માટે ખતરો બની રહ્યું છે. નાગરિકતા કાયદાનાં માધ્યમથી બાંગ્લાદેશ, નેપાળ-ચીન સાથે સરહદ વિવાદ અને પાકિસ્તાનને જૂઠા સૈન્ય ઑપરેશનો કરવાની ધમકી આપી રહ્યું છે.' ઈમરાન ખાન કેટલાક દિવસનાં અંતરે ભારત વિરોધી ટ્વીટ કરે છે.

થોડાક દિવસ પહેલા જ તેમણે ટ્વીટ કર્યું હતુ કે, 'કાશ્મીર પર મોદીની આરએસએસ પ્રેરિત નીતિ સ્પષ્ટ છે. ગેરકાયદેસર રીતે છીનવવામાં આવેલા ક્ષેત્રમાં કાશ્મીઓને પોતાનો નિર્ણય લેવાથી વંચિત કરવામાં આવી રહ્યા છે.' ઈમરાન ખાને આરોપ લગાવ્યો હતો કે કાશ્મીરમાં રહેતા લોકોની સાથે મોદી સરકાર અમાનવીય વલણ અપનાવી રહ્યું છે અને તેમને શક્તિશાળી તાકાતથી દબાવવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ભારતે વૈશ્વિક સ્તરે સ્પષ્ટ કર્યું છે કે કાશ્મીરથી આર્ટિકલ ૩૭૦ હટાવવી અમારો આંતરિક મુદ્દો છે જેથી આના પર કોઈ દેશ પ્રશ્ન ના ઉઠાવે.

પાકિસ્તાનના વિદેશમંત્રી કુરેશી મોદીને ઘેરવાની કોશિશમાં પોતે ટ્રોલ થયા

કરાચી

પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઘેરવાની કોશિશમાં પોતે ટ્રોલ થઈ ગયા. કુરેશી પીએમ મોદી ઉપર કથિત સર્વશ્રેષ્ઠ હિન્દુવાદી વિચારધારાને લઈને હુમલો કરવા ઈચ્છતા હતા, પરંતુ ટ્વિટમાં તેઓ મોટી ભૂલ કરી બેઠા. ટ્વિટર ઉપર ફજેતી થતા કુરેશીએ પોસ્ટ ડીલીટ કરી દીધી.

કુરેશીએ લખ્યુ હતું કે અમે ચુપચાપ બેસીને વધુ એક ગુજરાત નહીં થવા દઈએ. મુસ્લિમ વિરોધી હિંસા અને ઈસ્લામોફોબિયાના વધતા કેસને રોકવામાં પાકિસ્તાનને ઈસ્લામિક સહયોગ સંગઠનનું સમર્થન મળ્યું છે અને તેની સામેની કાર્યવાહી માટે પાકિસ્તાન ઓઆઈસી સાથે મળીને એક સમુહ બનાવશે. તેના પછી કુરેશીએ વધુ એક ટ્વિટ કર્યું, જેના પર લોકોએ અનેક સવાલો કર્યા.

તેઓએ લખ્યું કે પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્ર અને ઈસ્લામિક સહયોગ સંગઠનને સતત અપીલ કરતું રહ્યું છે કે તે ઈસ્લામોફોબિયાની વધતી ઘટનાઓ, હિંસા અને ક્ષેત્રીય અસ્થિરતા ઉપરાંત મોદીની દ્રવિડિયન શ્રેષ્ઠતાની વિચારધારાની પણ નિંદા કરે છે. અમે યુએન પ્રમુખ એન્ટોનિયો ગુટેરેસની ઈસ્લામિકફોબિયાને કાઉન્ટર કરવા માટેની પહેલનું સ્વાગત કરીએ છીએ. ટ્વિટમાં દ્રવિડિયન શબ્દનો ઉપયોગ કરવાને લઈને કુરેશી ઘેરાઈ ગયા હતા. દ્રવિડિયન સામાન્ય રીતે દક્ષિણ ભારત, દક્ષિણ-પૂર્વ એશિયા અને શ્રીલંકાના લોકોના સંદર્ભમાં ઉપયોગ કરાય છે. જ્યારે ઉત્તર ભારતીયો સાથે આર્યોને જોડવામાં આવે છે.

અમેરિકામાં પાકિસ્તાનના પૂર્વ રાજદૂત હુસેન હક્કાનીએ લખ્યું કે એવું લાગે છે કે પાકિસ્તાનના વિદેશ મંત્રી અને જે લોકો તેમના માટે ટ્વિટ કરે છે તેઓને ભારતના ઈતિહાસ વિશે ખ્યાલ જ નથી. આર્યન ઉત્તર ભારતીયો માટે દ્રવિડિયન સુપ્રેમેસિસ્ટ આઈડિયાલોજીનો ઉપયોગ કરવો પાકિસ્તાન માટે તુર્કી ઉત્પતિનો દાવો કરવાથી પણ વધારે પરેશાન કરનાર છે.

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટની ડબલ બેંચનો ચુકાદો

યુવક-યુવતી બે દિવસ સાથે રહે તો પણ લિવ-ઈન રિલેશનશિપ ગણાય

ચંડીગઢ

લાંબા સમય સુધી સંબંધ રાખતા સાથે રહેવું જ લિવ ઈન રિલેશનશિપ નથી તમે ફક્ત બે દિવસ પણ આ પ્રકારે સાથે રહો છો તો પણ લિવ ઈન રિલેશનશિપ માનવામાં આવે છે.પંજાબ અને હરિયાણા હાઈકોર્ટની ડબલ બેન્ચે આ ટિપ્પણી પ્રેમી દ્વારા પ્રેમિકાની કસ્ટડી તેના માતા-પિતા પાસેથી લઈને તેને સોંપવાની અપીલની અરજી પર કરી છે.

આ પહેલા સિંગલ બેન્ચ સમક્ષ અરજી દાખલ કરતા અરજીકર્તાએ કહ્યું હતું કે તેની પ્રેમિકા તેની સાથે લિન ઈન રિલેશનશિપમાં રહેતી હતી. આ દરમિયાન તેના પરિવારજનો તેને બળપૂર્વક સાથે લઈ ગયા હતા.

સિંગલ બેન્ચે કહ્યું હતું કે એવી કોઈ સાબિતી નથી કે જેનાથી સાબિત થાય કે યુવતી તેની સાથે લિવ ઈન રિલેશનશિપમાં હતી. આ બધું યુવતીને બદનામ કરવાનું ષડયંત્ર છે. આ ટિપ્પણી સાથે સિંગલ બેન્ચે ૧ લાખ દંડ ફટકારતા આ રકમ યુવતીને આપવા કહ્યું હતું.

સિંગલ બેન્ચના નિર્ણય સામે ડિવિઝન બેન્ચમાં અપીલ દાખલ કરવામાં આવી હતી. જેમાં સુનાવણી દરમિયાન કહેવામાં આવ્યું હતું કે યુવતી અને યુવક થોડોક સમય જ સાથે રહ્યા હતા.

જેથી તેને લિવ ઈન રિલેશનશિપ માની શકાય નહીં. આ મુદ્દે હાઈકોર્ટે કહ્યું હતું કે જરુરી નથી કે યુવક અને યુવતી લાંબો સમય સાથે રહે. જો બે દિવસ પણ બંને એકસાથે રહે છે તો તે લિંવ ઈન રિલેશનશિપની શ્રેણીમાં આવે છે.

જોકે હાઈકોર્ટ દ્વારા યુવકની ઉંમર પુછવામાં આવી તો યુવક ૨૦ વર્ષનો હતો. જેથી તેની કસ્ટીમાં આપવાની માંગ ફગાવી દીધી હતી.હાઈકોર્ટે કહ્યું કે યુવક ૨૧ વર્ષની ઉંમરમાં પુખ્ત થાય છે અને તે પહેલા લગ્ન પણ કરી શકે નહીં. આવા સમયે યુવતીની કસ્ટડી તેને આપી શકાય નહીં.

ભારતની સાથે સરહદ પર સ્થિતિ સંપૂર્ણ રીતે સ્થિર અને નિયંત્રણ હેઠળ: ચીન

બેઇજિંગ/ન્યુ દિલ્હી

ચીનથી ફેલાયેલા કોરોના વાયરસનાં કારણે આખી દુનિયા મુશ્કેલીમાં છે, પરંતુ ડ્રેગન પોતાના કાળાકામો પર પડદો પાડવા માટે અલગ જ ગેમ રમી રહ્યું છે. ભારતથી અડીને આવેલી સરહદ પર બંને દેશોનાં સૈનિકો વચ્ચે થયેલી મારામારી બાદ ચીને ના ફક્ત પોતાના સૈનિકોની સંખ્યા સરહદ પાસે તૈનાત કરી દીધી છે, પરંતુ હવે શાંતિદૂત બનીને તણાવને સ્થિર ગણાવી રહ્યું છે.

ચીની વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારતની સાથે સરહદ પર સ્થિતિ સંપૂર્ણ રીતે સ્થિર અને નિયંત્રણ યોગ્ય છે. બંને દેશો પાસે વાતચીત અને વિચાર-વિમર્શ કરીને મુદ્દાનો હલ કરવા માટે યોગ્ય તંત્ર અને સંચાર માધ્યમ પણ ઉપલબ્ધ છે. વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારત અને ચીનની સેનાઓની વચ્ચે ચાલી રહેલા વિવાદ પર ચીનનાં વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા ઝાઓ લિજિઆને કહ્યું કે, સીમાથી જોડાયેલા મુદ્દાઓ પર ચીનનું વલણ સ્પષ્ટ અને સુસંગત છે. અમે બંને નેતાઓ વચ્ચે થયેલી મહત્વપૂર્ણ સહમતિ અને બંને દેશોની વચ્ચે થયેલા કરારનું સખ્ત પાલન કરતા રહીએ છીએ. ઉલ્લેખનીય છે કે ચીની વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા ચીનનાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨ અનૌપચારિક બેઠકો બાદ તેમના એ નિર્દેશોનો ઉલ્લેખ કરી રહ્યા હતા જેમાં તેમણે બંને દેશની સેનાઓને પરસ્પર વિશ્વાસ પેદા કરવા તરફ પગલા ઉઠાવવા કહ્યું હતુ. વર્તમાન તણાવ ત્યારે શરૂ થયો જ્યારે ભારતીય સીમામાં ચાલી રહેલા નિર્માણકાર્ય પર ચીને વાંધો ઉઠાવ્યો હતો.

એસબીઆઈનો ગ્રાહકોને ઝટકો: એફડી પર વ્યાજ ૦.૪૦ ટકા ઘટાડો કર્યો

ન્યુ દિલ્હી

દેશની સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈએ ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો છે. બેંકે તમામ મુદતની ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજ દરમાં ૦.૪૦ ટકાનો ઘટાડો કર્યો છે. એસબીઆઈના નવા ઘટેલા દર આજથી જ લાગુ થઈ ગયા છે. એસબીઆઈએ તેની વેબસાઈટ પર આ વાતની જાણકારી આપી છે. એક મહિનામાં બેંકના ગ્રાહકોને આ બીજો મોટો ઝટકો છે. એસબીઆઈએ મેની શરૂઆતમાં પણ એફડી પર વ્યાજ દર ઘટાડવાનો ફેંસલો કરી ગ્રાહકોને મળનારું રિટર્ન ઘટાડી દીધું હતું.

આ ઉપરાંત એસબીઆઈએ બલ્ક ડિપોઝિટ્સ પર વ્યાજ દર ઘટાડી દીધા છે. ૨ કરોડ કે તેથી વધારેની બલ્ક ડિપોઝિટ પર વ્યાજ દરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે. બલ્ક ડિપોઝિટ પર જમાકર્તાને વધારેમાં વધારે ૩ ટકા સુધી વ્યાજ મળશે. આ દર પણ આજથી લાગુ થઈ ગયા છે.

અમેરિકામાં મૃત્યુઆંક ૧ લાખને પાર, ૧૭ લાખથી વધુ લોકો સંક્રમિત

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના વાયરસને કહેર સતત વધી રહ્યો છે. અમેરિકામાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૭ લાખથી વધારે થઈ ગઈ છે અને મૃત્યુઆંક ૧ લાખને પાર થઈ ગયો છે. દુનિયાભરમાં કોરોના વાયરસના આંકડા પર નજર રાખનારી વેબસાઈટ વર્લ્ડોમીટર મુજબ, અમેરિકામાં બુધવારે કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૭,૨૫,૨૭૫ થઈ ગઈ છે જ્યારે ૧,૦૦,૫૭૨ લોકોના મોત થયા છે.

અમેરિકામાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ સામે આવ્યા છે. બ્રાઝીલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૩,૯૪,૫૦૭ થઈ ગયા છે અને ૨૪,૫૯૩ લોકોએ કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. રશિયામાં પણ કોરોના વાયરસથી ૩,૬૨,૩૪૨ લોકો સંક્રમિત થઈ ગયા છે જ્યારે ૩,૮૦૭ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. જો કે પશ્ચિમ દેશો રશિયામાં મૃત્યુઆંકને લઈને સવાલ ઉભા કરી રહ્યા છે.

રાજસ્થાન સરકારે ૧ કરોડ લીધા બાદ વિદ્યાર્થીઓની ટ્રેન ચલાવી: સુશીલ મોદીનો આક્ષેપ

પટના

બિહારના ઉપમુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીએ રાજસ્થાન સરકાર પર ગંભીર આક્ષેપ કર્યો છે. સુશીલ મોદીએ કહ્યું કે એક કરોડ જમા કરાવ્યા બાદ જ રાજસ્થાનની કોંગ્રેસ સરકારે બિહારના વિદ્યાર્થીઓની ટ્રેન ચાલવા દીધી. આ સાથે સુશીલ મોદીએ લાલુ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ(રાજદ)ને પણ સવાલ કર્યો હતો. ડેપ્યુટી સીએમ સુશીલકુમાર મોદીએ બુધવારે કહ્યું કે 'રાજસ્થાનના કોટામાં ફસાયેલા બિહારના વિદ્યાર્થીઓને પાછા લાવવા માટે કોંગ્રેસ અને રાજદએ બસ મોકલવા અને ટ્રેનનું ભાડું આપવાની મોટી મોટી વાતો કરી હતી, પણ એ બધો જ દેખાડો સાબિત થયો છે. ગહેલોત સરકાર પર આરોપ લગાવતા સુશીલ કુમાર મોદીએ કહ્યું કે, 'કોટાથી ૧૮ હજાર વિદ્યાર્થીઓને પાછા લાવવા જ્યારે ૧૩ વિશેષ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી ત્યારે ત્યાંની કોંગ્રેસ સરકારે વિદ્યાર્થીના ભાડાના ૧ કરોડ રુપિયા બિહાર સરકાર પાસે જમા કરાવ્યા એ બાદ ટ્રેનોને ચાલવા દિધી હતી. રાહુલ ગાંધી પર નિશાનો સાધતા સુશીન કુમારે મોદીને કહ્યુ કે બીજી તરફ રાહુલ ગાંધી ચુંટણી પ્રતિષ્ઠા બચાવનારા કેરળના લોકોને બિહારથી પાછા મોકલવા માટે કોંગ્રેસે ૩ બસોનું ભાડું ચુકવ્યુ છે.

શેરબજારમાં તેજી: સેન્સેક્સ ૯૯૫ અંકના વધારા સાથે બંધ

મુંબઈ

ચાલુ મહિનાના ફ્યુચર એન્ડ ઓપ્શનની એક્સપાયરી અગાઉ શેરબજારમાં જોરદાર ઉછાળો નોંધાયો છે. આજે સેન્સેક્સ ૯૯૫ જ્યારે નિફ્ટી ૨૮૫ પોઈન્ટ્સના ઉછાળા સાથે બંધ થયા છે. આજે બેંક અને ફાઈનાન્સ શેર્સમાં જોરદાર તેજી જોવા મળી હતી. છેલ્લા બે મહિનામાં જોરદાર ધોવાયેલા એક્સિસ અને ICICI આજે અનુક્રમે ૧૩.૪૬ ટકા અને ૮.૯૭ ટકા ઉછળ્યા હતા.

શેરબજાર બંધ થયું ત્યારે સેન્સેક્સના ત્રીસમાંથી ૨૪ શેર્સ ગ્રીન ઝોનમાં હતા. જેમાં બેંક, આઈટીમાં સૌથી વધારે ઉછાળો જોવા મળ્યો હતો. આજે સેન્સેક્સ ૩૦,૭૯૩ના સ્તર પર ખૂલી એક સમયે ૩૦,૫૨૫ સુધી ગગડ્યો હતો, પરંતુ અચાનક જ મોટાપાયે લેવાલી નીકળતા તેમાં સૌથી નીચલી સપાટીથી ૧૧૦૦ પોઈન્ટ્સ જેટલી રીકવરી જોવા મળી હતી.

સૌથી વધેલા શેર્સમાં આજે એક્સિસ ૧૩.૪૬ ટકાના વધારા સાથે રુ. ૩૮૭.૫૩, ICICI ૮.૯૭ ટકાના વધારા સાથે રુ. ૩૧૮.૮૦, HDFC બેંક ૫.૯૧ ટકાના વધારા સાથે રુ. ૯૦૩, ઈન્ડસિન્ડ બેંક ૫.૮૪ ટકાના વધારા સાથે રુ. ૩૬૮.૫૫ અને બજાજ ફાઈનાન્સ ૫.૮૪ ટકાના વધારા સાથે રુ. ૧૯૩૬.૮૫ના સ્તરે બંધ થયા હતા. આઈટી શેર્સની વાત કરીએ તો, ઈન્ફોસિસ આજે ૩.૭૦ ટકા ઉછળી ૭૦૫.૩૦ રુપિયા જ્યારે ટીસીએસ ૩.૧૮ ટકા ઉછળી ૨૦૦૫.૧૦ રુપિયાના લેવલે બંધ આવ્યા હતા. આ સિવાય ઓટો શેર્સમાં પણ સામાન્ય વધારો જોવા મળ્યો હતો. જોકે, આજે સેન્સેક્સમાં મારુતિ, એશિયન પેઈન્ટ્સ, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, સનફાર્મા તેમજ પાવરગ્રીડમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ગૂગલ કર્મચારીઓને ઘરેથી કામ કરવા સંબંધિત જરૂરી ચીજવસ્તુ ખરીદવા માટે ૭૫ હજાર આપશે

ન્યૂયોર્ક

આલ્ફાબેટ કંપની ગૂગલ (ગૂગલ)ના સીઈઓ સુંદર પિચાઈએ તેમના તમામ કર્મચારીઓને ઘરેથી કામ કરવા માટે, કમ્પ્યુટર, આરામદાયક ફર્નિચર અને અન્ય ઉપકરણો ખરીદવામાં સહાય માટે ૧૦૦૦ ડોલર (આશરે ૭૫,૦૦૦ રૂપિયા)ની ચુકવણીની જાહેરાત કરી છે. કંપની ૬ જુલાઈ, ૨૦૨૦થી ન્યુનત્તમ કાર્યબળ સાથે ઓફિસ કામગીરી શરૂ કરવાની યોજના ધરાવે છે. જોકે, કંપનીએ કહ્યું છે કે તેમના કર્મચારીઓ કે જેઓ હાલમાં ઘરેથી કામ કરી રહ્યા છે તેઓને આ વર્ષના અંત સુધી આ સુવિધા મળતી રહેશે.

કંપનીના સીઈઓ સુંદર પિચાઈએ મંગળવારે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે પ્રારંભિક તબક્કામાં કંપની માત્ર ૧૦% કર્મચારીઓ સાથે ઓફિસો ખોલી રહી છે. જો સંજોગો અનુકૂળ રહેશે, તો રોટેશન સિસ્ટમને આગળ વધારીને ગૂગલ સપ્ટેમ્બર સુધીમાં ૩૦% ઓફિસ ક્ષમતા પ્રાપ્ત કરશે. પિચાઈએ કહ્યું, અમે હજી પણ માનીએ છીએ કે મોટી સંખ્યામાં ગૂગલ બાકીના વર્ષ માટે પણ વર્ક ફ્રોમ હોમ પસંદ કરશે, તેથી આપણે દરેક ગુગલરોને ૧૦૦૦ ડોલર અથવા કર્મચારીના દેશમાં તેના સમકક્ષના ભથ્થું આપવામાં આવશે. આ રકમ જરૂરી સાધનો અને ઓફિસના ફર્નિચરના ખર્ચ માટે છે.

પિચાઈના જણાવ્યા મુજબ, મર્યાદિત સંખ્યામાં કર્મચારીઓએ આ વર્ષના બાકીના સમય માટે ઓફિસમાં કામ કરવું જરૂરી છે. તેણે કહ્યું, જો તમારે ઓફિસમાંથી કામ કરવાની જરૂર હોય, તો તમારા મેનેજર ૧૦ જૂન સુધીમાં તમને જણાવી દેશે. વર્ષના અંત સુધીમાં ઓફિસો પર પાછા ફરવું એ દરેક માટે સ્વૈચ્છિક રહેશે.

દેશમાં સ્વતંત્રતા બાદની સૌથી મોટી આર્થિક સુનામી આવશે

ચાલુ વર્ષે ભારતનો જીડીપી -૫% રહેવાનો અંદાજ: ફિચ

૨૦૨૧-૨૨માં ભારતનો વૃદ્ધિ દર સુધારાની સાથે ૯.૫ ટકા સુધી પહોંચી શકે

ન્યુ દિલ્હી

રેટિંગ એજન્સી ફિચે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતીય અર્થવ્યવસ્થાના અંદાજમાં મોટો ઘટાડો કર્યો છે. એજન્સીના મતે, આ વર્ષ ભારતનો આર્થિક વિકાસ દર -૫ ટકા સુધી રહી શકે છે. અગાઉ એપ્રિલમાં ફિચ ૦.૮ ટકાના ગ્રોથનો અંદાજ વ્યક્ત કર્યો હતો. એજન્સી મુજબ, આર્થિક ગતવિધિઓ પર રોક અને લોકડાઉનમાં અત્યંત કડક નીતિને કારણે આવી સ્થિતિ પેદા થઈ શકે છે. ફિચે જણાવ્યું છે કે, ભારતના આર્થિક ગ્રોથના અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને પહેલા અંદાજ ૦.૮ ટકા હતો હવે તેમાં ફેરફાર કરીને અર્થવ્યવસ્થામાં ૫ ટકાના ઘટાડાનો અંદાજ વ્યક્ત કરવામાં આવે છે.

ફિચે જણાવ્યું કે, ભારતે લોકડાઉનની કડક નીતિનું પાલન કર્યું છે અને જે ઘણા સમય સુધી ચાલ્યું છે. શરૂઆતમાં થોડા સપ્તાહના જ લોકડાઉનનો અંદાજ હતો પરંતુ હવે અંદાજમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું છે કે, તેમણે મે મહિનાના પોતાના વૈશ્વિક અંદાજમાં ઘટાડો કર્યો છે. વૈશ્વિક આર્થિક ગતિવિધિ ધીમે-ધીમે સમાપ્ત થઈ રહી છે. સૌથી વધારે ઘટાડો ભારતના વૃદ્ધિ દરમાં કરાયો છે. ચાલું નાણાંકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થામાં પાંચ ટકાનો ઘટાડો આવશે. અગાઉ ભારતીય અર્થવ્યવસ્થામાં ૦.૮ ટકાની વૃદ્ધિનો અંદાજ વ્યક્ત કરાયો હતો.

અર્થવ્યવસ્થામાં સુસ્તીને લઈને ફિચે જણાવ્યું છે કે, લોકડાઉન લંબાવવાને કારણે મુશ્કેલી થઈ છે જેને કારણે આર્થિક સુસ્તીમાં વધારો થયો છે. આર્થિક ગતિવિધિઓના જે આંકડા સામે આવી રહ્યા છે જે ખૂબજ નબળા છે. આ સાથે જ એજન્સીએ વર્ષ ૨૦૧૯-૨૦માં વૃદ્ધિ દર ૩.૯ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત ફિચે જણાવ્યું છે કે, ૨૦૨૧-૨૨માં ભારતનો વૃદ્ધિ દર સુધારાની સાથે ૯.૫ ટકા સુધી પહોંચી શકે છે.

કાલુપુર માર્કેટ ખૂલતા જ પાન-મસાલા માટે છૂટક વેપારીઓની ભીડ, બાઉન્સરો કરાયા તૈનાત

અમદાવાદ

આજથી અમદાવાદમાં આવેલું કાલુપુર પાન માર્કેટ ફરીથી ધમધમતુ થયું છે. આજથી કાલુપુરમાં અનાજનું હોલસેલ માર્કેટ ખૂલી ગયું છે. તો બે મહિના બાદ કાલુપુરનું પાન માર્કેટ પણ આજે ખુલ્યું છે. સવારે ૮ વાગ્યાથી ૧ વાગ્યા સુધી વેપારીઓ વેપાર કરી શકશે. માર્કેટ ખૂલતા જ છૂટક વેપારીઓ મોટી સંખ્યામાં પાન, મસાલા, બીડી, સિગરેટ લેવા માટે વહેલી સવારે જ પહોંચી ગયા હતા. માર્કેટ ખૂલતાની સાથે જ લોકો ઉમટી પડતા પાન માર્કેટના પ્રેસિડેન્ટ દ્વારા તમામ વેપારીઓને સોશિયલ ડિસ્ટનસિંગનું પાલન કરવા વિનંતી કરાઈ છે.

માર્કેટ ખુલતાની સાથે જ લાગી લાંબી લાઈન લાગી ગઈ હતી. છૂટક વેપારીઓની ભીડને કાબુમાં રાખવા બાઉન્સર પણ મૂકવામાં આવ્યા છે. બાઉન્સરો દ્વારા ભીડને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા સમજાવવામાં આવી રહ્યું છે. પાન બજારમાં પ્રવેશ અને બહાર નીકળવાનો જુદો જુદો માર્ગ રાખવામાં આવ્યો છે, જેથી કોરોનાનું સંક્રમણ અટકી શકાય. આજથી અમદાવાદના કાલુપુરમાં આવેલા ચોખા બજાર અને લાટ બજારમાં આવેલી દુકાનો અને ગોડાઉન ખૂલ્યા છે. બે મહિના બાદ દુકાનો ખૂલતા વેપારીઓ પણ ખુશખુશાલ જોવા મળ્યા હતા.

તો હવે સવારે ૬ થી ૮ દરમિયાન ટ્રક મારફતે બહારથી ચોખા બજાર અને લાટ માર્કેટમાં ઘઉં અને ચોખાની બોરીઓ આવી શકશે. સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી હાલ દુકાન અને ગોડાઉન ખોલવાની પરવાનગી આપવામાં આવી છે. છેલ્લા ૨૦ દિવસથી કાલુપુરમાં આવેલું ચોખા બજાર અને લાટ માર્કેટ બંધ કરાયું હતું. સોશિયલ ડિસ્ટનસિંગનું પાલન ન થતું હોવાથી બંધ કરવાનો લેવાયો હતો. આજે કાલુપુરમાં રિટેઈલ માર્કેટ બંધ કરાવાયું હતું. માત્ર હોલસેલના વેપારીઓને જ પરવાનગી આપવામાં આવી હોવાથી રિટેઈલ માર્કેટ ઓપન કરવા દેવાયું ન હતું.

સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોનાના વધુ ૬ કેસ નોંધાતા તંત્રમાં ફફડાટ

સુરેન્દ્રનગર

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં કોરોનાના સૌથી વધુ કેસ અમદાવાદમાં છે. ત્યારે લોકડાઉનમાં છૂટ મળતાં લોકો વતન પરત ફરતાં ગ્રામ્ય વિસ્તારો તેમજ અન્ય જિલ્લાઓમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં વધુ છ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી, ધ્રાંગધ્રા અને ચુડા તાલુકાના ગામોમાં ૬ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. ધ્રાંગધ્રા તાલુકાના ઈસદ્રા, કોંઢ અને જેગડવામાં એક-એક કેસ મળી ત્રણ કેસ નોંધાયા છે. ચુડા તાલુકાના બલાળામા બે અને પાટડી તાલુકાના અખિયાણામાં એક મળી કૂલ ૬ કેસ કોરોના પોઝિટિવ આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

હાલ, તમામ દર્દીઓને સારવાર અર્થે સુરેન્દ્રનગર શહેરની મુખ્ય સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. પ્રાથમિક તપાસમાં તમામની ટ્રાવેલ હિસ્ટ્રી બહારગામની હોવાનું બહાર આવ્યું છે. જિલ્લાનો કોરોના પોઝિટિવ આંક ૩૦ એ પહોંચ્યો છે.

બિયારણના વધુ રૂપિયા વસૂલતી કંપની સામે કાર્યવાહી કરાશે : કુંવરજી બાવળિયા

પશુપાલકોને પશુ દીઠ રૂ.૨૫ ની સહાય સબસીડી આપવાની શરૂઆત કરી દેવામાં આવી

રાજકોટ

ગુજરાત રાજ્યની કેબિનેટ કક્ષાની આજ રોજ બેઠક મળી હતી. આ બેઠકમાં રાજકોટની કલેક્ટર કચેરી ખાતેથી વીડિયો કોન્ફરન્સ મારફતે કેબિનેટ કક્ષાના મંત્રી જયેશ રાદડીયા અને કુંવરજી બાવળિયા જોડાયા હતા. લોકડાઉનના પગલે કેબિનેટની બેઠક વીડિયો કોન્ફરન્સ મારફત કરવામાં આવી રહી છે. આજે રાજકોટ ખાતે વીડિયો કોંફોરન્સ મારફત કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ કુંવરજીભાઈ બાવળીયા મીડિયા સાથે વાતચીત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, રાજયમાં કોઈ પણ જગ્યાએ પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાઈ તે માટે સૂચના આપવામાં આવી છે. ખાસ કરી ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારમાં પીવાના પાણી ની અછત હતી ત્યાં અધિકારીઓને સાથે રાખી પીવાના પાણી વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે.

આ ઉપરાંત મોટાભાગના વિસ્તારમાં પાઇપલાઇન મારફત પાણી આપવામાં આવે છે અને જયાં પાઇપલાઇન ન હોય ત્યાં ટેકરથી પાણી પહોંચાડવા નિર્ણય કરવામાં આવ્યો છે. પશુપાલન વિભાગની વાત કરતા જણાવ્યું હતું કે, પશુપાલકોને પશુ દીઠ ૨૫ રૂપિયાની સહાય સબસીડી આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. કેટલીક ખાનગી કંપનીઓ બિયારણના વધુ રૂપિયા વસુલ કરી રહી છે, જેની સામે કાર્યવાહી કરવા કૃષિ મંત્રી સાથે વાત કરી યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી છે. કેબિનેટ કક્ષાની મીટિંગ પૂર્ણ થતા જયેશ રાદડિયાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, લોકડાઉનની પરિસ્થિતિ અંતર્ગત પુરવઠા વિભાગ દ્વારા મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

બે માસ દરમિયાન એપીએલ અને બીપીએલ પરિવારોને વિનામૂલ્યે અનાજ આપવામાં આવ્યું છે. એક કરોડ જેટલા પરિવારોને નિશુલ્ક અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. તુવેરની ખરીદીની પ્રક્રિયા ટેકાના ભાવે પૂર્ણ કરી લેવામાં આવી છે, તો ઘઉંની ટેકાના ભાવે ખરીદી હજુ પણ શરૂ છે. રાજ્યમાં કોઈપણ જગ્યાએ ખાદ્ય પદાર્થોની કાળા બજાર થતી હશે તો ત્યાં પુરવઠા વિભાગ દ્વારા દરોડાની કામગીરી પણ કરવામાં આવશે. અમદાવાદમાં પણ કેટલીક ફરિયાદો સામે આવી છે. દુકાનો ખુલતા ત્યાં વસ્તુઓના ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે તે તમામ જગ્યાએ પણ પુરવઠા વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

મોડાસામાં લોકલ ટ્રાન્સમિશનનો ભય, તંત્રએ આપેલી છૂટનો દુરુપયોગ

મોડાસા

મોડાસા શહેરમાં અત્યાર સુધી ૩૧ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચુક્યા છે. જેમાં બે લોકોનું કોરોનાથી મોત નીપજ્યું છે. મોડાસા શહેરમાં છેલ્લા ૯૬ કલાકમાં લઘુમતી વિસ્તારના કોરોના પોઝેટીવ ૪ લોકોની ટ્રાવેલિંગ હિસ્ટ્રી ન હોવાથી કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો વધી રહ્યો છે. લોકડાઉન-૪માં છૂટછાટ મળતાં રોજ મોડાસાના બજારોમાં મેળા જેવો માહોલ હોય છે. આગામી સમયમાં મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લાના પ્રજાજનોના માથે લોકલ સંક્રમિત થવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. આરોગ્ય તંત્રએ કોરોના પ્રસરતો અટકે તે માટે ૪ દર્દીઓની કોન્ટેક્ટ હિસ્ટ્રી શોધી તાત્કાલિક કોરન્ટાઈન કરવામાં આવે તે ખુબ જરૂરી છે.

મોડાસા શહેરના ઘાંચી આરોગ્ય મંડળ વિસ્તારથી મોચીવાડા વિસ્તારમાંથી છેલ્લા ૯૬ કલાકમાં મોડાસાના મેઘરજ રોડ પર આવેલ ઈલોરા મેડીકલમાં સ્ટોરમાં નોકરી કરતા યુવક તથા અન્ય એક ૫૮ વર્ષીય મહિલા સપડાયા બાદ સોમવારે ઘાંચી આરોગ્ય મંડળ હોસ્પિટલ નજીક રહેતા વૃદ્ધ પતિ-પત્ની કોરોનાગ્રસ્ત બનતાં સમગ્ર વિસ્તારમાં કોરોનાનો ખૌફ છવાયો છે. ગણતરીના કલાકોમાં લઘુમતી સમાજના ૪ લોકો કોરોનામાં સપડાતાં વધુ એકવાર સમગ્ર વિસ્તારમાં સ્થાનિય સંક્રમણનો ભય પેદા થયો છે.આરોગ્યતંત્રએ સમગ્ર વિસ્તારમાં સઘન સર્વે કરી કોરોના સંક્રમિત દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્કીનિંગ કરી કોરન્ટાઈન કરવામાં નહિં આવે તો આગામી સમયમાં કોરોના બ્લાસ્ટ થવાની સંભાવના સેવાઈ રહી છે.

જિલ્લા આરોગ્ય તંત્ર માટે લોકલ સંક્રમણની ચેઈન શોધી તોડાવી લોઢાના ચણા ચાવવા જેટલી સાબિત થશે હાલ તો મુસ્લિમ સમાજના લોકો આરોગ્ય તંત્ર નક્કર કાર્યવાહી કરી કોરોના પ્રસરતો અટકાવે તેવી આશા સેવી રહ્યા છે. મોડાસા શહેરમાં ઘાંચીવાડા, મોચીવાડા અને કસ્બા અને ભાગોળ વિસ્તાર ગીચ વસ્તી ધરાવતો વિસ્તાર હોવાથી સ્થાનિક સંક્રમણનો ખતરો વધ્યો છે. મોડાસા શહેરમાં મોટા ભાગના કોરોના પોઝેટીવ કેસ લઘુમતી સમાજના અને લોકલ ટ્રાન્સમિશનના લીધે સંક્રમિત હોવાનું બહાર આવ્યું છે. ત્યારે શહેરના ગીચ ભાગોળ વિસ્તાર અને તેના આજુબાજુના વિસ્તારમાંથી ૯૬ કલાકમાં ૪ લોકોને કોરોના પોઝેટીવ આવતાં સમગ્ર વિસ્તાર સહીત લઘુમતી સમાજના લોકોમાં ફફડાટ ફેલાયો છે.

જૂનાગઢ જિલ્લાની ત્રણ મહિલાઓએ કોરોનાને મ્હાત આપી ઘરે પરત ફરી

જૂનાગઢ

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. બીજી તરફ અનેક લોકો કોરોનાને મ્હાત પણ આપી રહ્યા છે. ત્યારે આજે જૂનાગઢ જિલ્લાની ત્રણ મહિલાઓએ કોરોનાને મ્હાત આપતાં તેમણે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. સ્વસ્થ થયેલી મહિલાઓએ ડોક્ટર અને હોસ્પિટલ સ્ટાફનો આભાર માન્યો હતો.

કોરોના દર્દી સાજા થતાં ડોક્ટર અને સ્ટાફ દ્વારા ફૂલો સાથે વિદાય આપવામાં આવી હતી. આ ત્રણ મહિલાઓમાંથી બે રાણપર અને એક જરીયાવડની મહિલાઓ છે. નોંધનીય છે કે, આજે સુરેન્દ્રનગરમાં પણ પાંચ લોકોએ કોરોનાને મ્હાત આપી છે.

નોંધનીય છે કે, ગુજરાતમાં ગઈ કાલે એક સાથે ૫૦૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આ સાથે ગુજરાતમાં દર્દીઓનો રીકવરી રેટ વધીને ૪૮.૧૩ ટકા થઈ ગયો છે. જે લોકો માટે ખુબ સારા સમાચાર કહી શકાય. રાજ્યમાં અઠવાડિયા પહેલા દર્દીઓની રીકવરી રેટ ૪૦.૮૯ ટકા હતા. જે વધીને ૪૮.૧૩ ટકા થયો છે. જે સમગ્ર દેશના ૪૧.૬૦ ટકા રીકવરી રેટની સરખામણીએ વધારે છે.

પરપ્રાંતીયોના સ્થળાંતરથી ભાવનગરના રોલિંગ મિલ ઉદ્યોગને મોટું નુકશાન

ભાવનગર

ભાવનગર જિલ્લામાં રોલિંગ મિલ ઉદ્યોગ હાલ ભાંગી પડે તેવી સ્થિતિમાં છે. હાલ લોકડાઉન ૪ ચાલી રહ્યું છે. ત્યારે પરપ્રાંતીય મજૂરો કે જે ભાવનગર જિલ્લામાં મોટી સંખ્યામાં વસવાટ કરી પોતાનું પેટીયું રળી રહ્યા છે. તે તમામ હવે પોતાના વતન જવાની જીદ કરી રહ્યાં છે. આ મજૂરો વગર રોલિંગ મિલનો ઉદ્યોગ શક્ય નથી. જેથી રોલિંગ મિલના માલિકો હવે સરકાર, ક્લેકટર સહિતના વહીવટીતંત્ર પાસે આ મજૂરોને સમજાવી તેમના વતનના જાય તેવી માંગ કરી રહ્યાં છે. ૧૨ હજાર મજૂરો વતન પહોંચી ગયા છે જ્યારે ૫ હજાર મદૂરો વતન જવાની રાહમાં છે. આથી રોલિંગ મિલ ઉદ્યોગ પડી ભાંગશે. લોકડાઉનના કારણે બિહાર, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન વગેરે રાજ્યોનાં ૧૨૦૦૦થી વધુ પરપ્રાંતીય પોતાના વતનમાં પહોચી ચુક્યા છે.

જયારે હજુ ૫ હજાર જેટલા મજૂરો તેમના વતન જવાની રાહમાં છે. જેમાં ૩૦૦૦ જેટલા મજુરોએ બુકિંગ પણ કરાવી લીધું છે અને મંજુરી બાદ ટ્રેનોમાં આ તમામ મજુરો પોતાના વતન જવા રવાના થશે. આ મજૂરોના માઈગ્રેશનથી હવે ખુબ ઓછી સંખ્યામાં મજુરો હાલ અહી હોય જેથી હાલ માત્ર ૧૦ જેટલી રોલિંગ મિલ અને ફર્નેશના એકમો કાર્યરત છે. જેથી રોલિંગ મિલ માલિકો દ્વારા સરકાર અને કલેકટર સહિતના અધિકારીઓને આ મજુરોને સમજાવી પોતાના વતન ન જવા અનુરોધ કરે તેવી માંગ કરી રહ્યા છે.

જો મજૂરો અહીં રહેશે તો જ તેમના આ રોલિંગ મિલનો ઉદ્યોગ શરૂ રહી શકશે. અહીં તેમને પૂરતો પગાર અને તમામ જરૂરી સુવિધાઓ પ્રાપ્ત છે. જયારે વતનમાં જતા પરપ્રાંતીય મજૂરોને ત્યાં ક્વોરન્ટીન થવું પડશે અને ત્યાં રોજગારનો પ્રશ્ન તેમને નડશે. આ ઉપરાંત રોલિંગ મિલ માલિકો દ્વારા સરકારને પણ રજૂઆત કરવામાં આવી છે. જેમાં લોકડાઉનની આ સ્થિતિમાં સરકાર પાસે જી.ઈ.બી ના બીલને માફ કરવા અંગે અનુરોધ કર્યો છે. જો આ બીલો માફ નહીં થાય તો તેઓ લાખોના બીલો હાલના સંજોગોમાં ભરી શકે તેવી સ્થિતિમાં ના હોય રોલિંગ મિલોના વીજ કનેક્શન કપાઈ જશે તેમ જણાવી રહ્યા છે.

અમદાવાદ યુનિ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલનું માર્ગ અકસ્માતમાં મોત

ગાંધીનગર

અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો અને ગાંધીનગર શહેરના સેક્ટર ૪માં રહેતા કિર્તીસિંહ રાઠોડ મંગળવાર રાત્રે ચિલોડા તરફ પોતાનું એક્ટિવા લઈ જઈ રહ્યા હતા. કોન્સ્ટેબલનું અકસ્માતમાં મોતઆ દરમિયાન ચિલોડા તરફથી આવી રહેલી આઈસર ટ્રકે મારતા ઘટનાસ્થળે જ એક્ટિવા ચાલક પોલીસ કર્મચારીનું મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશને કરતા કાફલો ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉનાળુ મગફળીમાં સુકારાનો રોગ આવતા બાબરાના ખેડૂતોની મુશ્કેલીઓ વધી

બાબરા

બાબરા તાલુકાના ખેડૂતોએ ઉનાળુ પાકમાં મગફળીનું વાવેતર કર્યું હતું. પરંતુ બાબરા તાલુકામાં સુકારા નામનો રોગ આવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સુકારા રોગના કારણે મગફળીના છોડ સુકાવા લાગ્યા હતા. જેના કારણે મગફળીમાં ફાલ ઓછો આવ્યો હતો. સુકારાના હિસાબે મગફળીનું ઉત્પાદન પણ ઓછુ આવ્યું છે. જો આ મગફળીના વેચાણ માટે માર્કેટિંગ યાર્ડ ખાતે લઈ જવામાં આવે તો તેનો પૂરતો ભાવ પણ મળી શકે તેમ નથી. જેથી ખેડૂતો દ્વારા કરવામાં આવેલી મહેનત પર પાણી ફરી વળતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

ખેડૂતોનાં જણાવ્યા મુજબ અત્યારે મગફળીને ઉપાડવાનું કામ ચાલુ છે. બહારનાં મજૂરો હતા તે મજૂરો લોકડાઉનનાં હિસાબે પોતાના વતન ચાલ્યા ગયા છે. એટલે હાલ મજૂરોની થોડી ઘટ હોય તેના હિસાબે મજૂરોને મજૂરી પણ ઉંચી દેવી પડે છે. બીજી તરફ ચોમાસુ નજીક આવી ગયું છે. ત્યારે બિયારણ તેમજ ખાતર સહિત અન્ય ખેતીની ચીજ વસ્તુ માટે ખેડૂતોને પૈસાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે. પરંતુ મગફળીના પૂરતા ભાવ ન મળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

હાલ બિયારણના ભાવ ઊંચા હોવાના કારણે ખરીદી કરવી પણ મુશ્કેલ બની છે અને ત્યારે તેને જવું તો ક્યાં જવું તેવી સ્થિતિ સર્જાય છે. જો સરકાર તરફથી બિયારણનો ભાવ ઓછો કરવામાં આવે અને ઉનાળુ પાક ખેડૂતોએ વાવેલ છે તેનોભાવ સારો આવે તેવી ખેડૂતોની માંગ છે.

છોટાઉદેપુરમાં માનવતા નેવે મુકાઈ, એક મહિલાને ત્રણ લોકોએ માર્યો ઢોર માર

છોટાઉદેપુર

રાજ્યના સરહદી જિલ્લામાંથી એક યુવતીને ઢોર માર મારતો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં એક યુવક યુવતીના બંને હાથ પકડી રાખે છે, જ્યારે બે અન્ય લોકો યુવતીને લાકડીથી ફટકારી રહ્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયા માં વહેતો થયા બાદ મીડિયા સુધી પહોંચ્યો હતો. જે બાદમાં પોલીસે આ વીડિયો અંગે તપાસના આદેશ કર્યા છે. વીડિયોમાં જે દ્રશ્યો જોવા મળે છે તેને જોઈને ભલભલા હચમચી જાય. માર મારવા દરમિયાન યુવતી દર્દથી બૂમો પાડતી રહે છે, જ્યારે એક પછી એક યુવક તેને ડંડાથી ફટકારી રહ્યા છે. સામે આવેલો વીડિયો ગુજરાત અને મધ્ય પ્રદેશના સરહદી વિસ્તારનો હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.


આ મામલે છોટાઉદેપુર પોલીસે તપાસ શરૂ કરી છે. વીડિયોમાં નજરે પડતા શખ્સો આદિવાસી લાગી રહ્યા છે તેમજ તેઓ ગુજરાતી ભાષા બોલી રહ્યા હોવાથી આ વીડિયો સરહદી ગામનો હોવાનું માલુમ પડ્યું છે. વીડિયોમાં યુવતીને ઢોર માર મારવામાં આવી રહ્યો છે. એક યુવકે યુવતીના બંને હાથ પકડી રાખ્યા છે જ્યારે બીજા બે લોકો ડંડાથી યુવતીને ફટકારી રહ્યા છે. યુવતીને શા માટે આવી તાલિબાની સજા ફરમાવવામાં આવી હતી તેના વિશે કોઈ માહિતી મળી નથી. વીડિયોને ધ્યાનથી જોતા એવું લાગે છે કે યુવતીને ૧૬ જેટલા લાકડીના ફટકા મારવામાં આવે છે. આ ઉપરાં તેને ૧૧ લાફા મારવામાં આવે છે. એટલું જ નહીં મહિલાને વાળથી ખેંચીને નીચે પાડી દેવામાં આવે છે અને ગડદાપાટુંનો માર પણ મારવામાં આવે છે.

મહિલાની પીઢ ઉપર પણ હાથથી માર મારવામાં આવી રહ્યો છે. આ દ્રશ્ય એટલું ભયાનક હતું કે ભલભલા ધ્રૂજી જાય.યુવતીને જ્યારે માર મારવામાં આવી રહ્યો છે ત્યારે ત્યાં અનેક લોકો મૂકપ્રેક્ષક બનીને ઊભેલા નજરે પડી રહ્યા છે. એટલું જ નહીં તેમના હાથમાં પણ લાકડી જોવા મળે છે. માર મારતા ત્રણ લોકો એક સમયે યુવતીને ખેંચીને નીચે પછાડી દે છે. તેની ચૂંદડી પણ ખેંચી લેવામાં આવે છે. બીજી તરફ યુવતી આવું ન કરવા માટે સતત કરગરતી રહે છે. આ વીડિયોમાં માર મારતા લોકો અપશબ્દો બોલતા પણ સાંભળવામાં આવી રહ્યા છે. આ મામલે છોટાઉદેપુર પોલીસે તપાસ શરૂ કરી છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો આકડો ૧૦૦ ઉપર જતા આકડો નીચે લાવવામાં તંત્ર વ્યસ્ત

સાબરકાંઠા

કોરોનાનો કહેર ગુજરાતના દરેક જિલ્લામાં વ્યાપી ગયો છે. જેમાં સાંબરકાંઠા જિલ્લો પણ બાકાત નથી. આ જિલ્લામાં પણ કોરોનાના કેસનો આંકડો ૧૦૦ને પાર થઈ ગયો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો આકડો ૧૦૦ ઉપર જતા આકડો નીચે લાવવામાં વ્યસ્ત બન્યું છે. આરોગ્ય વિભાગ બહારના જિલ્લાના અને રાજ્યના દર્દીઓને યાદીમાંથી કાઢી દેવાયા છે. ક્વોરેન્ટાઈનના જિલ્લામાં, સેમ્પલ જિલ્લામાં, સારવાર પણ જિલ્લામાં અને ગણતરી તેમના વતનમાં તેવી ગણિત માંડવામાં આવ્યું છે.



પ્રેસ બ્રીફમાં પણ જિલ્લા અને રાજ્યના આંકડામાં તફાવત જોવા મળ્યો છે. જિલ્લામાં ૧૦૪ના આંકડા સામે તંત્રએ ૮૭ દર્દીઓએ અને રાજ્ય દ્વારા ૯૭ દર્દીઓ બતાવ્યા છે. પાંચ દિવસમાં ૫૩થી વધુ કેસ આવતા તંત્ર આંકડાની માયાજાળ ગોઠવવા લાગ્યું છે. અત્યાર સુધીમાં ૬૧ એક્ટીવ કેસ અને ૨૩ ડિસ્ચાર્જ પૈકી સમરસ હોસ્ટેલમાં ૧૫ જણાનો સમાવેશ થાય છે. જોકે, વાસ્તવિક પરિસ્થતિમાં ૫૧ દર્દી પોઝિટિવ દર્દી સિવિલ હોસ્પિટલમાં, ૬ દર્દી કોવિડ હોસ્પિટલમાં, ૧૬ દર્દી સમરસ હોસ્ટેલમાં અને ૨૭ દર્દીઓ ડિસ્ચાર્જ કરાયા છે. જિલ્લાના આરોગ્ય વિભાગના આંકડા અને વાસ્તવિકતામાં ૧૨ આંકડાનો તફાવત આવી રહ્યો છે. ગઈ મોડી સાંજે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સાંબરકાંઠા જિલ્લામાં ૯૭ પોઝિટિવ કેસ હોવાનું જાહેર કરાયું હતું. જેમાં ૩ દર્દીના મોત અને ૨૯ દર્દીઓને રજા અપાઈ હોવાની જાહેરાત કરાઈ હતી. સાબરકાંઠા જિલ્લામાં ગઈકાલે આજે વધુ ૧૧ પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. જેમાં વડાલી તાલુકામાં એક જ દિવસમાં પાંચ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. વડાલી, કજેરી, ડોભાડામાં એક-એક કેસ, દાંત્રોલીમાં ૨ કેસ કોરોના પોઝિટિવ, તલોદના સવાપુર અને બાદરજીના મુવાડામાં એક-એક કેસ, પોશીના તાલુકામાં બે ભાઈઓને પોઝિટિવ રિપોર્ટ આવ્યા હતા. તો હિંમતનગરના ગાંભોઈમાં એક કેસ કોરોના પોઝિટિવ હોવાનું નીકળ્યું છે.

કોરોના ને લઈ સરકાર શું છુપાવવા માંગે છે...? નવા રંગરૂપ સાથેની પ્રેસનોટ જાહેર

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે સતત વિકટ થતી જઈ રહી છે. ત્યારે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ દ્વારા પત્રકાર પરિષદનું સંબોધન બંધ થઈ ચુક્યું છે. હવે માત્ર વિભાગ દ્વારા પ્રેસનોટ જ આપવામાં આવે છે. છેલ્લા બે દિવસથી આરોગ્ય સચિવ, સીએમઓના સચિવના બ્રીફિંગ બંધ થઈ ગયા છે. આવામાં હવે આરોગ્ય સચિવ દ્વારા જે પ્રેસનોટ આપવામાં આવે છે તેમાં પણ પૂરતી માહિતીનો અભાવ જોવા મળી રહ્યો છે. હવે ગુજરાત સરકાર પોતાની જનતાથી કંઈક છુપાવવા માંગતી હોય તેવું લાગી રહ્યું છે. ગઈકાલથી આરોગ્ય વિભાગે નવા રંગરૂપ સાથે કોરોના અંગેની પ્રેસ નોટ જાહેર કરી છે. નવા રંગરૂપ સાથે જાહેર કરાયેલી પ્રેસ નોટમાં પ્રથમ દિવસે જ ભૂલ સામે આવી છે. ગઈકાલની પ્રેસનોટ મુજબ ભરૂચ, ભાવનગર, છોટાઉદેપુર, ડાંગ અને દેવભૂમિ દ્વારકામાં છેલ્લા ૬ દિવસથી એકપણ કોરોનાનો કેસ ન હોવાનો ઉલ્લેખ કરાયો છે.

આરોગ્ય વિભાગે ૨૪ મેના દિવસે જાહેર કરેલી પ્રેસ નોટમાં ભાવનગરમાં ૧ કેસ હોવાની માહિતી આપી હતી. આમ, વિવિધ જિલ્લાઓના કેસ રજૂ કરવામાં પણ અનેક મતમતાંતર સર્જાઈ રહ્યાં છે. તો ક્યાંક જિલ્લાના અને રાજ્ય સરકારના આંકડા મેચ ખાતા નથી. નવા રંગરૂપ સાથે આવેલી પ્રેસનોટમાંથી વેન્ટીલેટર શબ્દ જ ગાયબ કરી દેવાયો છે. અગાઉ વેન્ટિલેટર પર રહેલા દર્દીઓની સંખ્યા અંગે લોકોને માહિતી આપવામાં આવતી હતી. ગઈકાલે પ્રસિદ્ધ થયેલી પ્રેસનોટમાં રાજ્યમાં અત્યાર સુધી નોંધાયેલા કુલ કોરોનાના કેસોની સંખ્યા પણ હટાવી માત્ર દિવસમાં કોરોના પોઝિટિવ આવેલા દર્દીઓની સંખ્યા જ આપવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાથી સ્થિતિ દિલ્હી, રાજસ્થાન જેવા રાજ્યો કરતા પણ વધુ ગંભીર છે.

ગુજરાતમાં મૃત્યુદર સતત વધી રહ્યો છે, અને આ મૃત્યુદરને રોકવામાં ગુજરાત સરકાર અસફળ નીવડી છે. ત્યારે સરકાર મૃત્યુદર અને ટેસ્ટના આંકડાથી વાસ્તવિકતા છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કેટલા મૃત્યુ થયા, દરેક જિલ્લામાં કેટલા કેસ અને કેટલા મોત, કેટલા ટેસ્ટ કરાયા અનેક કેટલા પોઝિટિવ આવ્યા આ દરેક માહિતી પૂરતી આપવામા નથી આવી રહી. સરકાર છુપાવવાના પ્રયાસો કરે છે. આમ, સરકાર ગુજરાતની જનતાને સાચી હકીકત છુપાવવાનો પ્રયાસ કરી રહી છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સરકારી આંકડાઓ અનુસાર ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૧ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજયનાં કોરોનાનાં કુલ દર્દીઓની સંખ્યા ૧૪૮૨૯ થઈ ગઈ છે. જો કે સામે પક્ષે ગુજરાતનો રિકવરી રેટ પણ વધ્યો છે અને તે ૪૮.૩૧ ટકાએ પહોંચી ગયો છે.

ગુજરાત સરકારે છાત્રો માટે ઉત્તરવહી અવલોકનની ફી ૫૦ % ઘટાડી

વિષય દીઠ જે ૩૦૦ રૂપિયા ફી ચૂકવવી પડતી હતી હવે માત્ર ૧૫૦ રૂપિયા ચૂકવવી પડશે

ગાંધીનગર

ગુજરાતમાં ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયા બાદ ગઈકાલે ૨૬મીથી રીચેકિંગ અને ઉત્તરવહી અવલોકનની અરજી પ્રક્રિયા શરૂ થઈ છે. ત્યારે ઉત્તરવહી અવલોકનમાં વિષય દીઠ જે ૩૦૦ રૂપિયા ફી હતી. તેમાં બોર્ડે ૫૦% એટલે કે ૧૫૦ રૂપિયા ફી ઘટાડી છે.

આ વર્ષે ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ નબળું આવ્યું છે અને બેથી ત્રણ વિષયમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જેમાં અનેક વિદ્યાર્થીઓ થોડા માર્કસને લઈને જ નાપાસ થયા હોય ઉત્તરવહી અવલોકન એટલે કે, રીએસેસમેન્ટ માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અરજી કરે તેમ છે, પરંતુ કોરોનાને લીધે લોકડાઉનમાં હાલની પરિસ્થિતિમાં આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ હોય અનેક વિદ્યાર્થીઓ અવલોકન માટે અરજી કરી શકે તેમ ન હોવાથી બોર્ડને ફી ઘટાડવા માટે રજૂઆતો મળી હતી.

જેને ધ્યાનમાં રાખતા શિક્ષણ મંત્રીની મંજૂરીથી બોર્ડે આજે ફી ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. હવે આજથી વિદ્યાર્થીઓએ ઉત્તરવહી અવલોકન માટેની ઓનલાઈન અરજીમાં રૂપિયા ૩૦૦ને બદલે માત્ર ૧૫૦ રૂપિયા જ ચૂકવવાના રહેશે. બોર્ડે ઉત્તરવહી અવલોકન માટેની ફીમાં ૫૦ ટકા એટલે કે દોઢસો રૂપિયા જેટલી રકમ ઘટાડી છે.

વિરમગામના સરસાવડી ગામમાં લક્ષણો આધારીત કોવિડ સઘન સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યો



• જીલ્લા આરસીએચઓ ડૉ.ગૌતમ નાયક દ્વારા સરસાવડી ગામની મુલાકાત લેવામાં આવી

• સરસાવડી ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા સેનેટાઈઝેશન કામગીરી કરવામાં આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના સરસાવડી ગામમાં દિલ્હીથી આવેલા ૨ મહિલાઓનો કોરોના પોઝીટીવ કેસ નિકળતા તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ હસ્તકની મેડીકલ ટીમ દ્વારા લક્ષણો આધારીત કોવિડ સઘન સર્વેલન્સ કામગીરી શરૂ કરવામાં આવી છે. મેડીકલ ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને થર્મલ ગન દ્વારા ટેમ્પરેચર સ્ક્રિનીગ કરવામાં આવી રહ્યુ છે તેમજ પલ્સ ઓક્સીમીટર મશીનથી તમામના એસ.પી.ઓ.ટુ પણ માપવામાં આવી રહ્યુ છે. આ વિસ્તારમાં આરોગ્ય ટીમો દ્વારા ખાસ ૦ થી ૫ વર્ષના બાળકો, સગર્ભા બહેનો, ૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ તેમજ લાબા ગાળાની ગંભીર બિમારીવાળા વ્યક્તિઓની સવિશેષ કાળજી લેવામાં આવે છે. લોકોને કોરોના વાયરસથી બચવાના ઉપાયો સમજાવવામાં આવી રહ્યા છે. સરસાવડી ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા સેનેટાઈઝેશન કામગીરી કરવામાં આવી હતી. અમદાવાદ જીલ્લા આર.સી.એચ.ઓ ડૉ.ગૌતમ નાયક દ્વારા ઈન્સીડન્ટ કમાન્ડર અને પ્રાન્ત ઓફિસર સુરભી ગૌતમની મુલાકાત લઈને વિરમગામ તાલુકામાં કોરોના કેસ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સરસાવડી ગામમાં સરપંચ, ગ્રામ્ય યોદ્ધા સમીતીના સભ્યો સાથે બેઠક કરીને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સરસાવડી ગામમાં ૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા આરોગ્ય, પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા કામાગીરી શરૂ કરવામાં આવી છે.

વિરમગામના તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, વિરમગામ તાલુકાના સરસાવડી ગામમાં દિલ્હીથી આવેલા ૨ મહિલાઓનો કોરોના પોઝીટીવ કેસ નિકળતા તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ હસ્તકની મેડીકલ ટીમ દ્વારા લક્ષણો આધારીત કોવિડ સઘન સર્વેલન્સ કામગીરી શરૂ કરવામાં આવી છે. દર્દીના સંપર્કમાં આવેલા ૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવેલ છે અને તેઓને ઘરની બહાર ન નિકળવા માટે જણાવવામાં આવ્યુ છે. આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વેલન્સ કામગીરી શરૂ કરાઈ છે અને શરદી, ઉધરસ વાળા દર્દીઓને શોધીને સારવાર આપવામાં આવી રહી છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઈરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહી અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

મહિસાગર જિલ્લામાં એક સાથે કોરોનાના વધુ ૧૭ કેસો સામે આવતા તંત્રમાં ગભરાટ

મહીસાગર

ગુજરાતમાં જીવલેણ વાયરસનો કહેર યથાવત છે, ગુજરાતનાં અંદાજીત બધા જિલ્લાઓ જીવલેણ વાયરસનાં ભરડામાં આવ્યા છે. ત્યારે મહીસાગર જીલ્લામાં ફરી એકવાર કોરોનાનો વિસ્ફોટ સર્જાયો છે. મહિસાગર જિલ્લામાં એક સાથે ૧૭ કોરોનાનાં પોઝિટીવ કેસ સામે આવતા લકોમાં ફફડાટ મચ્યો છે, સાથે સાથે આરોગ્ય તંત્ર દોડતું થયું છે.

લોકડાઉન પાર્ટ-૫માં રાજ્ય સરકારે છુટછાટ આપતાં કોરોનાના કેસોમાં ઉછાળો થયો છે.શહેરોમાં જ નહીં પણ હવે ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ વધવા માંડ્યુ છે કેમકે,લોકડાઉનમાં રાહત મળતાં જ અમદાવાદ,રાજકોટ,વડોદરા અને સુરતમાંથી લોકોએ વતન તરફ દોટ મૂકી છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાના કેસોમાં વધારો થયો છે પરિણામે રાજ્ય સરકારે સરપંચ અને તલાટીઓને બહારગામથી આવતાં લોકો પર નજર રાખવા આદેશ કર્યો છે.

રાજકોટમાં વધુ ૧ કોરોના કેસ નોંધાયો, જૂનાગઢમાં ત્રણ લોકોએ કોરોનાને હરાવ્યો

રાજકોટ

રાજકોટમાં આજે વધુ એક કેસ નોંધાયો છે. શહેરાના જંગલેશ્વર વિસ્તારમાં રહેતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેથી શહેરમાં પોઝિટિવ આંક ૮૧ પર પહોંચી ગયો છે. અને ગ્રામ્યનાં ૧૮ મળી કુલ પોઝિટિવની સંખ્યા ૯૯ પર પહોંચી ગઈ છે. જયારે જુનાગઢમાં ત્રણ મહિલાએ કોરોના સામે જીત મેળવી છે. જુનાગઢ જિલ્લામાં કોરોનાગ્રસ્ત ૩ મહિલાઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. જુનાગઢ જિલ્લામાં કુલ ૨૬ કોરોનાના કેસ નોંધાયા હતાં. જેમાંથી ૯ કેસને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. જયારે આજે વધુ ૩ મહિલાઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. આ ત્રણ મહિલાઓમાંથી ૨ મહિલા ભેંસાણની અને ૧ મહિલા માંગરોળની છે. જેથી હાલ ૨૬માંથી ૧૪ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે.

મોરબી લોકડાઉનમાં વરીયાનગરમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ગઠીયો ઝડપાયો

મોરબી

મોરબીના સામાકાંઠે આવેલ સો-ઓરડીના વરીયાનગરમાંથી પડતર મકાનમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એકને મોરબી એલસીબી ટીમે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીઃ વરીયાનગર વિસ્તારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમ ઝડપાયો હતો. મળતી માહિતી મુજબ મોરબી જિલ્લા પોલીસ વડા ડૉ. કરણરાજ વાઘેલાના માર્ગદર્શન એલસીબીઁ વી. બી. જાડેજાની સુચનાથી પોલીસ સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન પોલીસ સ્ટાફના ભરતભાઈ જીલરીયા અને દશરથસિંહ પરમારને બાતમી મળી હતી કે, મોરબીના સો-ઓરડી વિસ્તારમાં આવેલા વરીયાનગરમાં રહેતા સંદીપ બેચરભાઈ ચાઉં (ઉ.૨૮) વાળાએ રહેણાંક મકાનની બાજુમાં આવેલા પડતર મકાનમાં દારૂનો જથ્થો છુપાવીને રાખ્યો છે.

વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયોમળેલી બાતમીના આધારે દરોડો પાડી ઘટના સ્થળેથી દારૂની બોટલ નંગ-૧૯૮ કિંમત રૂ. ૯૧,૦૮૦ સાથે આરોપી સંદીપને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાકીના સેમેસ્ટરના વિદ્યાર્થીઓને આગળના સેમેસ્ટરમાં મોકલવામાં આવશે

એમ.એસ.યુનિવર્સિટીમાં અંતિમ વર્ષના છેલ્લા સેમના વિદ્યાર્થીઓની જ લેવાશે પરીક્ષા

વડોદરા

એમ.એસ.યુનિવર્સિટીમાં અંતિમ વર્ષના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે જ્યારે બાકીના સેમેસ્ટરના વિદ્યાર્થીઓને સરકારની ફોર્મ્યુલાના આધારે આગળના સેમેસ્ટરમાં મોકલવામાં આવશે .યુનિવર્સિટીના ૪૨૦૦૦ વિદ્યાર્થીઓનુ ભાવિ નક્કી કરવા માટે વાઈસ ચાન્સલેર, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર, ફેકલ્ટી ડીન્સ અને યુનિવર્સિટીના બીજા અધિકારીઓની મળેલી બેઠકમાં ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડો.કે એમ ચુડાસમાએ જાણકારી આપતા કહ્યુ હતુ કે, ફાઈનલ યરના ફાઈનલ સેમેસ્ટરના વિદ્યાર્થીઓની પરીક્ષા કેવી રીતે અને કઈ તારીખથી લેવી તે અંગેના નિર્ણય લેવા માટે એક એક્ઝામ સેલની રચના કરવામાં આવી છે.આ સેલના કો ઓર્ડિનેટર તરીકે એજ્યુકેશન એન્ડ સાયકોલોજી ફેકલ્ટીના ડીન પ્રો.આર સી પટેલની નિમણૂંક કરવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે, આ સેલમાં ત્રણ ડીન, કોમ્પ્યુટર વિભાગ, હેલ્થ સેન્ટર, પરીક્ષા વિભાગના પ્રતિનિધિ રહેશે .દરેક ફેકલ્ટી સાથે વિદ્યાર્થીઓને બેસાડવાની ક્ષમતા, કોર્સ તમામ બાબતોની ચર્ચા કરવામાં આવશે.એ પછી એક્ઝામ સેલ દરેક ફેકલ્ટીની પરીક્ષાની તારીખ જાહેર કરશે.૧૪ માર્ચ સુધી જે પણ અભ્યાસક્રમ ભણાવાયો છે તેને જ પરીક્ષાના પેપરમાં સામેલ કરવામાં આવશે. યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર કે એમ ચૂડાસમાએ એક પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે, ફાઈનલ યરના ફાઈનલ સેમેસ્ટર સિવાયના વિદ્યાર્થીઓને એકેડમિક પ્રોગ્રેસની સરકારે સૂચવેલી ફોર્મ્યુલાના આધારે આગળના સેમેસ્ટરમાં મોકલવામાં આવશે.આ ફોર્મ્યુલા પ્રમાણે ઈન્ટરનલ પરીક્ષાના ૫૦ ટકા માર્કસ અને અગાઉના સેમેસ્ટરના ૫૦ ટકા માર્કસની ગણતરી કરીને વિદ્યાર્થીનુ પરિણામ જાહેર કરશે.અમુક ફેકલ્ટીઓમાં ઈન્ટરનલ પરીક્ષા લઈ શકાય નથી.

ત્યાં અગાઉના સેમેસ્ટરના માર્કના આધારે વિદ્યાર્થીનુ પરિણામ જાહેર થશે .જોકે અગાઉના વર્ષમાં નાપાસ થયેલા કે એટીકેટી મેળવનારા વિદ્યાર્થીઓને આગળના સેમેસ્ટરમાં ભણવા તો મળશે પણ તેમણે જે-તે વિષયની પરીક્ષા ભવિષ્યમાં ક્લિયર કરવાની રહેશે જ.યુનિવર્સિટી દ્વારા બનાવાયેલા પરીક્ષા સેલ દ્વારા એકેડમિક પ્રોગ્રેસની અંતિમ ફોર્મ્યુલા નક્કી કરીને તેની જાહેરાત કરાશે.ભવિષ્યમાં ક્યારે પરીક્ષા લેવાશે તે પણ એક્ઝામ સેલ દ્વારા જ નક્કી કરવામાં આવશે.

પતિ-પુત્ર સાથે મુંબઈથી પરત ફરેલી બોટાદની મહિલાનો કોરોનાગ્રસ્ત થતા ફફડાટ

બોટાદ

સૌરાષ્ટ્રના બોટાદમાં આજે વધુ એક કોરોનાનો પોઝિટિવ કેસ સામે આવ્યો છે. ૫૬ વર્ષના વૃદ્ધાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બરવાળાના ચોકડી ગામના વૃદ્ધાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. હાલ તેઓને ભાવનગર સર.ટી હોસ્પિટલમાં આઈસીયુમાં ખસેડવામાં આવ્યા છે. આ વૃદ્ધ મુંબઈથી પરત આવ્યા હતા. બોટાદમાં હાલ બે કેસ હાલ સારવાર હેઠળ છે. અત્યાર સુધી જિલ્લામાં કુલ કેસ ૫૮ નોંધાયા છે. બોટાદમાં ચોકડી ગામે આવેલ વૃદ્ધના પોઝિટિવ કેસ મામલે તંત્ર દોડતું થયું છે. બરવાળાના ચોકડી ગામે ૧ કેસ પોઝિટિવ આવતા સમગ્ર વિસ્તારને કન્ટેઈનમેન્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તાલુકા પંચાયત ટીમ, આરોગ્ય તેમજ પોલીસ વિભાગની ટીમ દ્વારા વિસ્તારને કન્ટેઈનમેન્ટ કરવાની કામગીરી તાત્કાલિક શરૂ કરાઈ છે. બરવાળા તાલુકાના ચોકડી ગામના ૫૬ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. આ મહિલા થોડા દિવસ પહેલા મુંબઈથી પતિ અને પુત્ર સાથે પરત ફર્યા હતા. ૧૨ દિવસ પહેલા આવેલ મહિલાનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે. જેને પગલે તેમના પતિ અને પુત્રને ક્વોરેન્ટાઈન કરાયા છે. આમ જિલ્લામાં વધુ એક કેસનો વધારા સાથે બોટાદ જીલ્લામાં કુલ કેસ ૫૮ થયા છે. જેમાં ૨ એક્ટિવ કેસ છે. જ્યારે કે, એક ૫૫ વર્ષીય દર્દી સારવાર બાદ સ્વસ્થ થયા છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં આજે વધુ એક કોરોના પોઝિટિવ નોંધાયો છે. હોટસ્પોટ જંગલેશ્વર વિસ્તારમાં રહેતા ૫૩ વર્ષીય પુરુષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આમ રાજકોટ શહેરમાં પોઝિટિવ આંક ૮૧ પર પહોંચ્યો છે. શહેરના ૮૧ અને ગ્રામ્યના ૧૮ મળી કુલ કોરોના પોઝિટિવ આંક ૯૯ થયો છે.

ગુજરાતમાં કોરોનાના દર્દીઓનો રિકવરી રેટ ૪૮.૧૩ ટકા સાથે દેશમાં સૌથી વધુ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના સંક્રમિતોનો રિકવરી રેટ એક સપ્તાહમાં વધી ગયો છે. એક સપ્તાહ પહેલા આ રેટ દેશમાં સૌથી ઓછો હતો, જે હવે વધીને દેશમાં સૌથી વધી ગયો છે. પ્રદેશમાં કોરોના વાયરસના ઉપચારથી દર્દીઓમાં એક દિવસમાં ૫૦૦થી વધુ દર્દીઓનો ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં એક સપ્તાહ પહેલા રિકવરી રેટ ૪૦.૮૯ ટકા હતો, જે હવે વધીને ૪૮.૧૩ ટકા થઈ ગયો છે. દેશમાં હાલ આ રેટ ૪૧.૬૦ ટકા છે, જેથી હવે ગુજરાતમાં રિકવરી રેટ હવે દેશમાં સૌથી વધુ છે. આ અંગે રાજ્યના આરોગ્ય વિભાગે જણાવ્યું કે, સરકાર તરફથી રિકવરી રેટ વધારવા માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. આ પ્રયાસોના પરિણામસ્વરૂપ મંગળવારે એક જ દિવસમાં હોસ્પિટલમાંથી ૫૦૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આ દર્દીઓએ કોરોનાને માત આપી છે. રાજ્યમાં અત્યાર સુધી ૭૧૩૭ દર્દીઓને રજા આપી દેવાઈ છે.

જ્યારે કે, ૬૭૭૭ દર્દીઓ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. હેલ્થ અને પરિવાર કલ્યાણ મંત્રાલય અનુસાર, કોરોના વાયરસની બીમારીથી બહાર આવતા દર્દીઓની સંખ્યા દેશમાં ૬૪,૪૨૬ થઈ ગઈ છે. કુલ કોરોના વાયરસ રોગીઓમાંથી ૪૨ ટકાથી વધુ દર્દીઓ આ ઘાતક બીમારીમાંથી બહાર આવી ગયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, સમય પર લોકડાઉન અને કોરોના વાયરસના કેસની શરૂઆતમાં જ ઓળખ થવાથી રિકવરી રેટ વધ્યો છે. મહારાષ્ટ્ર રાજ્યમાં ૫૦,૦૦૦થી વધુ કોવીડ૧૯ કેસ નોંધાયા છે, જ્યાં ૧૬,૯૫૪ દર્દીઓ સાજા થયા છે.

તમિલનાડુમાં ૫૦ ટકાથી વધુના દરથી કોરોના વાયરસથી પ્રભાવિત દેશનું બીજું રાજ્ય છે. તમિલનાડુમાં ૧૭૭૨૮ કોરોના વાયરસ રોગીઓમાંથી ૯૩૪૨ દર્દીઓ રિકવર થયા છે. તો ગુજરાત અને દિલ્હી, ભારતમાં કોવીડ-૧૯ થી પ્રભાવિત બે રાજ્યોમાં ૫૦ ટકા રિકવરી જોવા મળી છે. ગુજરાતમાં બીમારીથી ૭૧૩૭ દર્દીઓ રિકવર થયા છે. તો દિલ્હીમાં ૧૪૪૬૫ દર્દીઓમાંથી ૭૨૨૩ દર્દીઓ રિકવર થયા છે.

સમરસ કોવિડ કેર સેન્ટરમાંથી ૪૪૨ દર્દીઓ સાજા થતા ડીસ્ચાર્જ

સમરસ હોસ્ટેલમાં ૧૦૬ કોરોના વોરીયર્સની ખડે પગે ૨૪ કલાક સેવા

સુરત

સમગ્ર વિશ્વ જયારે કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે કોરોના વાયરસની સામે ડોકટરો ખડે પગે રહીને યોધ્ધાઓની માફક લડી રહ્યા છે. તેવા સમયે સૂરત શહેરમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો સાજા થવાનો રીકવરીનો રેટ ૬૯.૮ ટકા જેટલો છે. જેનો યશ સુરત જિલ્લા વહીવટીતંત્ર તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ, ડોકટરો, નસ'ગ સ્ટાફ, સફાઈ કર્મીઓને જાય છે. જેઓ પોતાના પરિવારની પરવા કર્યા વિના દિવસ રાત દર્દીઓ કેવી રીતે સાજા થાય તેની ચિંતા કરીને તમામ તકેદારી રાખી રહ્યા છે. દર્દીઓ સાજા થઈ હેમખેમ પોતાના ઘરે હસતા હસતા જાય તેવા અવિરત પ્રયાસો આ કોરોના વોરીયર્સ કરી રહ્યા છે.

વાત કરવી છે, એવા દર્દીઓની જેઓનો કોરોનાનો ટેસ્ટ પોઝીટીવ હોવા છતા કોઈ પણ પ્રકારના લક્ષણો જણાતા નથી. આવા દર્દીઓને દ.ગુ.યુનિવર્સિટીમાં સમરસ હોસ્ટેલમાં બનાવવામાં આવેલા કોવિડ કેર સેન્ટરમાં રાખવામાં આવે છે. આ દર્દીઓને જયાં સુધી સાજા ન થાય ત્યાં સુધી ખાવા-પીવા સહિત સ્વાસ્થ્યની તમામ તકેદારીઓ લેવામાં આવી રહી છે. આ સેન્ટરમાં વિશે વિગતો આપતા નોડલ ઓફિસર ડો.નૈમેષ શાહ જણાવે છે કે, ૧૮ ડોકટર્સ, ૪૧ નર્સ, વોર્ડ બોય, સફાઈ કર્મચારી ૩૭ સહિત કુલ ૧૦૬ જેટલા કોરોના વોરીયર્સ દિન-રાત ફરજ બજાવી રહ્યા છે. શરૂઆતમાં માર્ચ મહિના દરમિયાન સમરસ હોસ્ટેલનો સરકારી કોરન્ટાઈન સેન્ટર તરીકે શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ તા.૨૩મી એપ્રિલથી જે દર્દીનો કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હોય પરંતુ કોઈ લક્ષણો જણાતા ન હોય તેવા દર્દીઓને અહીં સારવાર આપવામાં આવે છે. અત્યાર સુધીમાં સેન્ટરમાં ૪૯૬ કોરોના દર્દીઓ સારવાર લઈ ચૂકયા છે, જેમાંથી ૪૪૨ જેટલા દર્દીઓ સાજા થઈ પોતાના ઘરે પરત ફર્યા છે.

કોરોનાનો દર્દીનો રીપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ દર્દીના મગજમાં અનેક નકારાત્મક વિચારો આવતા હોય છે જેથી તેઓનું મનોબળ મજુબત કરવા માટે મનોચિકિત્સકોના દિશા-નિર્દેશો અનુસાર દર્દીઓનું મેટેન્સ હેલ્થ સ્કેનીગ કરવામાં આવે છે જરૂર જણાય તો મનોચિકિત્સક સાથે વાર્તાલાપ કરીને કાઉન્સેલીગ કરવામાં આવે છે. દર્દીઓને સારવારની સાથે માનસિક રીતે પણ મજબુત રહે તેવા પ્રયાસો કરવામાં આવે છે. દર્દીઓનું મન પ્રફુલ્લીત રહે તે માટે પબ્લીક એન્ડ્રર્સ સીસ્ટમ દ્વારા નિતલ શાહ દ્વારા મોટીવેશન સ્પીચ સાથે સવાર સાંજ આધ્યાત્મિક સંગીત પણ વગાડવામાં આવે છે. જે માટે દરેક ફલોર પર મ્યુઝીક સીસ્ટમ વ્યવસ્થા કરવામાં આવી છે. દર્દીઓને નિયમિત યોગાભ્યાસ પણ કરાવવામાં આવે છે. વાંચન રૂચિ ધરાવતા દર્દીઓ માટે ખાસ નાનકડું પુસ્તકાલય બનાવવામાં આવ્યું છે. જેમાં મોટીવેશનને લગતા પુસ્તકો, મેગેઝીનો વાંચન માટે આપવામાં આવે છે.

દર્દીઓ તથા ડોકટરો માટે તમામ ભોજન એક રસોડામાં બનાવવામાં આવે છે જે ભોજન દર્દીઓને આપવામાં આવે છે તે જ ભોજન ડોકટરો પણ જમે છે. ભોજનમાં ખાસ કરીને પ્રોટીનયુકત પૌષ્ટિક ખોરાક તૈયાર કરવામાં આવે છે. દર્દીઓને દિવસ દરમિયાન બે ટાઈમ નાસ્તો તથા સવાર-સાંજ ભોજન આપવામાં આવે છે. તમામ ભોજન સંપૂર્ણ તકેદારી રાખીને તૈયાર કરવામાં આવે છે. ખાસ ધ્યાનકર્ષક બાબત તો એ છે કે, તમામ દર્દીઓને ભોજન, દવા પહોચાડવા માટે રોબોટ મશીનનો ઉપયોગ કરીને દર્દીના રૂમ સુધી પહોંચાડવામાં આવે છે. ડોકટરો દ્વારા દિવસમાં ત્રણ વાર દર્દીઓનું ટેમ્પ્રેચર, બી.પી તથા ઓકસીજનનું પ્રમાણ ચેક કરવામાં આવે છે.

કેર સેન્ટર ખાતે જે દર્દીઓ સારા થયા બાદ અન્ય કોરોના પીડિત દર્દીઓ કે જે ગંભીર હાલતમાં છે તેઓને મદદ કરવા માટે પ્લાઝમા ડોનેટ માટે પણ પ્રેરીત કરવામાં આવે છે જેમાં ૯૫ ટકાં દર્દીઓ પોતાનું લોહી ડોનેટ કરવા માટે સહમતી દર્શાવી છે. આમ સુરત મહાનગરપાલિકા હસ્તકના આ કોરોના કેર સેન્ટરમાં દર્દીઓને તમામ સવલતો આપીને સાજા થાય તેમજ મનમાં ભયમુકત વાતાવરણનું નિર્માણ થાય તેવા પ્રયાસો આર.એમ. ઓ.ડો. પિયુષ વસાવા, ડો.કલ્પેશભાઈ નાકરાણી તથા અન્ય ડોકટર, નર્સ દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વાંસદામાં નિવૃત્ત શિક્ષક પત્નીને ત્રાસ આપતા અભયમને ફરિયાદ

શિક્ષકે દીકરીના સાસરે જઈને ઉત્પાત મચાવ્યો

નવસારી

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના એક ગામમાં નિવૃત શિક્ષક અને તેમનો પરિવાર રહે છે. બાળકોના જન્મ પહેલાંથી જ શિક્ષક પોતાની પત્નીને બીજા કોઈ સાથે સબંધ છે તેવો વહેમ રાખી પત્ની પર અમાનવીય વ્યવહાર કરતો હતો. જેથી તેમની મોટી દિકરી માતાને પોતાની સાથે સાસરીમાં રાખતા હતાં. પરંતુ શિક્ષક દિકરીના સાસરીમાં જઈને પણ ઉત્પાત મચાવતો હતો. તેમનો જમાઈ શિક્ષકને રોકતા, તેઓ જમાઈને પણ ગમેતેમ બોલી આક્ષેપ મૂકતા હતાં. આવા રોજબરોજના ઝઘડા અને આક્ષેપોથી કંટાળી મહિલા શિક્ષક પતિના ઘરે રહેવા આવી જાય છે. પરંતુ શિક્ષક પત્ની જાડે ફરી ઝઘડા અને મારઝૂડ કરતો હતો. તેમજ ઘરમાં કોઈ ચીજવસ્તુ, અનાજ, ઘર ચલાવવા કોઈ રકમ આપતો ન હતો. આથી કંટાળીને તેમના પરિવારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને કોલ કરી પતિને સમજાવવા માટે કહયું હતું.

નવસારી અભયમ મહિલા રેસ્કયુ ટીમ સ્થળ પર પહોંચી શિક્ષકને સમજાવતા જણાવ્યું હતું કે, તમે વિદ્યાર્થીના માર્ગદર્શક અને ગુરુ તરીકે સેવાઓ આપી છે. આ ઉપરાંત અત્યારે કાયદો અને સમાજ પણ આવા શારિરીક-માનસિક ત્રાસને સ્વીકારતા નથી તેમજ તમને સજા પણ થઈ શકે. આમ અસરકારક રીતે સમજાવતાં શિક્ષકને પોતાની ભૂલ કબૂલી હતી અને હવે પરિવાર સાથે શાંતિથી રહેશે તેવી ખાત્રી આપી હતી.

નવસારીમાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૩ લાખ લોકોનો સર્વે

નવસારીમાં બહારથી આવેલા લોકો કોરોના સંક્રમિત

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૬/૦૫/૨૦૨૦ ના રોજ ૫૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૨, જલાલપોર-૧૨, ગણદેવી- ૧૧, ચીખલી- ૦૮, ખેરગામ-૦૫ વાંસદા-૦૮ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૨૭૦૭ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૨૬૦૨ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૫૬ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૩,૨૬,૪૨૫ વસ્તીને આવરી લેવામાં આવી છે. ગતરોજ નવસારી જિલ્લામાં વધુ બે પોઝીટીવ કેસો નોંધ્યા છે.

હાલમાં નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી, કડોલી, ટાંકલ, ઘેકટી, ફડવેલ, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર એમ કુલ-૧૨ વિસ્તારો કન્ટેઈનમેન્ટ હેઠળ છે.

નવસારી જિલ્લામાં નોંધાયેલા ૧૮ દર્દીઓ પૈકી મુંબઈના -૦૮ સુરતના દર્દીઓ-૦૪, ઓખા-૦૧, વલસાડ (ડુંગરી)-૦૧ સંક્રમિત થયેલા છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

નવસારીમાં વીરભદ્રમાં કોરોના કેસ મળતા પ્રતિબંધક હુકમ

સમગ્ર વિસ્તારમાં અવર જવર પર પ્રતિબંધ

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. નવસારી જિલ્લાના નવસારી નગરપાલિકા વિસ્તારના વિરભદ્ર કોમ્પલેક્ષ (રેસીડેન્સીયલ/કોમર્શીયલ) વિસ્તારને (કોવિડ-૧૯) કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નગરપાલિકા વિસ્તારના વિરભદ્ર કોમ્પલેક્ષ (રેસીડેન્સીયલ/કોમર્શીયલ) વિસ્તાર કોવિડ-૧૯ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરિયામાં ઉત્તરે વિરભદ્ર કોમ્પલેક્ષની પાછળની કંપાઉન્ડની બાઉન્ડ્રી સુધી, , દક્ષિણે સ્ટેશન રોડ ઉપર ટી.પી.સ્કીમ નં-૧ ના અંતિમ ખંડ નં-૩૫૨ ઉપર આવેલ વિરભદ્ર કોમ્પલેક્ષની રોડની માર્જીનથી શરૂ કરી, પૂર્વે વિરભદ્ર કોમ્પલેક્ષ અને સુરભી હોસ્પિટલના રસ્તા વચ્ચે આવેલા કંપાઉન્ડ વોલ થી શરૂ, પશ્ચિમે વિરભદ્ર કોમ્પલેક્ષ અને ૬ ફૂ એવન્યુ વચ્ચે આવેલી કંપાઉન્ડ વોલ સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરીયાના આ વિસ્તારના તમામ લોકોને દુધ-શાકભાજી, કિરાણા જેવી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ તંત્ર દવારા હોમ ડીલેવરીથી તેમના ઘરે પુરી પાડવામાં આવશે. આ જાહેરનામાનો અમલ તા.૦૮/૦૬/૨૦૨૦ સુધી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે.

નવસારી પોલીસ દ્વારા વધુ ૬૬ વાહનો જપ્ત

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા.૨૫ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૪૮ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૮૨ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૬૬ વાહનો ડીટેઈન કરાયા હતા. વાહનચાલકો પાસે રૂ.૫૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યોછે. તા.૨૫ મેસુધીમાં કુલ ૧૧૦૦૯ એફઆઈઆર તેમજ કુલ ૧૨૩૩૪ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

ગણદેવીનું મોહનપુર ગામને કન્ટેઈનમેન્ટ ક્ષેત્ર જાહેર કરાયું

પ્રતિબંધક હુકમ અંગે જાહેરનામું

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. નવસારી જિલ્લાના મોહનપુર ગામ, તા.ગણદેવી, જિ.નવસારીના વિસ્તારને (કોવિડ-૧૯) કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ ટેકરી ફળિયા, ગોકુળ ફળિયા, આહિરવાસ, મોહનપુર તા.ગણદેવી વિસ્તારને કોવિડ-૧૯ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરિયામાં ઉત્તરે અનિકેતભાઈ પ્રવિણભાઈ પટેલના ઘરથી ચંદ્રકાંતભાઈની વાડી, સુધી, દક્ષિણે અંચેલી તરફ જતો રસ્તો સોમાભાઈ છોટુભાઈ પટેલ, (ગોકુળ ફળિયા) દુકાન સુધી, પૂર્વે કોલવા તરફ જતો રસ્તો જીતેન્દ્રભાઈ ડાહયભાઈ પટેલના ઘર સુધી, પશ્ચિમે વેડછા ગામ તરફ જતો રસ્તો છીબુભાઈ ભુદરભાઈ આહિર (આહિરવાસ)ના ઘર સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ એરીયાના આ વિસ્તારના તમામ લોકોને દુધ-શાકભાજી, કિરાણા જેવી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ સવારે ૮-૦૦ થી બપોરના ૧૫-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાની રહેશે. ત્યારબાદ લોકો ઘરેથી બહાર નીકળી શકશે નહિ. આ જાહેરનામાનો અમલ તા.૦૮/૦૬/૨૦૨૦ સુધી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં ૪૫ રિપીટ સેમ્પલ લેવાયા : ૯૬ કેસ પોઝિટિવ

૮૭૬૨ લોકોની તપાસમાં ૮૬૨૧નો રિપોર્ટ નેગેટિવ

સુરત

સુરત જિલ્લામાં ગઈકાલે ૦૬ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૬૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૯૫ હતી, જેમાં ૦૧ કેસનો વધારો થવાથી આજે કુલ ૯૬ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી પલસાણા તાલુકાના તરાજ ગામના ૦૧ કેસ મળી કુલ ૯૬ કેસો આવ્યા છે. કુલ ૮૭૬૨ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૯૬ પોઝિટીવ અને ૮૬૨૧ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૧ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બડતલ-સરકુઈ, ખોડાંબા, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ(શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીડીયાત, કપ્લેથા, લાજપોર (કોળીવાડ), લાજપોર (પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર (ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(કિષ્ણા વેલી), કરચકા, કોસંબા, વરેલી (પરમહંસ), સારોલી(નેચર વેલી), વાવ (એસ.આર.પી કેમ્પસ) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૮૩૦૬ ઘરો અને કુલ વસ્તી ૭૮૨૦૫ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૬૭ ટીમ કાર્યરત છે.

એકાઉન્ટમાંથી ૫૧૮૦૦ આપમેળે ઉપડી ગયા

સુરત

એ.કે. રોડ સરસ્વતી સોસાયટીના રહીશના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૫૧૮૦૦ ગાયબ થઈ ગયા હતા.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એ.કે. રોડ, સરસ્વતી સોસાયટીમાં રહેતાં વિજય મનજીભાઈ વાઘેલાના એચડીએફસી બેંક એકાઉન્ટ અને ક્રેડીટ કાર્ડમાંથી અજાણ્યા મોબાઈલ ફોનધારકે રૂપિયા ૫૧૮૦૦ ઉપાડી લીધા હતા. બનાવ સંદર્ભે વિજય મનજી ધોળાએ વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વરાછા પોલીસે ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો દર્જ કર્યો હતો. વધુ તપાસ સબ ઈન્સ્પે. પી.એ. વસાવા કરી રહ્યા છે.

ધો.૧૨ સાયન્સ પરીક્ષાની માર્કશીટનું વિતરણ કરાશે

વ્યારા

તાપી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઇ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૦ (વિજ્ઞાન પ્રવાહ)ના પરિણામના સાહિત્ય વિતરણની તાલુકાવાર વ્યવસ્થા નિયત કરવામાં આવી છે. જે મુજબ સંબંધિત શાળાઓએ તા.૨૮/૫/૨૦૨૦ના રોજ સવારે ૧૦ વાગ્યે જે તે શાળાના અધિકારપત્ર સાથે ઉપસ્થિત રહી આ સાહિત્ય મેળવી લેવાનું રહેશે.

● વ્યારા, ડોલવણ, વાલોડ તાલુકો : દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય, વ્યારા. ● સોનગઢ તાલુકો : સાર્વજનિક હાઈસ્કૂલ, સોનગઢ ● ઉચ્છલ, નિઝર, કુકરમુંડા તાલુકો : સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ઉચ્છલ (વિ.પ્ર), મુ.પો. બાબરઘાટ, તા.ઉચ્છલ.

મગદલ્લામાં રહેતી નેપાળી સગીર છોકરી લાપતા

સુરત

ઉમરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૦૯/૦૩/૨૦૨૦ ના રોજ કૃષ્ણ નગર સોસાયટી, આર.ટી.ઓ પ્લોટની સામે, મગદલ્લા ગામ, સુરત (મૂળ રહે: જુડીબેલા, ચંદ્રપુરનગર પાલિકા, જિ:રોહતડ, નેપાળ) ખાતે રહેતા વિદુરપ્રસાદ મૈનાલીની ૧૪ વર્ષીય પુત્રી શુભેચ્છા વિદુરપ્રસાદ મૈનાલી પોતાના ઘરેથી કોઈને કંઈ કહ્યા વગર ચાલ્યા ગયા છે. જે શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે શરીરે કાળા રંગનું ટી શર્ટ તથા કાળા રંગનું પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉમરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

વલસાડમાં મોટાપાયે હોમિયોપેથિક દવા તથા અમૃતપેય ઉકાળાનું વિતરણ

વલસાડ

આયુર્વેદનું મુખ્ય પ્રયોજન છે, ''સ્વસ્થ સ્વાસ્થ્ય રક્ષણમ્ આતુરસ્ય વિકાર પ્રશમન ચ'' અર્થાત પ્રથમ સ્વસ્થ વ્યકિતના સ્વસ્થ્યનું રક્ષણ કરવું અને જો રોગ થાય તો રોગને પણ દુર કરવો. આમ આયુર્વેદ માત્ર ચિકિત્સા નથી પરંતુ જીવન જીવવાની કલા દર્શાવતું વિજ્ઞાન છે. આયુર્વેદમાં રોગોના ઉપચારની સાથે સદવૃત્ત અને સ્વસ્થવૃત્તના વર્ણન દ્વારા સ્વસ્થ જીવનશૈલી ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. કોવિડ-૧૯ એ આખી દુનિયાને બાનમાં લીધું છે અને આરોગ્યક્ષેત્રે અતિ સમૃધ્ધ દેશો પણ કોરોના વાઈરસ સામે વામણા પુરવાર થયા છે, ત્યારે કોરોના વાઈરસ સામેના જંગમાં ભારતના પ્રાચીન યુગથી ચાલી આવેલી આયુર્વેદ અને હોમીયોપોથી ચિકિત્સા કારગત નીવડી રહી છે. વર્ષોથી ભારત દેશ આયુર્વેદનો ઉપયોગ કરતો આવ્યો છે. આજે આયુર્વેદ થકી કોરાના સામે રક્ષણ મેળવવાના આશાના કિરણો બંધાયા છે. અતિ ગંભીર રોગો સામે પણ પ્રતિકાર કરવામાં આયુર્વેદ જડીબુટ્ટી સાબિત થઈ છે.

કોરોનાના દર્દીઓ બીમારીની હિસ્ટ્રી છૂપાવતા મરણઆંકમાં વધારો

સાચી હકીકત જણાવવાથી સારવાર સરળ બને છે

સુરત

સુરત શહેરમાં કોરોના વાયરસની મહામારી વ્યાપક પ્રમાણમાં પ્રસરી રહી છે. તેમ છતાં સુરત મહાનગરપાલિકા દ્વારા ડોર-ટુ-ડોર સર્વે કરતી ટીમોને જાહેર જનતા તરફથી સાચી માહિતી આપવામાં આવતી નથી પરીણામે કોરોના વાયરસના કેસોની સંખ્યા વધતી રહે છે અને ઘણીવાર ખૂબજ ટૂંકાગાળામાં કોરોના પોઝિટિવ વ્યકિતઓ મૃત્યુ પામે છે.

આજરોજ ઉધના ઝોન ખાતે પટેલનગર સોસાયટીના રહીશ મુન્શી અલી શૌકત અલી ઉમર વર્ષ—૨નું સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ થયેલ છે. મુન્શી અલી શૌકત અલી કિડનીની તકલીફ અને ડાયાબિટીક કીટોએસિડોસિસથી પીડીત હતા તેમ છતાં તેમણે સુરત મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર સર્વે કરતી ટીમને સાચી માહિતી આપેલ ન હતી અને તેઓ છેલ્લી ઘડીએ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયા હતા ત્યાં તેમને વેન્ટીલેટર પર રાખવામાં આવેલ જયાં તેમનું મૃત્યુ થયેલ છે. આથી સુરત મહાનગરપાલિકા તમામ શહેરીજનોને અપીલ કરે છે કે સુરત મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર સર્વે કરતી ટીમોને સહયોગ આપો અને પોઝિટિવ કેસના સંપર્કમાં આવેલ વધુ ને વધુ કોન્ટેક ટ્રેસિગમાં આવનાર વ્યકિતઓની સાચી માહિતી આપો જેથી તેમને સમયસર સારવાર આપી તેમનું જીવન બચાવી શકાય અને પોઝિટિવ કેસોની સંખ્યા ઘટાડી શકાય.

સુરત પાલિકાએ કન્ટેઈનમેન્ટ અને નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં ઘર ઘરનો સર્વે કરી ARIના ૪૭ કેસ શોધ્યા



સુરત

મહાનગરપાલિકાએ કોરોનાની મહામારી અને લોકડાઉન દરમિયાન પાલિકાની ૯૭૯ ટીમોએ ૮ ઝોનમાં નોન કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં ૧,૬૮,૬૫૮ ઘરનો સર્વે કરી ૪,૪૩,૩૧૩ લોકોના સ્વાસ્થ્ય બાબતે ની તપાસ કરી છે. જેમાં ટોટલ ૩૪ માંથી ઉધના ઝોનમાં સૌથી વધુ ૧૭ ARI (લક્ષણોવાળા) કેસ મળી આવ્યા છે. જ્યારે કન્ટેઈનમેન્ટ ઝોનમાં ૬૯૪ ટીમોએ ૨,૩૦,૬૪૮ ઘરનો સર્વે કરી ૧૦,૧૧,૭૦૩ લોકોના સ્વાસ્થ્યની તપાસ કરતા ARIના સૌથી વધુ ૭ કેસ લિંબાયતમાંથી મળી આવ્યા છે.

પાલિકાની ટીમો ૮ ઝોનમાં રોજ ૮ કલાક કામગીરી કરે છે. સર્વે કરનાર તમામ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો અને આશા વર્કરો છે. આરોગ્ય ટીમે જણાવ્યું હતું કે, મુનસી અલી શોકત અલી (પઠ રહે ઉધના ઝોન પટેલ નગર)ના ઘરે પાલિકાની ટીમ સર્વે માટે ગઈ હતી. બીમારીની માહિતી છુપાવી હતી. ત્યારબાદ કિડની અને ડાયાબિટીસની બીમારી સાથે સિવિલમાં દાખલ થયા હતા. ગતરોજ તેમનું મૃત્યુ થયું છે. આવા કેસ પણ સામે આવ્યા છે એટલે પાલિકા વિનંતી કરે છે કે સર્વે માટે આવતી ટીમને સહકાર આપી જીવ બચાવો.

ભરૂચના મક્તમપુર ગામમાં દેશી દારૂના ધંધાથી કંટાળી મહિલાઓ પોલીસ સ્ટેશન પહોંચી



ભરૂચ

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ભરૂચમાં દારૂબંધીના કાયદાના ધજાગરા ઉડી રહ્યા છે. ભરૂચના સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવલા મક્તમપુર ગામમાં દારૂના ધંધાથી સ્થાનિક મહિલાઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. મક્તમપુર ગામમાં આવેલા સિદ્ધિ વિનાયક મંદિર પાસે રહેતી સ્થાનિક મહિલાઓ દારૂના ધંધા બંધ કરાવવા માટે સી ડિવિઝન પોલીસ પહોંચી ગઈ હતી અને મક્તમપુર ગામમાં ચાલતા દારૂના ધંધાઓ બંધ કરવાની રજૂઆત કરી હતી.

૮૫ ડોમેસ્ટીક એરલાઈન્સના પ્રવાસીઓ રેડ ઝોનમાંથી સુરતમાં આવતા ક્વોરન્ટીનનું કરવા અપીલ



સુરત

એરપોર્ટ પર કુલ ૮૫ ડોમેસ્ટીક એરલાઈન્સના પ્રવાસીઓ આવ્યા છે અને તેઓનું સ્કિનીંગ પાલિકાની ટીમે કર્યું છે. જોકે, તમામ રેડ ઝોન વિસ્તારમાંથી સુરત આવ્યા છે. જેથી પાલિકા કમિશનર દ્વારા તમામને ક્વોરન્ટીનનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે, ફ્લાઈટ શરૂ થઈ છે દિલ્હીથી સુરત ૪૭ પેસેન્જર આવ્યાં છે, હૈદ્રાબાદથી ૩૮ આવ્યાં છે. ખાસ કરીને ફ્લાઈટમાં રેડ ઝોનમાંથી લોકો આવે છે. જેથી મારી વિનંતી છે કે તમામ લોકો સુરતમાં આવે છે તે લોકો ૧૪ દિવસ સુધી સેલ્ફ ક્વોરન્ટીન આઈસોલેશનમાં રહે અને તેમને કોઈ પણ સિન્ટમ્સ દેખાઈ તો તુરંત જાણ કરે.

કોઈ પણ રીતે બીજા લોકોને ચેપ નહી પહોંચે એ પ્રમાણે પોતાને નિયમોનું પાલન કરવું જોઈએ. સુરત એરપોર્ટ પર વિમાન આવ્યા પછી સેનેટાઈઝેશનની પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો હોવાથી મંગળવારે બીજા દિવસે પણ ફ્લાઈટ સુરતથી ઉપડવામાં મોડી પડી હતી. સ્પાઈસ જેટની સુરત-દિલ્હીની ફ્લાઈટ ૭:૧૦ને બદલે ૮:૩૩ કલાકે દિલ્હી જવા રવાના થઈ હતી. જયારે ઈન્ડિગોની ફ્લાઈટ બપોરના ૧:૫૦ના બદલે ૨:૧૮ કલાકે ટેકઓફ થઈ હતી. જયારે સ્પાઈસ જેટની સુરત-હૈદરાબાદ ફ્લાઈટ બપોરેના ૩:૧૫ના બદલે ૩:૪૯ કલાકે રવાના થઈ હતી.

જયારે સ્પાઈસ જેટે મુંબઈ અને જયપુરની ફ્લાઈટ રદ કરી દીધી હતી. જોકે, મંગળવારે ફ્લાઈટ રદ થયાનો મેસેજ પેસેન્જરોને ૪ કલાક પહેલા આપી દેવામાં આવ્યો હતો. એરપોર્ટ ઓથોરીટી દ્વારા દરેક પેસેન્જરની બેગ સેનેટાઈઝ કરવામાં આવી હતી. એવી જ રીતે સુરતમાં વિમાનની અંદરની બેઠક વ્યવસ્થા પણ સેનેટાઈઝ કરવામાં સમય લાગી રહ્યો છે.

સુરતમાં પરપ્રાંતીયો સાથે ટીકીટ ની કાળા બાજારી યથાવત, ટોકનની ઝેરોક્ષ પકડાવી



સુરત

કોરોના વાયરસના કહેર અને લોકડાઉન વચ્ચે પરપ્રાંતીય મજૂરો પોતાના વતન જવા માટે ટળવળી રહ્યા છે. આ સમયે અનેક તકસાધુઓ સક્રિય થઈ ગયા છે, જે શ્રમિકો પાસેથી ટિકિટના વધારે પૈસા પડાવી રહ્યા છે. શહેરના અમરોલી વિસ્તારમાં રહેતો એક ઈસમ ટિકિટના નામે રૂપિયા લઈને ટોકન આપીને ફરાર થઈ ગયાનો બનાવ બન્યો છે. ગતરોજ શ્રમિકો ટિકિટ લેવા માટે આવતા સમગ્ર ઘટના બહાર આવતા હતી. આ ઠગ સામે હવે ફરિયાદ દાખલ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે. સુરતમાં કામ કરતા લાખો પરપ્રાંતીય શ્રમિકો લૉકડાઉનને લીધે ફસાયા છે, હવે તેઓ ઘરે જવા માટે રઘવાયા થયા છે. આ માટે વહીવટી તંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમને વતન મોકલવા માટે ટ્રેનની વ્યવસ્થા કરી છે.

વતન જવા માટે આતુર શ્રમિકો સાથે ઠગાઈની ઘટનાઓ પણ પ્રકાશમાં આવી છે. ગતરોજ ઉધના પોલીસે મફતની ટિકિટ રૂ.૧,૫૦૦માં વેચી રૂ.૧૩,૫૦૦ની ઠગાઈ કરનાર એઝાઝ મિસ્ત્રીની ધરપકડ કરી હતી. હવે આવી બીજી એક ઘટના પ્રકાશમાં આવી છે. પાંડેસરા પિયુષ પોઈન્ટ નજીક ઓડિશા જતી ટ્રેનમાં શ્રમિકોને બેસાડવા માટે ઉડિયા શ્રમિકોને સીટી બસમાં બેસાડવા લાઈનમાં ઉભા રાખી પાંડેસરા પોલીસ તેમની ટિકિટ ચેક કરતી હતી. આ સમયે અમરોલી વિસ્તારમાં રહેતા ૫૦થી ૬૦ શ્રમિકોની ટિકિટ ઝેરોક્ષ ટિકિટ હોવાનો ખુલાસો થતા તેમને લાઈનમાંથી અલગ કરાયા હતા. જે બાદ તેમણે હોબાળો મચાવ્યો હતો.

આ મામલે તપાસ કરતા અમરોલી વિસ્તારમાં રહેતા સંતોષ શાહુ નામના શખ્સે આ વિસ્તારમાં રહેતા ઓડિશાવાસીઓને વતન જવા માટે રેલવેની ટિકિટ આપવાને નામે છેતરપિંડી કરી હોવાનું જાણવા મળ્યું છે. સમાજના અગ્રણીઓ ટિકિટના કાળાબજાર ન થાય તે માટે ટોકન પદ્ધતિ અપનાવવામાં આવી છે. મુસાફરો પાસેથી પૈસા લઈને તેમને ટોકન આપવામાં આવે છે. પ્રવાસના દિવસે ટોકન આપનાર લોકોને ટિકિટ આપવામાં આવે છે. આ સિસ્ટમનો ગેરલાભ ઉઠાવી સંતોષે કેટલાક ટોકનની ઝેરોક્ષ કરાવી ઓડિશા જવા ઇચ્છતા શ્રમિકોને રૂ.૫૦૦થી ૬૦૦ જેટલી રકમ લઈને પકડાવી દીધી હતી.

આયુષ મંત્રાલયની માર્ગદર્શિકા

રોગપ્રતિકારક શક્તિ વધારવા આટલું કરો

સુરત

પ્રવર્તમાન કોરોના મહામારી દરમિયાન વ્યકિતગત સારસંભાળ માટે આયુર્વેદ રોગ પ્રતિકારક શકિત વધારવામાં ખુબ ઉપયોગી સાબિત થઈ રહી છે, ત્યારે આયુષ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કોરોના સામે ખાસ કરીને શ્વસનતંત્ર સંબધિત આરોગ્યની જાળવી માટે રક્ષણાત્મક પગલાં અને રોગ પ્રતિકારક શકિત વધારવા નીચે મુજબ વ્યકિતગત સંભાળ માટેની માર્ગદર્શિકા સૂચવવામાં આવી છે.

સામાન્ય પગલાઓઃ

દિવસભર ગરમ પાણી પીવું. ઓછામાં ઓછા ૩૦ મિનિટ માટે વિવિધ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનનો દૈનિક અભ્યાસ કરવો જોઈએ. હળદર, જીરૂ, ધાણા અને લસણનો રસોઈમાં ઉપયોગ કરવો.

રોગપ્રતિકારક શકિત વધારવા માટેના આયુર્વેદિક પગલાં-

સવારે એક ચમચી (૧૦ ગ્રામ) ચ્યવનપ્રાશ, (ડાયાબિટીઝના દર્દીઓએ સુગર ફ્રી ચ્યવનપ્રાશ લેવો જોઈએ). હર્બલ ટી/ઉકાળો જેમાં દિવસમાં એક કે બે વાર તુલસી, તજ, કાળા મરી, સૂંઠ અને કાળીદ્રાક્ષમાંથી બનાવેલ હર્બલ ચા / ઉકાળો પીવો. જેમાં ગોળ અથવા તાજા લીંબુનો રસ જરૂર મુજબ ઉમેરી શકાય. ગોલ્ડન મિલ્કનો પ્રયોગ કરવો જેમાં અડધી ચમચી (૧૫૦ મિલી) હળદર ગરમ દૂધમાં મિક્ષ કરી દિવસમાં એક કે બે વાર સેવન કરવું.

નાસ્યઃ સરળ આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિઃ-

બંને નસકોરામાં તલનું તેલ / નારિયેલનું તેલ અથવા ઘી લગાવો. સવાર અને સાંજ ૧ ચમચી તલ અથવા નારિયેલનું તેલ મોંમાં લઈ બે થી ત્રણ મિનિટ રાખવું અને કોગળા દ્વારા કાઢી નાંખવું. (પીવુ નહી). ત્યારબાદ ગરમપાણીના કોગળા કરવા, જે દિવસમાં એક કે બે વાર કરી શકાય. સુકી ઉધરસ/ગળામાં બળતરા થતી હોય ત્યારે તાજા ફુદીનાના પાંદડા અથવા અજમાના ગરમ પાણીની વરાળનો નાસ લેવો. ઉધરસ અથવા ગળામાં બળતરાના કિસ્સામાં દિવસમાં એક વખત લવિંગ પાવડર સાકર અથવા મધ સાથે મિક્ષ કરી લઈ શકાય છે. આ પગલાં સામાન્ય રીતે સામાન્ય સુકી ઉધરસ અને ગળાની બળતરાની સારવારમાં કરી શકાય, પરંતુ આ લક્ષણો ચાલુ રહે તો નજીકના આરોગ્ય કેન્દ્રના ડોકટરની સલાહ લેવી શ્રેષ્ઠ છે.

લોકડાઉન ૪.૦ ની છૂટછાટ તાપી અને નવસારીને પડી ભોંઘી, કેસમાં થયો વધારો



સુરત

દિવસે ને દિવસે દક્ષિણ ગુજરાતમાં કોરોનાના કેસનો વધારો થઈ રહ્યો છે. જેમાં તાપી અને નવસારી જિલ્લો કોરોના મુક્ત થઈ ગયો હતો. જોકે, લોકડાઉન ૪.૦ બાદ તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં પોઝિટિવ કેસમાં વધારો થઈ રહ્યો છે. હાલ તાપી જિલ્લામાં ૬, નવસારી જિલ્લામાં ૨૩ અને વલસાડ જિલ્લામાં ૨૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. મહત્વનું છે કે, દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ કેસ સુરત જિલ્લામાં ૧૪૪૨ નોંધાયા છે.

તાપી જિલ્લામાં ત્રણ લોકડાઉન સુધીમાં ત્રણ કેસ નોંધાયા હતા. જે તમામ રિકવર થઈ જતા કોરોના મુક્ત થયા હતા. દરમિયાન લોકડાઉન ૪.૦ બાદ કેસમાં ત્રણ કેસનો વધારો થયો છે. હાલ તાપી જિલ્લામાં વધુ નોંધાયેલા ત્રણ કેસના પગલે વિસ્તારને ક્લસ્ટર જાહેર કરી સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સોનગઢમાં વધુ બે કેસ નોંધાતા મિસ્ત્રીફળીયું અને તેને નજીક આવેલા દક્ષિણ ફળીયાના કુલ ૩૩૫ મકાનો અને ૧૫૦૦ની વસ્તીને હોમ ક્વોરન્ટીન રહેવા હુકમ કરવામાં આવ્યો છે.

ત્રણ લોકડાઉન સુધીમાં નવસારી જિલ્લામાં ૮ કેસ નોંધાયા હતા. ૧૬મીમે એ કડોલીના યુવાનને કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી રજા અપાતા જિલ્લો 'કોરોનામુક્ત' બન્યો હતો, જોકે પુનઃ ૩ જ દિવસમાં ૧૯મી મેથી પુનઃ જિલ્લો કોરોનાયુક્ત બની ગયો છે. લોકડાઉન ૪.૦માં વધુ ૧૫ કેસ નોંધાતા જિલ્લાના અત્યારસુધીના કોરોના પોઝિટિવ કેસ ૨૩ થયા છે. નવસારી જિલ્લાનો છેલ્લો ૮મો કોરોના પોઝિટિવ કેસ કડોલી ગામમાં ૭મી મે એ બહાર આવ્યો હતો. સતત ૧૧ દિવસ નવો કેસ જિલ્લામાં આવ્યો ન હતો. ૧૨માં દિવસથી નવા કેસ પુનઃ નોંધાયા છે. લોકાડાઉન ૪.૦માં છૂટછાટને લઈને મુંબઈથી આવેલા લોકોના કોરોના પોઝિટિવ સામે આવી રહ્યા છે.

હાર્ટ, ટીબી, એચઆઈવીના દર્દીઓને ઘર બેઠા દવા પૂરી પાડવામાં આવશે

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈકાલે તા.૨૬ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રિકવરી રેટ ૭૦.૨ ટકા થયો છે. આજે ૩૧ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૯૪૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૬૫૯૪ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૬૧ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૫૦ લોકો છે. ૧૬૭૩ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૩૯ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો સ્વાસ્થ્યના નિદાન માટે જાય છે, તેથી તેની સંખ્યા વધારવામાં આવશે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. સ્લમ વિસ્તારના કેસોને જોતાં લોકોમાં વારંવાર હાથ ધોવાની ટેવ વિકસે તે માટે અત્યાર સુધી ૧૧,૦૦૦ સાબુનુ વિતરણ કરવામાં આવ્યું છે. ૫૨૮ ગંભીર બિમારી જેમ કે હાર્ટ, ટીબી અને એચઆઈવી ધરાવતા દર્દીઓને એક મહિનાની દવા ઘરે જઈને પુરી પાડવામાં આવી છે અને તેમનું કાઉન્સિલીગ કરવામાં આવી રહ્યું છે.

પાનની દુકાનો માટે આજથી એક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આજે ૧૮૮ પાનના ગલ્લાઓને દંડ કરવામાં આવ્યો છે, અને જો પાનના ગલ્લાઓ ૫૨ આવનારા દિવસોમાં બેદરકારી દાખવી સોશ્યલ ડિસ્ટન્સિગનો ભંગ કરવામાં આવશે તો તે દુકાનોને ફરજિયાતપણે બંધ કરાવવામાં આવશે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. સ્લમ વિસ્તારના કેસોને જોતાં લોકોમાં વારંવાર હાથ ધોવાની ટેવ વિકસે તે માટે અત્યાર સુધી ૧૧,૦૦૦ સાબુનુ વિતરણ કરવામાં આવ્યું છે. ૫૨૮ ગંભીર બિમારી જેમ કે હાર્ટ, ટીબી અને એચઆઈવી ધરાવતા દર્દીઓને એક મહિનાની દવા ઘરે જઈને પુરી પાડવામાં આવી છે અને તેમનું કાઉન્સિલીગ કરવામાં આવી રહ્યું છે.

પાનની દુકાનો માટે આજથી એક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આજે ૧૮૮ પાનના ગલ્લાઓને દંડ કરવામાં આવ્યો છે, અને જો પાનના ગલ્લાઓ ૫૨ આવનારા દિવસોમાં બેદરકારી દાખવી સોશ્યલ ડિસ્ટન્સિગનો ભંગ કરવામાં આવશે તો તે દુકાનોને ફરજિયાતપણે બંધ કરાવવામાં આવશે. ૫૫,૨૯,૦૦૦ કરતા વધુ રૂપિયાનો દંડ અત્યાર સુધી કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ૬,૫૨,૦૦૦ કરતા વધુ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના વતન મોકલવામાં આવ્યા હતા.

તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, સુરત શહેરના ૧૩૪૬ અને જિલ્લાના ૯૬ મળીને કુલ ૧૩૮૨ કેસો નોંધાયા છે.

તાપી જિલ્લા કલેક્ટર જુદા-જુદા બે કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાતે

જિલ્લા પોલીસ વડાએ પણ જાત નિરીક્ષણ કર્યું

વ્યારા

તાપી જિલ્લાકલેક્ટર શ્રી આર.જે.હાલાણી તથા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એ ન.એ ન.ચૌધરીએ જિલ્લાના સોનગઢ તથા ઉચ્છલ ખાતે "કોરોના" પોઝેટિવ કેસ સંદર્ભે જાહેર કરાયેલા કન્ટેઈનમેંટ ઝોન વિસ્તારની જાતમુલકત લઈ, ઉપયોગી સૂચનો કરી, જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

સોનગઢ નગરના મિસ્ત્રી ફળિયું તથા ઉચ્છલના હનુમાન ફળિયાની મુલાકાત વેળા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હર્ષદ પટેલ સહિતસોનગઢ અને ઉચ્છલના તાલુકા હેલ્થ ઓફિસરો, મામલતદરશ્રીઓ વિગેરે સાથે કન્ટેઈનમેંટ ઝોન બાબતે જરૂરી પરામર્શ કરી, પોઝેટિવ કેસોના કોંટેક્ટ ટ્રેસિંગ બાબતે જાણકારી મેળવી હતી. કન્ટેઈનમેંટ ઝોન વિસ્તારના લોકો માટે આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધતા સાથે હેલ્થ સ્ટાફ તથા આશા પાસે જરૂરી પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટની પણ આ ઉચ્ચાધિકારીઓએ ખાતરી કરી હતી.

દક્ષિણ-પશ્ચિમ દિશાથી પવન ફુંકાતા સુરતના તાપમાનમાં ઘટાડો થયો

હવાનું દબાણ વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના

સુરત

અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ આકાર લેતા તે આગામી ચાર-પાંચ દિવસ દરમિયાન વાવાઝોડામાં માં પરિવર્તિત થાય તેવી શક્યતા છે દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની અસહ્ય ગરમી અને બફારા માં રાહત અનુભવાઈ રહી છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. ગત રોજની સરખામણીમાં આજે સાંજ સુધી ગરમીનો પારો ત્રણથી ચાર ડિગ્રી તેવી પૂરી શક્યતા છે . સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૯.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૫ % અને હવાનું દબાણ ૧,૦૦૮.૩ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ-પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૧૧ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે સુસવાટાભેર પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઈ રહી છે. મે મહિના દરમિયાન તાપમાન નો પારો ઘટી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમી માં હંગામી રાહત નો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ ક્રમશઃ ગરમીમાં ઘટાડો નોંધાશે. આજે બુધવારે સુરત શહેર સહિત જિલ્લામાં ભારે પવન ફૂંકાતા અસહ્ય ઉકળાટ અને બફારા થી રાહત અનુભવાઈ રહી છે. આગામી આગામ ચાર પાંચ દિવસ દરમિયાન સંભવિત વાવાઝોડા ની અસર દક્ષિણ ગુજરાતમાં રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.



સુરતમાં હાલ કુલ ૭૫૦૦ થી વધુ ટીબીનાં દર્દી અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી તેમજ ખાનગી તબીબો દ્વારા સારવાર લઈ રહ્યા છે. કોરોના સંક્રમણમાં તેમની કો-મોર્બીડ સ્થીતીને ધ્યાને લઈ ટીમ એસ એમ સી દ્વારા એક આગવા પગલા તરીકે ટીબીનાં દર્દીઓના વિગતવાર કાઉન્સીલીંગના અભિયાનનો આરંભ સુરતના મેયર જગદીશ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો.

સોનગઢ સ્થિત પછાત વર્ગ કન્યા છાત્રાલયમાં એડમિશન મળશે

છાત્રાલયમાં પ્રવેશ માટે નિયત સમયમાં અરજી કરી દેવી

સુરત

ગુજરાત સરકારના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની ગ્રાન્ટ ઈન એઈડ શ્રી સતકર્મ ગ્રામ વિકાસ ટ્રસ્ટ સંચાલિત શ્રી પછાત વર્ગ કન્યા છાત્રાલય સોનગઢ, તાલુકો સિહોરમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ ૬ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને સરકારના નિયમ મુજબ રહેવા જમવાની મફત સુવિધા આપવામાં આવે છે. આ કન્યા છાત્રાલયમાં જૂન ૨૦૨૦થી શરૂ થતાં શૈક્ષણિક સત્રથી કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓએ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને પરિણામ પત્રક સાથે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. કન્યા છાત્રાલયમાં પ્રવેશ વહેલા તે પહેલાંના ધોરણે આપવામાં આવશે. પ્રવેશની વધુ માહિતી માટે સંચાલિકા પછાત વર્ગ કન્યા છાત્રાલય સોનગઢનો સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ શશીકાંત ડી. ભોજે અખબારી યાદી દ્વારા જણાવેલ છે.

પારડી કોંગ્રેસ સમિતિ દ્વારા ચાર મુદ્દાઓને લઈ મામલતદારને અપાયું આવેદનપત્ર

વલસાડ

જિલ્લાના પારડી તાલુકા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ મેહુલ વસીના અધ્યક્ષસ્થાને આવેદનપત્ર મામલતદારને આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં ચાર જેટલા મુદ્દાઓની માગ કરવામાં આવી હતી. આવેદનપત્રમાં ઉલ્લેખ કરાયેલ મુદ્દામાં સરકાર પાસે માગ કરાઈ છે કે, કોરોના લોકડાઉનમાં લોકોની મુશ્કેલી વધી છે. માર્ચથી જૂન માસ સુધીના લાઈટ બિલને માફ કરવામાં આવે, મધ્યમ વર્ગીય પરિવારના પાણી વેરા મિલકતવેરા માફ કરવામાં આવે,



નાના વેપારીઓના ધંધા રોજગાર વેરા માફ કરવામાં આવે, તેમજ સાથે-સાથે ખાનગી શાળાઓની પ્રથમ સત્રની ફીમાં પણ માફી આપવામાં આવે અને જો માફી ન આપવામાં આવે તો ફીની રકમ સહાય તરીકે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે.લોકડાઉનમા સૌથી વધારે મુશ્કેલીમાં મુકાયો હોય તો તે ખેડૂત છે અને બેક્રોમાં વિવિધ ધિરાણ લઈને ખેતરોમાં કામ કરતા ખેડૂતોની હાલત કફોડી છે, ત્યારે આવા ખેડૂતોને ધિરાણ પરત કરવાની મુદતમાં વધારો કરવામાં આવે

આ તમામ મુદ્દાઓ સાથે પારડી તાલુકા કોંગ્રેસ સમિતિએ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.મહત્વનું છે કે, લોકડાઉનના સમયમાં એક તરફ ધંધા-રોજગારને અસર પડી છે, ત્યારે સૌથી વધુ મુશ્કેલી મધ્યમ વર્ગીય પરિવારોને પડી રહી છે. આવા સમયમાં સરકારે આવા સામાન્યમાં સામાન્ય મુદ્દાઓને ધ્યાને લઈને તેમાં જો રાહત આપવામાં આવે તો મધ્યમ વર્ગીય પરિવારને ખૂબ રાહત મળે એમ છે.

સુરતમાં ૨૨ વર્ષના વિશાલની હત્યાનું કનેક્શન સા.આફ્રિકા નીકળતા પોલીસ પણ ચોંકી

સુરત

સુરતના ઉધના વિસ્તારમાં પોલીસના બાતમીદારની ચપ્પુના ત્રણથી ચાર ઘા ઝીંકી હત્યા કરી દેવાની ઘટનામાં દક્ષિણ આફ્રિકા કનેક્શન નીકળતા પોલીસ ચોંકી ઉઠી છે. દક્ષિણ આફ્રિકામાં બેઠા બેઠા બાતમીદારની સોપારી આપી હત્યા કરાવવામાં આવી હોવાનો ખુલાસો થયા બાદ પોલીસે સોપારી લેનાર કતારગામના ૧૭ વર્ષીય તરુણ સહિત સાત લોકોની ધરપકડ કરી છે. તેમજ વધુ તપાસ હાથ ધરી છે. સુરતના ઉધના સ્થિત પટેલ નગર વિસ્તારમાં શુક્રવારના રોજ વહેલી સવારે હત્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. પટેલ નગર નજીક શિવનગરમાં રહેતો અને રીક્ષા ચલાવતો તેમજ વિજીલન્સ અને ઉધના પોલીસના બાતમીદાર તરીકે કામ કરતો ૨૨ વર્ષીય વિશાલ ઉર્ફે બાબુ ગણપતભાઈ પવાર ગુરુવારે રાત્રે ૧ વાગ્યે પટેલનગર શૌચાલય સામે કમ્પાઉન્ડમાં રીક્ષામાં સૂઈ ગયો હતો.

રાત્રિ દરમિયાન કોઈકે તેની ગળાના ભાગે અને હાથના ભાગે ચપ્પુના ત્રણથી ચાર ઘા મારી મોતને ઘાત ઉતારી દેવાયો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં તરફડીયા મારતો વિશાલ રીક્ષાની બહાર આવ્યો હતો અને ઈલેક્ટ્રોનિક્સની દુકાનની બહાર તેણે દમ તોડી દીધો હતો. મળસ્કે પાંચ વાગ્યે તેની લાશ જોઈ કોઈકે પોલીસને જાણ કરતા ઉધના પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. વિશાલની હત્યા માથાભારે છાપ ધરાવતા લબરમૂછીયાઓ મોહંમદ સમીર, રોહિત અને અન્ય એક ઈસમે કરી હોવાની હકીકત પોલીસની તપાસમાં બહાર આવી હતી. બાતમીના આધારે તપાસ બાદ સાત આરોપીઓની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. તેમાં ખુલાસો થયો હતો કે, પટેલ નગરમાં રહેતા સલીમ અલી પટેલ અને તેના બે દીકરા એક માસ અગાઉ મારામારીના ગુનામાં જેલમાં ગયા હતા. મૃતક વિશાલ તેમની સાથે જ ફરતો હતો.

પરંતુ બાદમાં તે સલીમની સામેની પાર્ટી સાથે ફરવા માંડતા તેણે ગદ્દારી કરી છે તેમ કહી સલીમ પટેલના દક્ષિણ આફ્રિકામાં રહેતા પુત્ર મોહસીને વિશાલની હત્યાની સોપારી કતારગામ વિસ્તારમાં રહેતા અને અગાઉ હત્યા, હત્યાના પ્રયાસના ગુનામાં વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડ લોકડાઉનમાં સોળસુંબા ગ્રામ પંચાયત દ્વારા દુકાનોના લાયસન્સ રિન્યુની પ્રક્રિયા હાથ ધરાઈ



વલસાડ

જિલ્લામાં રેવન્યુ ગામ તરીકે મહત્વના ગામ ગણાતા ઉમરગામ તાલુકાના સોળસુંબા ગ્રામ પંચાયતે વેપારીઓને વેપારના લાયસન્સ મળી રહે, સરકારની આર્થિક પેકેજની જાહેરાતનો લાભ મેળવી શકે તે માટે તમામ નાના મોટા વેપારીઓને લાયસન્સ આપવાના અને રિન્યુ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ અંગે સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચે જણાવ્યું હતું કે, લાયસન્સ મેળવવા માટે દુકાનદારે અથવા જેમણે દુકાન ભાડે આપી છે તે દુકાન માલિકે દુકાનના વેપારની માહિતી, પ્રોફેશનલ ટેક્સની માહિતી, ગ્રામ પંચાયતમાં સુચના આપવામાં આવી છે. જે આધારે દુકાનદારના લાયસન્સ રિન્યુ કરવામાં આવી રહ્યા છે.

ગ્રામ પંચાયત દ્વારા પંચાયત વિસ્તારના ૨૦૦૦ જેટલા નાના મોટા વેપારીઓમાંથી અત્યાર સુધીમાં ૫૫૦ વેપારીઓને લાયસન્સ રિન્યુ કરી ઈસ્યુ કરી દીધા છે. બાકીના દુકાનદારોને પણ પ્રોત્સાહિત કરવા માટે તેમની દુકાન પર જઈ લાયસન્સ રિન્યુ કરવા જણાવી રહ્યા છે. સોળસુંબા ગ્રામ પંચાયતે હાલ લોકડાઉનના નિયમોમાં પણ વેપારીઓ સરકારની ગાઈડલાઈન મુજબ તમામ નિયમોનું પાલન કરે તે માટે અપીલ કરી હતી. જેની સામે વેપારીઓએ પણ લેખિતમાં નિયમોનું પાલન કરવાનું વચન આપ્યું છે. અને હાલ ગ્રામ પંચાયત વિસ્તારમાં આ નિયમનું પાલન થતું હોવાનું પણ સરપંચે જણાવ્યું હતું.

સુરતમાં ૩૧મી મેં પછી ફરી ધમધમી શકે છે કાપડ બજાર

સુરત

લોકડાઉનનો ચોથો તબક્કો તા.૩૧મીએ પૂરો થાય તે પછી શહેરની કાપડ માર્કેટ ખોલવા દેવાની તૈયારી થઈ રહી છે. રિંગરોડ કાપડ માર્કેટ વિસ્તારમાં વહીવટીતંત્ર દ્વારા આજે ટેક્સટાઈલ ઉદ્યોગના અગ્રણીઓ સાથે મુલાકાત લઈ પરિસ્થિતિનું અવલોકન કરવામાં આવ્યું હતું. જોકે શરતોને આધીન માર્કેટમાંની દુકાનો શરૂ કરવા દેવામાં આવશે એવું અત્યારે માનવામાં આવી રહ્યું છે. ટેક્ષટાઈલ ઉદ્યોગકારો એવું ઈચ્છી રહ્યા છે કે કાપડ માર્કેટ સૌથી પહેલાં ખોલવામાં આવે. કાપડ માર્કેટ શરૂ થશે તો ટેક્સટાઈલના બીજા સેગમેન્ટમાં કામકાજ શરૂ થશે. આથી આજે જ્યારે રીંગરોડ કાપડ માર્કેટ વિસ્તારની નિરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે ડાઈંગ પ્રોસેસિંગ એકમોના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં, એમ સૂત્રોએ જણાવ્યું હતું.



સૂત્રોએ વાતચીતમાં જણાવ્યું કે પ્રશાસન દ્વારા કેટલીક શરતોને આધીન માર્કેટ ખોલવા દેવાની છૂટ આપવામાં આવશે, એવું અત્યારે તો માનવામાં આવી રહ્યું છે. કાપડમાર્કેટની સાફ-સફાઈ, ડિસઈન્ફેકશન, સેનેટાઈઝ, સોશિયલ ડિસ્ટન્સીગ અને કન્ટેઈન્મેન્ટ ઝોનમાંથી સ્ટાફ કે માલિક નહીં આવી શકે એવી શરતોનું પાલન કરવાનો આગ્રહ પ્રશાસનનો છે. આમતો, રિંગ રોડની કાપડ માર્કેટ જ્યાં સુધી શરૂ નહીં થાય ત્યાં સુધી ટેક્સટાઈલ ઉદ્યોગની આખી ચેઈન પૂર્વવત્ થાય એમ નથી. કાપડ માર્કેટ વિસ્તારને ઝડપથી ખોલવામાં આવે એ ટેક્સટાઈલ ઉદ્યોગ માટે ખૂબ જ જરૂરી છે અને અમે પ્રશાસનને પણ વિનંતી કરીએ છીએ કે, જેમ બનેતેમ જલ્દી કાપડબજાર શરુ થાય તેવાં પગલાં લેવામાં આવે, એમ એક મિલ માલિકે વાતચીત દરમિયાન જણાવ્યું હતું. કાપડ માર્કેટની આજે પ્રશાસન દ્વારા મુલાકાત લેવામાં આવી.પણ, ત્રણ દિવસ પછી તા. ૨૯મીએ ફરી એકવાર માર્કેટ વિસ્તારનું નિરીક્ષણ એસએમસી ના અધિકારીઓ દ્વારા કરવામાં આવશે અને ત્યાર પછી જ આખરી નિર્ણય લેવાનાર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આગામી ચાર-પાંચ દિવસમાં સુરતમાં વાવાઝોડું ટકરાય તેવી સંભાવના



સુરત

વાવાઝોડું ફરી ગુજરાતના કાંઠા વિસ્તારોને ધમરોળે તેવી સ્થિતિ ઉભી થઈ છે. આગામી ચાર-પાંચ દિવસોમાં વાવાઝોડું સુરતમાં ટકરાય તેવી સંભાવના છે. અરબી સમુદ્રમાં બની રહેલી સાઈક્લોનિક સિસ્ટમને કારણે ૪ જુનની આસપાસ ટકરાય સુરતમાં વાવાઝોડું ટકરાય તેવી સંભાવના છે. સુરત જિલ્લાના અનેક વિસ્તારો વાવાઝોડું ટકરાશે. વાવાઝોડાને કારણે ભારે પવન પણ ફૂંકાઈ શકે છે. પવન સાથે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. કેરળની નજીક અરબ સાગરના તળથી ૫.૮ કિલોમીટર ઉપર સાઈક્લોનિક સરક્યુલેશન પેટર્ન બની રહી છે. આ સિસ્ટમ ૫ દિવસ બાદ ચક્રવાતમાં પરિવર્તિત થઈને ગુજરાતમાં પોરબંદર-સૌરાષ્ટ્રમાં આગમન કરશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

જો વાવાઝોડાની દિશા બદલાઈ તો સુરતમાં ૩ થી ૪ જૂનની વચ્ચે ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિથી ભારે પવન સાથે ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે ચક્રવાતને લઈને હજી કોઈ અધિકારિક જાહેરાત કરી નથી. ડિસેમ્બર ૨૦૧૭ના પહેલા સમાહમાં કેરળની નજીક એક લો પ્રેશર ડેલવપ થઈને ચક્રવાતમાં પરિવર્તિત થયું હતું. આ વાવાઝોડાને ઓખી નામ આપવામાં આવ્યું હતું. ઓખી વાવાઝોડાની ચેતવણીથી તંત્ર એલર્ટ થયું હતુ અને કાંઠા વિસ્તારના ગામડાઓની સાથે સાથે શહેરોના કાચા ઘરોમાં રહેનારાઓનુ સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

ઓખી વાવાઝોડું સુરતની નજીક સમુદ્રમાં સમાઈ ગયું હતું, જેનાથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. ગુજરાત તરફ વધી રહેલા ચક્રવાતનો સામનો કરવા માટે સુરત મહાનગરપાલિકાની ટીમે તૈયારી કરી લીધી છે. મંગળવારે આયોજિત મીટિંગમાં સુરતના મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીએ અધિકારીઓ સાથે તૈયારીઓનું પ્લાનિંગ કર્યું હતું. જોકે, શહેરમાં પ્રિમોન્સૂન કામગીરી પણ તેજીથી ચાલી રહી છે તેવુ તેઓએ જણાવ્યું. આ સાથે જ ગુજરાત તરફ અરબ સાગરમાંથી આવી રહેલ ચક્રવાતનો સામનો કરવા માટે પાલિકાની ટીમ પણ તૈયાર છે.

પાનની દુકાનો અને બાર્બર શોપને છૂટછાટ અંગે ફેર વિચારણા કરાશે

માસ્ક પહેરવા તથા સોશિયલ ડીસ્ટન્સનું પાલન કરવા તાકીદ

સુરત

ગતરોજ શહેરમાં કોરોના વાયરસના ૩૫ પોઝીટીવ કેસ મળેલ છે. જેમાં વરાછા-એ ઝોન ખાતે શેલેષ ગોવિંદભાઈ ભાંભા ૭૩, કમલા પાર્ક, વરાછા-એના રહેવાસીને કોરોના પોઝીટીવ આવેલ છે. તેમની હિસ્ટ્રી ચેક કરતા તેઓ પોતાના ઘરની નજીક બંસીધર પાનની દુકાને પાન-માવો લેવા જતા હોવાનું ધ્યાને આવેલ છે. આમ પાનની દુકાન મારફત તેઓ સંક્રમિત થયેલ હોવાનું જણાયેલ છે. જેથી શહેરનાં તમામ પાનનાં દુકાન ધારોકો તથા બાર્બર શોપ ધારકો સુપર સ્પેડર બની શકે છે તે ધ્યાને લઈ શહેરના તમામ પાનનાં દુકાન ધારકો પાન ટેક અવે વેચી શકશે. પાનની દુકાનો તથા બાર્બર શોપમાં સોશિયલ ડિસ્ટન્સીગ ફરજીયાત જાળવવાનું રહેશે. તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન (SOP)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે નહી તો પાનની દુકાનો અને બાર્બર શોપને આપવામાં આવેલ છુટછાટ બાબતે ફેરવિચારણા કરવામાં આવશે.

પાનની દુકાનોમાંથી પાન-માવા ખાયને જયા ત્યાં થૂંકવું નહી. અન્યથા અન્ય લોકોને ચેપ પ્રસરી શકે છે અને આગામી દિવસોમાં પાનનાં દુકાન ધારોકો તથા બાર્બર શોપ ધારકો સુપર સ્પેડર બની શકે છે તે ધ્યાને લઈ શહેરના તમામ પાનનાં દુકાન ધારકો પાન ટેક અવે વેચી શકશે. પાનની દુકાનો તથા બાર્બર શોપમાં સોશિયલ ડિસ્ટન્સીગ ફરજીયાત જાળવવાનું રહેશે. તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન (SOP)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે નહી તો પાનની દુકાનો અને બાર્બર શોપને આપવામાં આવેલ છુટછાટ બાબતે ફેરવિચારણા કરવામાં આવશે.

સુરતના કોટ વિસ્તારમાં વધુ છૂટછાટ આપો : ધારાસભ્ય અરવિંદ રાણા

કોરોના કન્ટેન્ટમેન્ટ એરિયામાં ૬૦ દિવસથી લોકો ઘરમાં કેદ : મુખ્યમંત્રીને રજૂઆત

સુરત

કોરોના વાયરસની મહામારી અંતર્ગત દેશમાં ૨૫મી માર્ચથી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારબાદ લોકડાઉન-૨, લોકડાઉન-૩ અને અંતે ૩૧મેના રોજ પુરૂ થતું લોકડાઉન ૪ જાહેર કરવામાં આવ્યું છે. ૬૦ દિવસ કરતાં વધુ સમયથી સુરત શહેરના સેન્ટ્રલ ઝોન ૧૦૦ ટકા લોકડાઉન હોવાથી હવે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. તેવી રજૂઆત સુરત પૂર્વ વિસ્તારના ધારાસભ્ય અરવિંદરાણાએ રાજયના મુખ્યમંત્રીને કરી છે.

રજૂઆતમાં જણાવ્યું હતું કે, હવે પ્રજા કોરોનાને બદલે કામધંધા અને રોજગાર વગર રસ્તે આવી જાય તેવી ભયાનક પરિસ્થિતિ છે. પ્રથમ લોકડાઉન શરૂ થયું ત્યારથી સુરત મહાનગરપાલિકા દ્વારા દરેક ઝોનમાં ભોજન-કીટ વગેરેની વ્યવસ્થા હતી. ચોથા લોકડાઉન અંતર્ગત તા.૧૯મી મેથી સુરત શહેરના અન્ય તમામ નોન કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં ધંધા, રોજગાર, રોજી રોટી માટે છૂટછાટ મળી છે. પરંતુ આખા સેન્ટ્રલ ઝોનમાં કોઈપણ પ્રકારની છૂટછાટ મળી હોવા છતાં સેન્ટ્રલ ઝોનમાં કામદારો, નોકરીયાતો, સીનિયર સિટીઝનોને આપવામાં આવતું ભોજન પણ તા.૧૯મી મે પછી સદંતર બંધ કરવામાં આવેલ છે. સુરત શહેરના અન્ય ઝોનમાં નોન કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં રોજગાર શરૂ થયા હોય સેન્ટ્રલ ઝોનના કન્ટેઈન્ટમેન્ટ એરિયામાં રહેતા લોકો નોન કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોવાથી નોકરી ધંધા પર જઈ શકતા નથી.

હાલમાં તા.૨૫-૫-૨૦૨૦ના રોજની સ્થતિએ સુરત શહેરમાં સેન્ટ્રલ ઝોનમાં પોઝિટિવ ૧૭૮ કેસો છે. જ્યારે એક્ટિવ સારવાર લઈ રહેલા ૩૫ દર્દીઓ જ છે. સુરતના સમગ્ર સેન્ટ્રલ ઝોનમાં ૧ લાખ કરતા વધુ ઘરો અને પાંચ લાખ કરતા વધુ વસ્તી લોકડાઉનમાં ઘરમાં જ ફસાયેલા છે. ત્યારે સતત ફેરફાર થતા ગાઈડલાઈનને ધ્યાનમાં લઈ સેન્ટ્રલ ઝોનમાં પણ કોરેન્ટાઈન એરિયામાં ફેરફાર કરવા જોગ છે. તેમાં મિનિમાઈઝ કરી જે વિસ્તારમાં એક્ટિવ પોઝિટિવ કેસો આવતા હોય તે શેરી, મહોલ્લા કે સોસાયટીની કોરોન્ટાઈન કરી બાકીના વિસ્તારને નોન કન્ટેન્ટમેન્ટ ઝોન ડિક્લેર કરી તેવા વિસ્તારના લોકોને આર્થિક પ્રવૃત્તિ માટેની તમામ છૂટછાટ સેન્ટ્રલ ઝોનમાં આપવા તેઓએ રજૂઆત કરી છે.

સુરતમાં નવા ૩૫ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૪૭૭ પર પહોંચ્યો, વધુ એકનું મોત અને ૨૦ રિકવર થયા

મૃત્યુઆંક ૬૬ અને રિકવરી આંક ૧૦૨૯ થયો : જિલ્લામાં વધુ એક કેસ સાથે આંક ૯૭ થયો

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૩૫ કેસ નોંધાતા શહેર જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૪૭૭ થઈ ગઈ છે. સવારે એક બાદ વધુ એકનું મોત થતા આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો મૃતાંક ૬૬ થઈ ગયો છે. શહેરમાંથી ૧૫ અને જિલ્લામાંથી ૫ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૧૦૨૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. દરમિયાન અમરોલી વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યા છે. જેથી તંત્ર દ્વારા આજે ૨૭૫૦ ઘર માં રહેતા ૧૧૧૦૫ લોકોને માસ ક્વોરન્ટીન કર્યા છે.

શહેરમાં કોરોનાએ વધુ એકનો ભોગ લીધો છે. કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા છે તે લિંબાયત ઝોનના હોટસ્પોટ માનદરવાજા ટેનામેન્ટમાં રહેતા ૫૫ વર્ષીય મહેશભાઈ બ્રીજલાલ રાણાને કોરોનાની સારવાર માટે ગત ૧૩મીની સવારે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયા હતા. ડાયાબિટીઝ તેમજ પ્રેશરની પણ સારવાર લઈ રહેલા મહેશભાઈનું આજે મોત નીપજ્યું હતું. અન્ય એક ૭૫ વર્ષીય મહિલા બદરૂન્નિસા મો. અબ્બાસ પઠાણનું પણ મોત થયું છે. જેમને બ્લડ પ્રેસર અને અસ્થમાની બીમારી હતી. બેના મોતની સાથે કોરોનાથી મૃત્યુઆંક વધીને ૬૬ થયો છે.

સુરત સિટીમાં વધુ ૩૪ કેસ અને જિલ્લામાં એક કેસ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કેસ હોટ સ્પોટ લિંબાયત ઝોનમાં ૧૦ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૬, વરાછા-એ ઝોનમાં ૩, રાંદેર ઝોનમાં ૧, કતારગામ ઝોનમાં ૯ અને ઉધના ઝોનમાં ૫ કેસ નોંધાયા છે.

લિંબાયત મઝદા પાર્ક ખાતે રહેતા અસલમ કાલેહ અન્સારી(૩૮) નાસ્તાની દુકાન ચલાવે છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. લિંબાયત મહાપ્રભુ નગર ખાતે રહેતા ફિરોઝ ફરમાન શેખ ટેલરિંગનું કામ કરે છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે લિંબાયત નિલગિરી સર્કલ,શિવાજી નગર ખાતે રહેતા મો.જાવેદ મન્સુરી (૩૭) કપડાની દુકાન ચલાવે છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જ્યારે લિંબાયત, બુધ્ધનગર સોસાયટી ખાતે રહેતા મો.માસૂદ શેખ (૬૨) મજુરાગેટ આઈટીઆઈના નિવૃત્ત શિક્ષક છે. તેમનો રિપોર્ટ પણ મંગળવારે પોઝિટિવ આવ્યો છે.

રામપુરા-રામબાગ ખાતે રહેતા નિરવ વિજયભાઈ કંથારીયા એસએમસીના રેકોર્ડ વિભાગમાં ફરજ બજાવે છે. કોરોનાના લક્ષણો જણાતા તેમના સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે રૂદરપુરા, પુરબિયા શેરી ખાતે રહેતા રીતેશચંદ્ર કાંતીલાલ (૪૫) નવસારી બજાર ખાતે આવેલી આવેલી ડીકેએમ હોસ્પિટલ-અર્બન હેલ્થ સેન્ટરના વોચમેન છે. મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવતી વખતે કોઈક દર્દીના સંપર્કમાં આવતા તેમને ચેપ લાગ્યો હોવાની શક્યતા વ્યકત કરાઈ રહી છે. આ ઉપરાંત અમરોલી ?શિક્ષાપત્રી હાઈટ્સમાં રહેતા અને પ્રોપર્ટી બ્રોકરનું કામ કરતા જાગૃત પટેલ (૩૬) કોરોનાથી સંક્રમિત થયા હતા.

બોમ્બે માર્કેટ સોનિયાનગર ખાતે રહેતા ગુલાબચંદ છોટેલાલ (૪૫) સરદાર માર્કેટમાં શાકભાજીનો વેપાર કરે છે. તેમને કોરોનાનાં લક્ષણો જણાતા સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ મંગળવારે પોઝિટિવ આવ્યો છે. ગોલવાડમાં ચાની લારી ચલાવતા રાજુ ઈશ્વર ચૌહાણ (૪૩)ને પણ શંકાસ્પદ લક્ષણો દેખાતા તેમના સેમ્પલ લેવાયા હતા. મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

રાજપારડી ખાતેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા હાલમાં કોરોના વાયરસ ની વૈશ્વિક માહામારી અંતર્ગત લોકડાઉન ૪ અમલી હોય અને જીલ્લામાં કાયદો અને વયવસ્થા ની પરીસ્થીતી જળવાઈ રહે અને દારૂ જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ તે અનુસંધાને એલ. સી. બી. ભરૂચ ની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન ભરૂચ એલ.સી.બીને મળેલ બાતમી આધારે રાજપારડી ગામમાં આવેલ શ્રીજી નગર સોસાયટી તથા નજીકમાં આવેલ નવી વસાહત માંથી આરોપી વિજયભાઈ અમરસંગ ઉર્ફે અબુભાઈ વસાવા તથા અમીતભાઈ વસાવા બન્ને રહે રાજપારડી તા ઝઘડીયા જી ભરૂચ નાઓના ઘરે પાર્ક કરેલ વાહનમાંથી તથા રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટ નો વિદેશી દારૂ નો જથ્થો સહીત કુલ મુદા માલ ૩,૮૧,૨૦૦/- પકડી પાડી વોંટેડ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતીમાન કરી આગળની કાર્યવાહી એલ.સી.બી દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

પકડાયેલ મુદ્દામાલ (૧) ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બીયર ટીન મળી કુલ બોટલ નંગ-૯૭૮ કિ રૂ ૧,૦૬,૨૦૦/- તથા ઈંડીકા ગાડી નં જ્ન-૧૬-ઢ-૦૦૯૦ કિ રૂ ૨,૫૦,૦૦૦/- તથા એકટીવા ગાડી નં GJ-16-BE-8270 કિ રૂ ૨૫,૦૦૦/- મળી કુલ કિ રૂ ૩,૮૧,૨૦૦/-

વલસાડ જિલ્લામાં કોરોનાના વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર દોડતું થયું

વલસાડ

જિલ્લામાં ગઈકાલે મોડી રાત્રે પેન્ડિંગ સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ વલસાડ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગે જણાવ્યું કે, આ પેન્ડિંગ સેમ્પલોમાંથી નવા ચાર જેટલા દર્દીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. વલસાડ જિલ્લામાં વધુ ચાર કેસ કોરોના પોઝિટિવ, કુલ આંકડો ૨૮ પર પહોંચ્યોઆમ વલસાડ જિલ્લાનો આંકડો ૨૮ પર પહોંચ્યો છે. પોઝિટિવ આવેલા દર્દીઓમાં વલસાડ શહેરના હાલર વિસ્તારમાં આવેલા દિવ્યમ એપાર્ટમેન્ટમાં રહેતી એક ૭ વર્ષીય બાળકીનો કોરોના પોઝિટિવ આવ્યો છે.

જ્યારે અતુલ કોલોનીમાં હીલસાઈડમાં રહેતી ૫૫ વર્ષીય મહિલાનું પણ કોરોના પોઝિટિવ રિપોર્ટઆવ્યો છે.તો બીજી તરફ પારડીના સ્વાધ્યાય મંડળ પોલીસ સ્ટેશન નજીકમાં રહેતા પુરુષનો પોઝિટિવ કેસ નોંધાયો છે. તો સાથે સાથે ઉમરગામના



ગાંધી વાડી વિસ્તારમાં એક ૨૬ વર્ષીય મહિલાને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. આ તમામ સ્થળો અને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ફેરવવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. મોડીરાત્રે જિલ્લા પોલીસ અધિક્ષક સુનિલ જોષીએ આ તમામ સ્થળોએ સ્વયં મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું.આ તમામ સ્થળો અને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મુકવા માટેના જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા હતા.

મોડી રાત્રે હાલર વિસ્તારમાં આવેલી દિવ્યમ એપાર્ટમેન્ટ અને અતુલ કોલોનીમાં આવેલા હીલસાઈડ વિસ્તારને હાલ પૂરતો બંધ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં ૩,૪૧૯ સેમ્પલ લેવામાં આવ્યા જેમાંથી ૩,૩૫૯ સેમ્પલ નેગેટિવ આવ્યા છે. જયારે ૨૬ જેટલાં સેમ્પલોનું પરિણામ આવવાનું બાકી છે. ત્યારે અત્યાર સુધીમાં કુલ ૨૮ જેટલા દર્દીઓનો પોઝિટિવ કેસ નોંધાયો છે. તો નવ જેટલા દર્દીઓ સાજા થઈ જતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

સુરતના કતારગામમાં બબાલ કરનારાઓને રોકનારાઓને મળી ધમકી, નોંધાઈ ફરિયાદ



સુરત

કતારગામમાં વેડ રોડ પર વિજયનગર-૨માં મકાન ખાલી કરનારા ભાડુઆત સાથે સોસાયટીના ત્રણેક જણા બબાલ કરતા હતા. બીજા લોકોએ તેમને બબાલ કરતા રોક્યા તો વહેલી સવારે સોસાયટીમાં મોપેડને નુકસાન કરીને ધમકી આપી હતી. સમગ્ર તોડફોના દ્રશ્યો સીસીટીવીમાં કેદ થઈ ગયા છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વેડ રોડ પર વિજયનગર-૨ માં સોમવારે એક ભાડુઆત મકાન ખાલી કરતો હતો. ત્યારે સોસાયટીમાં રહેતો મુન્નો,ગીલ્લી અને અન્ય એક અજાણ્યો ઈસમ ભાડુઆત સાથે કારણ વગર બબાલ કરતા હતા. ત્યારે ઉમેશ સોલંકી અને બીજા લોકોએ તેમને છુટા પાડ્યા હતા.તેની અદાવત રાખીને મંગળવારે વહેલી સવારે સોસાયટીમાં મુન્નો અને ગીલ્લી તલવાર અને છુરો લઈને આવ્યા અને સોસાયટીના રહિશોને ગાળ આપવા લાગ્યા હતા. સોસાયટીમાં રહેતા જયંતી રાવલની મોપેડને નીચે પાડી તલવારથી ઘા કરીને નુકસાન પહોંચાડ્યું હતું. તેમજ તલવારથી મારી નાખવાની ધમકી આપી હતી. તે સમયે કોઈએ પોલીસ કંટ્રોલ રૂમને માહિતી આપી હતી. પોલીસ આવતા મુન્નો અને ગીલ્લી અને તેમનો સાગરીત નાસી ગયા હતા. ઉમેશ સોલંકીએ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પાંડેસરાથી ઓડિશા જવા નીકળેલા ૩૨ વર્ષીય શ્રમિકનું સારવાર દરમિયાન મોત

સુરત

કોરોના વાઈરસના વધતા કહેરથી લદાયેલા લોકડાઉનમાં શ્રમિકોને વતન જવા માટે સ્પેશિયલ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રમિક સ્પેશિયલ ટ્રેનમાં ઓડિશાના ગંજામ જવા નીકળેલા યુવકને પાંડેસરામાં તડકો લાગી ગયો કે અન્ય કારણોસર ચક્કર આવતાં પડી ગયા બાદ સારવાર માટે સ્મિમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ૩૨ વર્ષીય શ્રમિકના મોતના પગલે પરિવારના ભરણપોષણ માટે સરકાર પાસે આર્થિક સહાય માંગવામાં આવી છે. નરેશ (મૃતકના મામા)એ જણાવ્યું હતું કે, મૃતક શિલુ જેના(ઉ.વ.આ.૩૨) પટેલનગર ઉધના પોલીસ ચોકી પાસે રહેતો હતો. તેના લગ્ન થઈ ગયા હતાં પરંતુ સંતાન નથી. શિલુ જેના તેના પરિવારના સભ્યો સાથે વતન જવા માટે મંગળવારે બપોરે પાંડેસરા બસની રાહમાં ઉભો હતો.



ખાધા પીધા વગર જગ્યા ન મળતાં ઉભો રહ્યા બાદ તેને ચક્કર આવી ગયાં હોય તેમ પડી ગયો હતો. જેથી તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. જ્યાં તેને રાત્રિના મૃત જાહેર કરવામાં આવ્યો હતો. સરકાર પરિવારને મદદ કરે- સંસ્થાઆજીવિકા બ્યુરો સુરતના સહયોગથી ચાલતી પ્રવાસી શ્રમિક સુરક્ષા મંચના શરદ ઝગડેએ જણાવ્યું હતું કે, શ્રમિકને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો જ્યાં તેનું રાત્રિના મોત થયું છે. તેઓ પરિવારના પાંચ છ સભ્યો સાથે ટ્રેનની ટિકિટ મળી હોવાથી વતન ગંજામ જવા નીકળ્યાં હતાં.ઉધનાની આદર્શ સોસાયટીમાં આવેલા લુમ્સના કારખાનામાં શિલુ પ્રફુલ્લ જેના કામ કરતો હતો.

હવે તેના પરિવારમાં શિલુની પત્ની સાગરી છે. તેમના જીવન ગુજારણ માટે સરકાર મદદ કરે તેવી માંગ કરવામાં આવી છે. મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે, મૃતક શિલુની અંતિમવિધિ સુરતમાં જ કરવામાં આવશે. પરિવારના સભ્યો વતન જવા નીકળ્યા પરંતુ શિલુના મોતને લઈને તેઓ જઈ શક્યા નથી જેથી તેઓએ મૃતદેહને માદરે વતન લઈ જવાની જગ્યાએ કર્મભૂમિ સુરતમાં જ અંતિમવિધિ કરવાનું નક્કી કર્યું હોવાનું વધુમાં ઉમેર્યું હતું.

વલસાડમાં રેલવે પોલીસ કોન્સ્ટેબલ સામે મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી

વલસાડ

બીલીમોરા આઉટ પોસ્ટ ઉપર કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા આશિષ બાબુ ગરાસિયા જે એક યુવતી સાથે ૩ વર્ષથી પ્રેમ સંબંધમાં સાથે રહેતા હતા. બાદમાં તેના સંબંધમાં વિપક્ષ પડતા તેમને બંનેએ છુટા પડવાનું નક્કી કર્યું. જ્યારે તા. ૧૮ ડિસેમબરના રોજ તેમને લખાણ કરી પોતાની મરજીથી છુટા પડ્યા હતા. જો કે, તે સમયે આશિષ દ્વારા યુવતીને ભરણ પોષણ પેટે ૫ લાખ રૂપિયા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે મુજબ તા. ૧૮ ડિસેમ્બરના રોજ ૧ લાખ રૂપિયા અને ૨૮ જાન્યુઆરી ના રોજ ૪ લાખ આપવામાં આવ્યા હતા. પરંતુ ભોગ બનનાર યુવતીને આશિષ ગરાસિયાએ ફરીથી



બીલીમોરા રેલવે સ્ટેશન ઉપર મળવા બોલાવી લગ્નની લાલચ આપી ફરીથી આઉટ પોસ્ટની પાછળના ભાગે દુષ્કર્મ આચર્યું હતું.

જે અંગે યુવતીએ જી. આર. પી બીલીમોરાના કોન્સ્ટેબલ આશિષ ગરાસિયા વિરુદ્ધ વલસાડ પોલીસ મથકે પોલિસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે કોન્સ્ટેબલ સામે દુષ્કર્મની કલમ નોંધીને આગળની તપાસ પી.આઈ નિરંજન કરી રહ્યાં છે.નોંધનીય છે કે,બંને અગાઉ લિવ ઈન રિલેશનશિપમાં સતત ૩ વર્ષ જોડે રહ્યાં હોવાનો ઉલ્લેખ કર્યા બાદ છુટા પડ્યા હતા. તેમજ ફરીથી કોન્સ્ટેબલએ દુષ્કૃત્ય આચરતા પોલીસ બેડાંમાં ચકચાર મચી ગઈ છે. હાલ કોન્સ્ટેબલ ફરાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

ચોથા તબક્કાના લોકડાઉનમાં ઘણી છૂટછાટ અપાતા વધુ કેસ નોંધાયા

ચોથા તબક્કાનું લોકડાઉન ચાર દિવસ બાદ પૂર્ણ થશે

સુરત

કોરોના મહામારીને કારણે સુરત સહિત ભારતભરમાં ચોથા લોકડાઉનનો અમલ ચાલુ છે. ચોથા લોકડાઉનમાં કેટલાક નિયમોને આધિન ખાસ્સી છૂટછાટ આપવામાં આવી છે. ચોથા કલોકડાઉન આડે ગણતરીના ચાર દિવસ બાકી રહ્યા છે. એટલે કે ચોથા લોકડાઉનની મુદત તા.૩૧મીએ પૂર્ણ થાય છે.

લોકડાઉન લંબાવવામાં આવશે કે પછી સંપૂર્ણ ઉઠાવી લેવામાં આવશે ? એ અંગે સરકારમાં હાલ કોઈ ચર્ચા નથી. પરંતુ સુરત શહેરના અમુક વિસ્તારો આજે પણ રેડ ઝોનમાં છે જ્યાં કોઈ છૂટછાટ આપવામાં આવી નથી. સુરતના કતારગામ, લીંબાયત, ઉધના ઝોન વિસ્તારોમાં આજે પણ કોરોના વાયરસ પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા છે. આ વિસ્તારમાં આજે પણ લોકડાઉનનું પાલન કરાવવામાં આવી રહ્યું છે. જોકે, બાકીના વિસ્તારો રાબેતા મુજબ ધમધમતા થઈ ગયા છે.

કતારગામમાં જુગાર રમતા છ કારખાનેદારોની ધરપકડ

સુરત

કતારગામ જૂની જીઆઈડીસીમાં એક કારખાનામાં જુગાર રમતાં કારખાનેદારો સહિત છ જણાંની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે છ મોટર સાઈકલ સહિત રૂા.૧,૪૨,૦૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કતારગામ વિસ્તારમાં કોરોના વાયરસની મહામારી વકરી રહી છે તેવા સમયે કતારગામ રણછોડ પાર્કમાં રહેતા અને કતારગામ જૂની જીઆઈડીસીમાં કારખાનું ધરાવતા શૈલેષ કાનજી સુરાણીએ જુગારની ક્લબ ધમધમતી કરી હતી. કતારગામ પોલીસે બાતમીના આધારે દરોડા પાડી જુગાર રમતા શૈલેષ સુરાણી,રાજેન્દ્ર ઉર્ફે રાજુ દેવશી સુરાણી, રાજેશ ધનજી લુખી, નરેશ દેવશી સુરાણી, લાભુ છગન લુખી, મિલન લાભુ લુખીની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂા.૨૩૫૬૦, છ મોટર સાઈકલ, છ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા અન્વયે કાર્યવાહી કરવામાં આવી હતી.

હેર કટીંગ સલુન, સ્પા સેન્ટર અને પાનના ગલ્લા બંધ કરાવી દેવાયા

સોશિયલ ડિસ્ટન્સ નહીં જળવાતા મહાનગરપાલિકાનો સપાટો

સુરત

ચોથા તબક્કાના લોકડાઉનમાં વ્યાપક છૂટછાટ જાહેર કરાતા કોરોના વાયરસ પ્રત્યે બેદરકારી દાખવતા લોકોના કારણે સોશિયલ ડીસ્ટન્સ નહીં જળવાતા સુરત મહાનગરપાલિકા દ્વારા આજે કોરોના સુપર પ્રેડર ગણાતા પાનની દુકાનો, ચાની લારીઓ, હેરકટિંગ સલૂનો તથા સ્પા સેન્ટરોને આજે સ્થળ તપાસ બાદ તાકીદની અસરથી બંધ કરાવી દેવાયા હતા. લોકડાઉનમાં ચોક્કસ શરતોને આધિન સરકાર દ્વારા વ્યાપક છૂટછાટ અપાતા કોરોના વાયરસની ગંભીરતા વિસરી લોકો સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમો નહીં પાળતા પાનના ગલ્લા, સ્પા સેન્ટર, હેરકટિંગ સલૂનો અને ચાની લારીઓ આજે સુરત મહાનગરપાલિકા દ્વારા બંધ કરાવી દેવામાં આવી હતી. આજે સવારે અઠવા ઝોનમાં સ્થળ તપાસ બાદ મહાનગરપાલિકાના અધિકારીઓએ નિયમનો ભંગ કરનાર દુકાનોને તાકીદની અસરથી બંધ કરાવી દીધી હતી અને બપોરે વરાછા, કતારગામ અને ઉધના ઝોનમાં પણ સુપર સ્પેડર ગણાતી દુકાનો બંધ કરી દેવામાં આવીહોવાનું જાણવા મળે છે. જ્યારે ચોક્કસપણે નિયમોનું ચુસ્ત પાલન કરનાર દુકાનોને ખુલ્લી રાખવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા વારંવાર ચેતવણી આપવા છતાં દુકાનદારોએ નિયમો નહીં પાળતા આજે સુરત મહાનગરપાલિકાએ સપાટો બોલાવી દીધો હતો.

નર્મદા જિલ્લાના કેવડીયા ગામે ફેન્સીંગની કામગીરી હાથ ધરવામાં આવતા પોલીસ અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણ



પોલીસ સાથે થયેલા ઘર્ષણ માં કેવડીયા ગામની મહિલા શારદાબેન તડવીની તબિયત લથડતા રાજપીપળા સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાયા

ઘર્ષણ ટાણે સોશિયલ ડિસ્ટન્સીન્ગ ના ધજાગરા ઉડતા જોવા મળ્યા,પોલીસે કેટલાક લોકોની અટકાયત પણ કરી હતી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના કેવડીયા ગામ ખાતે આજે સરદાર સરોવર નર્મદા નિગમ તથા નાયબ કલેકટર અને વહીવટદાર કચેરીના અધિકારી ઓ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે ફેન્સીંગ ની કામગીરી હાથ ધરવામાં આવી હતી આ કામગીરીનો ગામ લોકોએ વિરોધ કરતા કે આ કામગીરી દરમિયાન પોલીસ તથા ગામ લોકો વચ્ચે શાબ્દિક બોલાચાલી બાદ ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટીઆસપાસ પ્રવાસન વિકાસ માટે સરકારે આદિવાસીઓની સંપાદન કરેલી જમીન પર નર્મદા નિગમ તરફ થી સર્વે અને ફેન્સીન્ગ કામગીરી શરૂ થતા ઘર્ષણ થયું હતું. નર્મદા ડેમ વિસ્તાર ના અસરગ્રસ્તો ના ચૌદ ગામ ના લોકો નો સરકાર સામે વિરોધ લાંબા સમય થી ચાલી રહ્યો છે ત્યારે સંપાદિત જમીનો અને બિન સંપાદિત જમીન ઉપર પણ ફેન્સીન્ગ કામગીરી થતી હોય ગ્રામજનો તેનો વિરોધ કરી રહ્યા છે ઉપરાંત લોકડાઉન માં ફેન્સીન્ગ ની મંજૂરી કોના હુકમ થી થાય છે તેની પણ આદિવાસીઓ માંગણી કરી રહ્યા છે.નિગમ ના અધિકારી ઓ મોટા પોલીસ કાફલા સાથે ગામ માં પહોંચી જાય છે અને ઘર્ષણ થાય છે ત્યારે સવાલ એ છે કે હાલ લોકડાઉન માં આરોગ્ય સુવિધા પર ધ્યાન આપવાને બદલે સરકાર ને ફેન્સીન્ગ કામ ની કેમ ઉતાવળ છે.? અને આ ઘર્ષણ માં સોશ્યિલ ડિસ્ટન્સીન્ગ ના પણ ધજાગરા ઉડતા નજરે પડ્યા ત્યારે લોકો પાસે લોકડાઉન ના કાયદાનું પાલન કરાવવા સરકાર કેટલાક નિયમો લાગુ કરે છે પરંતુ આવા સમયે કેમ કાયદાનું પાલન જળવાતું નથી..? ઘણા સમય થી ચાલી રહેલી આ માથાકૂટ નો અંત ક્યારે આવશે અને સરકાર આદિવાસી ઓ સાથે વાટાઘાટ ક્યારે કરી આ સમસ્યા નો ઉકેલ લાવશે તે જોવું રહ્યું.હાલ જાણવા મળ્યા મુજબ આ ઘર્ષણ આ બબાલ માં કેટલીક વિરોધ કરતી મહિલાઓ ને પોલીસ ડિટેન કરી જીતનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે લઈ ગઈ હતી જેમાં શારદાબેન તડવી નામની મહિલા ની તબિયત અચાનક લથડતા તેમને હાલ રાજપીપળા સિવિલ માં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

આદિવાસીઓ ની માંગણીઓ માટે સરકાર તેમની સાથે વાટાઘાટ કેમ નથી કરતી ? એ પણ એક સવાલ લોકોમાં સંભળાઈ રહ્યો છે.હાલ તો સરકાર અને આદિવાસીઓ વચ્ચે ચાલતા આ ઘર્ષણ નો અંત કયારે આવશે તે જોવું રહ્યુ.

દેડીયાપાડા CPI સાથે રકઝક કરનાર BTP કાર્યકર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ



પોલીસ ના માણસો હજાર-હજાર રૂપિયા ઉઘરાવે છે તેવા આક્ષેપો સાથે ના વાયરલ વિડીયો પ્રકરણ મા નવો વળાંક આવ્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

તા.૨૫ મેં ના રોજ દેડીયાપાડા પોલીસ ના માણસો રમઝાન ઈદ તથા કોરોના ગાઈડલાઈન ના અમલ બાબતે વાહનો ચેકીગ અને પેટ્રોલિંગ મા હતાં.પોલીસ ના માણસો મોઝદા રોડ ઉપર કાચો માલ લઈ ને ડેડીયાપાડા ના બજાર મા વેચવા આવતાં તેમને રોકી ને યેનકેન પ્રકારે નાણાં પડાવી રહ્યાં હોવાની કોઈકે ફરીયાદ કરતાં BTP ના કાર્યકર ચૈતરભાઈ દામજીભાઈ વસાવા અને અન્ય એક સાથી કાર્યકર ને લોકો એ ફરીયાદ કરતાં તેઓ ડેડીયાપાડા CPI ચૌધરી પાસે આ બાબત ની ફરિયાદ કરવા પહોંચ્યા હતા અને આ બાબત નો વિડીયો બનાવ્યો, વિડીયો મા બતાવ્યા મુજબ BTP ના કાર્યકરો CPI ચૌધરી ને એ બાબત ની ફરિયાદ કરી રહ્યાં હતાં કે પોલીસ ના માણસો અવર જવર કરતા લોકો ને અટકાવી ને હજાર-હજાર રુપિયા ઉઘરાવી રહ્યા છે આમ ખોટી રીતે લોકો ને રંજાડવાનુ બંધ કરો તેમ જણાવ્યું હતું.ત્યાર બાદ CPI ચૌધરી ત્યાંથી રવાના થઈ ગયાં હતાં.

હવે આ વિવાદ મા નવો વળાંક આવ્યો છે અને BTP કાર્યકર અને અન્ય એક સામેપ પોલીસ ના કામ મા અડચણ ઉભી કરવાના આરોપો સાથે ગુનો દાખલ કર્યો છે. જેમાં બનાવ ની વિગતો પ્રમાણે તા.૨૫ મેં ના રોજ સી.પી. આઈ પી.પી. ચૌધરી ઈદ તેમજ કોરોના મહામારી સંદર્ભે બંદોબસ્ત ના કામે હતા તે દરમિયાન એક ટેમ્પો ઈંટો ભરી ને મહારાષ્ટ્ર ખાતે જતો હતો, તેને અટકાવી ને જરુરી કાગળો માંગતા ઉપલબ્ધ ન હોય તેને ડીટેન કરી પોલીસ સ્ટેશને જમા લીધેલ તે દરમિયાન BTP કાર્યકર ચૈતરભાઈ દામજીભાઈ અને અબ્બાસ નાસીર પંજવાણી ઈંટ ભટ્ટા ના માલીકે મોઢાં ઉપર માસ્ક ધારણ કર્યા વગર ઘરની બાહર નિકળી આવી પોલીસ ઉપર વાહન ચાલકો પાસે થી પૈસા કેમ ઉઘરાવો અને હેરાન કરો છો તેવા આક્ષેપો કરી વિડીયો ઉતારી વાયરલ કરી પોલીસ વિરુદ્ધ મા પ્રજા ને ઉશ્કેરવાનો પ્રયાસ કરી સુલેહ શાંતિ જોખમ મા મુકાયેલી તે રીત નુ ઉશ્કેરણી જનક ઉચ્ચારણો કરી ગુનો કરવામા એક બિજા ની મદદ કરતાં સી.પી.આઈ પી.પી ચૌધરી એ આ બન્ને સામે ડેડીયાપાડા પોલીસ સ્ટેશન મા પોતેજ ફરિયાદી બની ફરિયાદ આપી છે. ગુનાની વધુ તપાસ પો.સ.ઈ એ.આર.ડામોર ચલાવી રહ્યા છે.

આમ પોલીસ ના માણસો નિર્દોષ વાહન ચાલકો પાસે થી પૈસા ઉઘરાવી રહ્યા છે તેવા આક્ષેપો સાથે ના વાયરલ વિડીયો પ્રકરણ બાદ હવે એક નવો વણાંક આવવા પામ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ વિસ્તારોમાં કોરોના મહામારી માટે શરૂ કરાયેલો ધનવન્તરી રથ ફાયદાકારક

પરિણામલક્ષી કામગીરી માટે જાણીતા ડૉ.રાજીવકુમાર ગુપ્તા ના માર્ગદર્શન હેઠળ સફળ કામગીરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

અમદાવાદ મ્યુનિસિપલ વિસ્તારોમાં કોરોના મહામારીને નાથવા માટે સરકારે અમદાવાદ ના વકરતા જતા કોરોના ને કાબુમાં લેવા માટે અધિક મુખ્ય સચિવ ડૉ.રાજીવકુમાર ગુપ્તા કે જેઓ પરિણામલક્ષી કામગીરી માટે જાણીતા છે તેમના માર્ગદર્શન હેઠળ અમદાવાદ મ્યુનસિપલ કમિશ્નર મુકેશ કુમાર દ્વારા આ આખું આયોજન કરવામાં આવ્યું જેથી ધનવન્તરી રથ 'શરૂ કર્યો જેમાં ડોકટર, પેરામેડીકલ સ્ટાફ. ફાર્માસીસ્ટ ની સેવાઓ ઉપલબ્ધ હોય તે પુરી પાડવામાં આવેલ છે.ધનવન્તરી રથને આયોજન બધ્ધ રીતે પ્રથમ તબકકે અમદાવાદ શહેરના ૧૪ કન્ટેઈન્ટમેન્ટ વોર્ડમાં પ્રથમ તબકકે મુકવામાં આવેલ.



પ્રથમ તબકકામાં ૫૦ ધનવન્તરી રથ દ્વારા પ્રત્યેક સ્થળે બે કલાક એમ એક રથ દ્વારા રોજના ચાર સ્થળ કવર કરી કુલ ૨૦૦ વિવિધ લોકેશન પર સેવા ઓ આપવાનું શરૂ કર્યું. આ રથનો લાભ લોકો વિશાળ સંખ્યામાં લઈ રહેલ છે. ક્રમશઃ ધનવન્તરી રથની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો અને હાલ ૮૪ ધનવન્તરી રથ કુલ ૩૩૨ જગ્યાએ પોતાની સેવાઓ અમદાવાદ મ્યુનિ સિપલ વિસ્તારમાં આપી રહેલ છે.ધનવન્તરી રથ મારફતે તેની મુલાકાત વખતે તમામ દર્દીઓનું ટેમ્પરેચર પણ માપવામાં આવે છે અને હીસ્ટ્રી લઈ ૪૦ વર્ષથી ઉપરના તમામ દર્દીઓના બ્લડ સુગર પણ લેવામાં આવે છે.જેથી ડાયાબીટીસના દર્દીઓની સત્વરે સારવાર કરી 'કોમોર્બીડ-કેસ થતા અટકાવી દેવામાં આવે છે.ધનવન્તરી રથની મુલાકાતે આવનાર મુલાકાતીમાં જરૂર જણાય તો ઓકસીમીટર×નો ઉપયોગ કરી ઓકસીજન પણ માપવામાં આવે છે.આ રથ ઉપરથી પ્રત્યેક દર્દીને જરૂરીયાત મુજબ એલોપેથી દવાઓ જેવી કે પેરાસીટામોલ, સેટ્રીજીન, એજીથોમાયસીન જેવી દવાઓ ઉપરાંત આયુષ હેઠળની દવાઓ સંશમની વટી, હોમીયોપેથીક દવાઓ દરેક દર્દીને આપી તેમની રોગ પ્રતિ કારક શક્તિ વધારવા આવે છે તથા તા.૧૭-૫-૨૦ના સરેરાશ પેશન્ટની સામે અંદાજે ૧૦ ટકા કેસ તાવના અને અંદાજે ૩૨ ટકા કેસ શરદી અને કફ સાથેના તથા અંદાજે ૯.૬ ટકા સીવીયર રેસપીરેટરી ટ્રેક ઈન્ડેશનના કેસ આવતા હતા જેમાં ધનવન્તરી રથની સતત સાતત્યપૂર્ણ દવાઓ અને સારવાર ના પરીણામે તાવના કેસમાં ૨ ટકા જેટલો ઘટાડો થયેલ છે. તથા શરદી અને કફના કેસમાં ૧૬ ટકા જેટલા દર્દીઓનો ઘટાડો થયેલ છે.જયારે સીવીયર રેસપીરેટરી ટ્રેક ઈન્વેશનની ફરીયાદ ધરાવતા પેશન્ટના પ્રમાણમાં ખૂબ મોટો ઘટાડો થતાં હવે નહીવત જેટલું પ્રમાણ રહેલ છે. ધનવન્તરી રથ મારફતને અત્યાર સુધીમાં સરેરાશ ૭૪ હજારથી પણ વધુ લોકોએ લાભ લીધો છે.જેના પરીણામે છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદ સીવીલ હોસ્પિટલ અને એસ.વી.પી. હોસ્પિટલમાં કોરોના ઓ.પી.ડી.માં દર્દીઓનો ઘટાડો જોવા મળેલ છે.

નર્મદાના ધારીખેડા સુગર પાસે સગીરાને ધમકી આપી ગર્ભવતી બનાવનાર યુવાન સામે બળાત્કારનો ગુનો નોંધાયો



મહારાષ્ટ્રથી મજૂરી કામે આવેલા યુવાને ૧૬ વર્ષની બાળકી ને મારી નાખવાની ધમકી આપી બદકામ કર્યા બાદ એ ગર્ભવતી બનતા ફરિયાદ દાખલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકા માં આવેલી ધારીખેડા સુગર ફેક્ટરી પાસે રહેતા મહારાષ્ટ્ર ના મજૂરી કામ કરતા લોકો પૈકી એક સગીર વય ની બાળા ને ધમકી આપી બળાત્કાર કરી ગર્ભવતી બનાવી હોવાની યુવાન વિરુદ્ધ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહારાષ્ટ્ર તરફ ના કેટલાક મજૂરો ધારીખેડા સુગર પાસે રહેતા હોય એ પૈકી ગત નવેમ્બર ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ દરમિયાન એક સગીર વયની ૧૬ વર્ષની બાળા પણ ત્યાં રહેતી હતી જેને ત્યાંજ મજૂરો સાથે રહેતા જીતુ નામના એક યુવાને એક વખત બાળા ને મારી નાંખવાની ધમકી આપી શરીર સંબંધ બાંધ્યો ત્યાર બાદ બીજી બખત પણ આ બાળા ના ભાઈ ને મારી નાખવાની ધમકી આપી ફરી બળાત્કાર કરતા તબીબી તપાસ માં સગીર બાળા ગર્ભવતી હોવાની વાત સામે આવતા હવસખોર જીતુ જેના પુરા નામની ખબર નથી તેના વિરુદ્ધ ફરિયાદ થતા આમલેથા પોલીસે બળાત્કાર, ધમકી અને પોસ્કો સહિત ની કલમો સાથે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

નવસારી માટે આજે સૌથી અઘરો દિવસ

કોરોનાના ૫ કેસ આજે નોંધાતા આંકડો ૨૩ પર પહોંચ્યો

નવસારી

કોરોના પોતાની પકડ નવસારીમાં ધીમે ધીમે વધારી રહ્યો છે. નવસારીમાં કોરોનાના આજે વધુ ૫ કેસો સામે આવતા કોરોનાગ્રસ્તોનો કુલ આંક ૨૩ થવા પામ્યો છે.

નવસારીમાં આજે નોંધાયેલા પાંચ પૈકીનો એક કેસ એક કેસ નવસારીના ઈંટાળવા ખાતે રહેતા હેમંત સુર્યવંશીનો રીપોર્ટ પોઝીટીવ આવતા ચકચાર મચી જવા પામી છે. આમ નવસારીમાં કોરોનાના કેસ દિવસે દિવસે વધી રહ્યા છે.

ઝઘડીયા તાલુકાના ભાલોદ ગામે ગંગા દશાહરા પર્વની ઉજવણી મોકૂફ રખાઈ

નિમેષ ગોસ્વામી
ઝઘડીયા

ઝઘડીયા તાલુકાના ભાલોદ ગામેમાં નર્મદા નદી તટે પારંપરીક રીતે જેઠ સુદ એકમથી જેઠ સુદ દસમ સુધી દસ દિવસ ગંગાદશાહરા પર્વની રંગેચંગે ઉજવણી કરાય છે. ગંગાદશાહરા ના પાવન પર્વમાં ભાલોદ ગામે બે દિવસના ધાર્મિક કાર્યક્રમો આયોજન કરવામાં આવે છે,જેમા ભાલોદ ગામે નર્મદા નદી કિનારા ના તટે સંધ્યા સમયે નર્મદા પૂજન - સમૂહમાં મહાઆરતીમાં ભાગ



લેવા માટે ભાલોદ ગામ તેમજ દુરના શહેરમાં વસતા લોકો મોટી સંખ્યામાં ભાલોદ ગામે આવતા હોઈ ગામ શ્રધ્ધાળુઓથી છલકાય જાયછે નર્મદા નદી કિનારે શ્રધ્ધાળુઓ શ્રધ્ધા સાથે દુધ શ્રીફળ ચુંદડી અર્પણ કરી ધન્યતા અનુભવે છે ગંગાદશાહરા મહોત્સવ ભાલોદ મુકામે આગામી ૩૦-૫ -૩૧-૫-૨૦૨૦ ના રોજ યોજાનાર હતો પરંતુ હાલની કોરોના વાયરસ ની પરિસ્થીતીને ધ્યાને લઈ ચાલુ વર્ષે ગંગાદશાહરા ની ઊજવણીનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે.

રાજપારડી નગરમાં પાનપડીકી તમાકુના કાળાબજાર કરતા નવ વેપારી પર કાર્યવાહી

જિલ્લા તોલમાપ વિભાગ દ્વારા રાજપારડી નગરમા કાળાબજારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી

નિમેષ ગોસ્વામી
ઝઘડીયા

ઝઘડીયા તાલુકાના રાજપારડી નગરમાં પાન પડીકી અને તમાકુ જન્ય વસ્તુઓના નિયત કરતા વધુ ભાવ લેવાતા હોવાની વાતો લોકો દ્વારા અનેક આક્ષેપો સામે આવતા તેના પર મીડિયા ના માધ્યમ દ્વારા પ્રકાશ પાડવામાં આવતા ૧૮, આવ્યો હતો.દરમિયાન જિલ્લા તોલમાપ વિભાગ દ્વારા આજે રાજપારડી



નગરમાં અચાનક રેઇડ કરાતા નવ વેપારીઓ વધુ ભાવ લેતા ઝડપાયા હતા. ઉપરાંત એક વેપારીનો તોલવાનો કાંટો પ્રમાણિત કરાવેલ ન જણાતા આ દસ વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.જે અંતર્ગત કુલ ૧૮,૫૦૦/-રૂ.દંડ વસુલાયો હતો. ઉલ્લેખનીય છે કે ઝગડીયા તાલુકાના રાજપારડી નગરમાં લોકડાઉન દરમિયાન લોકોની મજબુરીનો ગેરલાભ લઈને કાળા બજારીયા મેદાનમાં આવી ગયા હોવાથી વધુ ભાવ લેતા મોટા વેપારીઓ સામે છટકા ગોઠવીને તેમની સામે પણ કડક કાર્યવાહી કરાય તો ઘણી ગેરરીતિઓ બહાર આવવાની સંભાવનાઓ જણાયછે. તંત્ર દ્વારા વધુ કડકાઈથી કાળાબજાર કરતા મોટા નફાખોરોને ઝડપવા કવાયત હાથ ધરાય એવી લોકલાગણી પુરા પંથક મા જોવા મળી રહી છે.